શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૦મું
ડિસેમ્બર - ૨૦૧૭ ● અંક : ૬
પાના નં.-૧ ● (કુલ પેજ : ૫૬)

૧૫ ડિસેમ્બર, ૨૦૧૭ ❧ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૨-૨૦૧૭ ❧ કિંમત : રૂા. ૧૮/-


શ્રી જીવરાજ મહેતા


શ્રી બળવંતરાય મહેતા


શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ


શ્રી ઘનશ્યામભાઈ ઓઝા


શ્રી ચીમનભાઈ પટેલ


શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ


શ્રી માધવસિંહ સોલંકી


શ્રી અમરસિંહ ચૌધરી


શ્રી છબીલદાસ મહેતા


શ્રી કેશુભાઈ પટેલ


શ્રી સુરેશચંદ્ર મહેતા


શ્રી શંકરસિંહ વાઘેલા


શ્રી દિલીપભાઈ પરીખ


શ્રી નરેન્દ્રભાઈ મોદી


શ્રીમતી આનંદીબેન પટેલ


શ્રી વિજયભાઈ રૂપાણી

## ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓ.....

૨૦૧૭
?

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road, C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦
- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી


SILICON®
ZERO MAINTENANCE LAMINATE
RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905
Ramjibhai Patel
Ratanshibhai Patel
PATIDAR
PATIDAR PACKERS PVT. LTD.
Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.
Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta
Vikas Infrastructure
Land Developers & Investors
804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.
(M) : 93741 31715, 94288 26997
Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004
પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ
jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...
મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower, Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City, B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૨ ● અંક - ૬
૧૫ ડિસેમ્બર, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

**તંત્રી લેખ**
- સામાજિક સંસ્થાઓના કાર્યક્ષેત્રમાં બદલાવ જરૂરી છે .......... **અશોક મહેતા**....૪

**સાંપ્રત**
- બુલેટ ટ્રેઈન : સિક્કાની બીજી બાજુ (૩)
  જર્જરીત રેલવે તંત્રનો કાયાકલ્પ પહેલાં કે બુલેટ ટ્રેઈન પહેલાં? .......... **પ્રવીણચંદ્ર શાહ**....૬
- રજનું ગજ, વાતનું વતેસર ઉર્ફે પદ્માવતી ફિલ્મનું ફૂલેકું! .......... **ધન રામપરીઆ**....૮

**ઇતિહાસ**
- શ્રી સુરેશચંદ્ર મહેતા – મુખ્યમંત્રી પદે પહોંચ્યા ત્યારની રાજકીય ગતિવિધિ ...**પ્રવીણચંદ્ર શાહ**....૧૨

**પરિવર્તન**
- ફોકિઆ, કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી અને કચ્છ .......... **નિમેષ ફડકે**....૧૬

**કચ્છ**
- કર્મશીલો માટે દીવાદાંડી
  ભુજની સંસ્થા : સહજાનંદ રુરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ...... **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર, ડૉ. નાનક ભટ્ટ**....૨૧
- પર્યટન ક્ષેત્રે કચ્છનું સ્થળ ધીણોધર .......... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૫
- કચ્છની તવારીખ : ઐતિહાસિક પશ્ચાદભૂ-૧ .......... **સંપાદક : પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી**....૨૬

**વિચાર મંચ**
- માળખાકીય શોષણ .......... **મુરજી ગડા**....૨૮

**અતીતમાં નજર**
- અતીતની અટારીએથી – ૮ .......... **ભરત ભટ્ટ**....૨૯

**સ્વાસ્થ્ય**
- ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર (ઓ.સી.ડી.) .......... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૨
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**વ્યક્તિ વિશેષ**
- કચ્છમાં તેરા ગામના વતની અને અમદાવાદમાં ફરજ બજાવતા
  એડિશનલ ડી.સી.પી. પન્નાબેન મોમાયા .......... **મહેશ શાહ**....૩૫

**પથિક**
- દૃષ્ટાંત કથાકાર... ઓશો! .......... **પાર્થ દવે - પત્રકાર**....૩૭

**ઓજસ**
- મૈં તો કવિ બન ગયા! .......... **મણિલાલ ડી. રૂધાણી**....૩૯
- વધામણા .......... **તરલાબા આર. ચૌહાણ**....૪૦

**વાર્તા**
- વાતવાતમાં : ચૂંટણીનો ચકરાવો - ૨૦૧૭... .......... **બલવીરસિંહ જાડેજા**.....૪૧

**વિવિધતા**
- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૪૩
- શબ્દ શોધ : ક્રમાંક - ૬૭ .......... **પ્રદીપ જોશી**....૪૫
- હાસ્ય-મજાક સાથે જ્ઞાનવૃદ્ધિ : શબ્દોની સંતાકૂકડી – (૧) .......... **ભાવના એ. ઝવેરી**....૪૬
- પ્રતિભાવ .......... ૪૭

**મેઘ ધનુષ**
- ખબર છે તમને? ● વિનાશની વાત : **હંસરાજ કંસારા** .......... ૨૨
- ચુંટણી બોમ્બ!! : **કૃષ્ણ દવે** .......... ૪૭
- યાદ કરો તોય શું? ન કરો તોય શું? **'આરસી' શાહ** ● કચ્છજી કમાલ : **કમલાબેન અશ્વિન ચંદન**....૪૮

## વિભાગ-૨ :-

- પરિવાર સમાચાર .......... ૫૧
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .......... ૫૪

તંત્રીલેખ

# સામાજિક સંસ્થાઓના કાર્યક્ષેત્રમાં બદલાવ જરૂરી છે



અશોક મહેતા

આ દુનિયાના સર્જનહારે મનુષ્યને અનેક ખૂબીઓ ભેટ સ્વરૂપે આપેલ છે. તેમાંની એક ખૂબી એટલે પરોપકારી સ્વભાવ.

એક સાદો દૃષ્ટાંત લઈએ. કોઈ એક મનુષ્ય રસ્તા ઉપરથી પસાર થાય છે. અન્ય મનુષ્ય આવીને અમુક સ્થળ ક્યાં આવ્યું તે પૂછે છે. પ્રથમ વ્યક્તિ તરત જ તેને યોગ્ય દિશઆ તરફ આંગળી ચીંધશે. મનુષ્યના પરોપકારી સ્વભાવની આ દેન છે.

વ્યક્તિ જ્યારે પોતાની આજીવિકા માટે સેટ થયેલ હોય અને બે પાંદડે સુખી થયેલ હોય ત્યારે તે શાંતિથી સંતુષ્ટ થઈને બેસી નહીં રહે. તે આજુબાજુ નજર દોડાવશે અને સેવા ભાવનાથી કોઈને કોઈ પરોપકારના કામે લાગી જશે. તે સેવા-ભાવનાની કોઈ સંસ્થા સાથે જોડાઈ જશે અથવા તો કોઈને કોઈ પ્રકારના પરોપકારના કામ કરી સંતોષ મેળવશે.

અગાઉના સમયમાં ગામડે ગામડે આવી સેવાભાવી સંસ્થાઓ અસ્તિત્વ ધરાવતી હતી. આ સંસ્થા મહાજન તરીકે પણ ઓળખાતી. ગામડાંની આ સંસ્થાઓ પાંજરાપોળ, ચબુતરા, કૂવા, તળાવ, હોજ, ધોબીઘાટ, ધર્મશાળા, સેનેટોરિયમ, લાઈબ્રેરી વગેરે બંધાવતી અને પછી તેને વ્યવસ્થિત ચલાવતી હતી. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ બંધાવી ગામના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે અથવા બહુ જ નજીવી ફીના ધોરણે અભ્યાસ પણ કરાવતી હતી. આ બધા જ પ્રકારની પ્રવૃત્તિઓ માત્ર ને માત્ર સેવાભાવનાથી જ કરવામાં આવતી.

આજે સમાજમાં પરિવર્તન આવ્યું છે. મોટાભાગના લોકોએ પોતાની આજીવિકા માટે ગામ છોડી શહેરમાં વસવાટ સ્વીકારેલ છે. શહેરમાં આવી, આર્થિક ઉપાર્જનની પરિસ્થિતિમાં સેટ થયા પછી તે પોતાના મૂળ પરોપકારી સ્વભાવ મુજબ સેવાના કાર્યો તરફ નજર ફેલાવે છે. એક જ સમાજના ભાઈઓ ભેગા થઈ પોતાના ઘટક સમાજની સંસ્થા સ્થાપે છે. શહેરમાં જ્ઞાતિ પરિવારો અલગ અલગ સ્થળે રહેતા હોવાથી આ બધા જ પરિવારોને એક તાંતણે બાંધી રાખવા, તે તેઓનું મુખ્ય કાર્ય બની રહે છે. તેથી દર વર્ષે મેળાવડા યોજવા, ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવું, સરસ્વતી સન્માનના કાર્યક્રમો ગોઠવવા, શક્ય હોય તો જ્ઞાતિનું મુખપત્ર બહાર પાડવું વગેરે પ્રકારના કાર્યો મુખ્યત્વે કરવામાં આવે છે. ત્યારબાદના સ્ટેજમાં સમાજનું ભવન ઊભું કરી તેમાં અતિથિ ભવન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કે લગ્નો માટે હોલ, વિદ્યાર્થી હોસ્ટેલ, મેડિકલને લગતી પ્રવૃત્તિઓ વગેરે પ્રકારના કાર્યો હાથ પર લેવામાં આવે છે. દરેક ઘટક સમાજ સેવાની ભાવનાથી વરાયેલો હોવાથી મુખ્યત્વે સેવાની પ્રવૃત્તિઓ હાથ પર લેવામાં આવે છે.

આપણે વિગતે વિચારીએ તો આ પ્રકારની બધી જ પ્રવૃત્તિઓ માત્ર અને માત્ર સેવાની પ્રવૃત્તિઓ થઈ. આ પ્રવૃત્તિઓથી સમાજના પરિવારોમાં સુગમતા ઊભી થઈ શકે પરંતુ આ પરિવારોનું જીવનધોરણ ઊંચું ન આવી શકે. સમાજના પરિવારોનું જીવનધોરણ આર્થિક અને માનસિક રીતે ઉર્ધ્વ સ્વરૂપે આ પ્રકારની પ્રવૃત્તિઓથી ના લઈ જઈ શકાય. તેથી આ દિશામાં વિચારણા કરી સામાજિક સંસ્થાઓએ સામાજિક કાર્યોમાં થોડો બદલાવ લાવવો ખૂબ જ જરૂરી બની રહે છે.

માની લો કે કોઈ એક સમાજ પોતાના નેજા હેઠળ એક એન્જિનિયરિંગ કૉલેજ સ્થાપે છે (અગાઉના જમાનામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સ્થપાતી હતી). આ કૉલેજમાંથી દર વર્ષે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના

એન્જિનિયરિંગના તજજ્ઞો બની બહાર પડે છે અને ત્યારબાદની પોતાની જિંદગીમાં આ એન્જિનિયરો સારી રીતે સેટ થાય છે. આજીવિકા પણ સારી એવી મેળવી શકે છે. એન્જિનિયર બનેલ આ તજજ્ઞોમાંથી કેટલાક વધુ અભ્યાસ અર્થે વિદેશ જાય છે અને ત્યાં ભણીને ઉચ્ચ ડિગ્રી મેળવી હોવાના કારણે વધુ સારી આજીવિકા મેળવી શકે છે. પોતાનું માનસિક લેવલ પણ સારું એવું સુધારી શકે છે. પોતાના પરિવારને પણ સંતુષ્ટ રાખી શકે છે. આ રીતે તેટલા પરિવારના પ્રમાણમાં સમાજ ઉર્ધ્વગતિ તરફ પ્રયાણ કરે છે. આ જ પ્રકારની પરિસ્થિતિ અન્ય પ્રકારના ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે પણ ઉદ્ભવી શકે.

આપણે સરખામણી કરીએ કે એક સમાજ પોતાનું સંપૂર્ણ લક્ષ અતિથિ ભવન, સાંસ્કૃતિક કેન્દ્ર વગેરે ઊભા કરી તેમાં સંપૂર્ણપણે કાર્યરત રહે છે અને બીજો સમાજ એન્જિનિયરિંગ, મેડિકલ કે એ પ્રકારના અભ્યાસક્રમની ઉચ્ચ ડિગ્રીધારી કૉલેજ સ્થાપી દર વર્ષે ઉત્તમ પ્રકારના ટેકનોક્રેટ્સ સમાજને ભેટ આપતો રહે છે. તો સ્વાભાવિકપણે બીજા પ્રકારના સમાજનું કાર્ય ભારતીય સમાજને ઉન્નત બનાવવાનું વિશેષ નોંધપાત્ર બની રહે છે.

આ ઉચ્ચ પ્રકારના શિક્ષણની વાત થઈ કે જે કાર્ય કદાચ બધા સમાજો ના આદરી શકે પરંતુ દરેક સમાજ કૌશલ્યવર્ધન કેન્દ્રો સ્થાપી સમાજને અનેક પ્રકારના સ્કીલ્ડ વર્કરો તો સહેલાઈથી આપી શકે. ફિટર, વેલ્ડર, ટર્નર, ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, કોમ્પ્યુટર ઑપરેટર, સીલાઈ, ભરત ગૂંથણ, હેન્ડીક્રાફ્ટ વગેરે પ્રકારના તજજ્ઞો કે જેની સમાજને ખૂબ જ જરૂરિયાત છે. તેવા તજજ્ઞો પેદા કરવામાં તો દરેક સમાજ જરૂર સહાયભૂત થઈ શકે. લગભગ ૬૦૦થી ૭૦૦ પ્રકારના અલગ અલગ વિભાગના સ્કીલ્ડ વર્કરો, કૌશલ્યવર્ધન કેન્દ્રો સ્થાપી સમાજને ભેટ સ્વરૂપે આપી શકાય. આ સ્કીલ્ડ વર્કરો પણ સારી એવી આજીવિકા મેળવી, પોતાના પરિવારને પગભર બનાવી નિશ્ચિત સ્વરૂપે પ્રગતિ સાધી શકે. આ રીતે એક સ્વસ્થ સમાજ બનાવવા તરફ પગરણ માંડી શકાય.

એ વિચારણા કરવાનો સમય આવી ગયો છે કે સામાજિક સંસ્થાઓએ સેવાની પ્રવૃત્તિઓની સાથે સાથે સોસાયટીની જરૂરિયાત અનુસારના અભ્યાસ ક્ષેત્રે દાખલ થઈ, જે તે શાખાના તજજ્ઞો બહાર પાડી સમાજને ઉન્નતિ તરફ લઈ જવા પોતાનું યોગદાન આપે.

આજે શિક્ષણનું પ્રાઈવેટાઈઝેશન થવા માંડ્યું છે. ડૉક્ટર કે અન્ય પ્રકારના તજજ્ઞ બનવા ૨૫-૫૦ લાખ કે કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરવો પડે છે. જે અભ્યાસક્રમની ફી સરકારી કૉલેજમાં વર્ષે રૂા. ૬,૦૦૦/- કે તેની આસપાસની કોઈ રકમ હોય, એ જ અભ્યાસક્રમ માટે પ્રાઈવેટ સેક્ટરની કૉલેજમાં રૂા. ૨૦ લાખ જેટલી રકમ ચૂકવવી પડે છે. આ પ્રકારની હાલે પરિસ્થિતિ હોવા છતાં આજની પરિસ્થિતિમાં સરકારશ્રીનો અભિગમ પ્રાઈવેટાઈઝેશન તરફ વિશેષ રહેવા પામેલ છે. શિક્ષણક્ષેત્રનું પણ વ્યાપારીકરણ થઈ રહેલ છે.

આ પરિસ્થિતિમાં મહાજનોની કે સામાજિક સંસ્થાઓની એ ફરજ થઈ પડે છે કે આ પ્રકારના શિક્ષણ કેન્દ્રો વધુ ને વધુ પ્રમાણમાં સ્થાપી, વિદ્યાર્થી પાસેથી માત્ર પોતાના ખર્ચ પૂરતી ફી લઈ, વધુને વધુ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ પામે તેવા પ્રયાસો આદરે તો સમગ્ર સમાજનું જીવનધોરણ ઉચ્ચતા તરફ પ્રયાણ કરી શકે. સાથે સાથે વિવિધ પ્રકારના કૌશલ્યવર્ધન કેન્દ્રોની સ્થાપના કરી સમાજના આર્થિક રીતે નબળા વર્ગનું જીવન ધોરણ પણ સ્વસ્થ બનાવી શકે. અગર આ પ્રકારના કાર્યો સામાજિક સંસ્થાઓ હાથ પર લઈ શકે તો આવતા ૨૫-૫૦ વર્ષોમાં ભારત ખૂબ જ સારી પ્રગતિ પામી શકે.

ત્યારબાદની પ્રક્રિયામાં રિસર્ચ સેન્ટરો, પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, અવકાશ વિજ્ઞાન વગેરે આવે છે કે જેની ચર્ચા ફરી કોઈ યોગ્ય સમયે કરીશું.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

સાંપ્રત

# બુલેટ ટ્રેઇન : સિક્કાની બીજી બાજુ (૩)
# જર્જરીત રેલવે તંત્રનો કાયાકલ્પ પહેલાં કે બુલેટ ટ્રેઇન પહેલાં?



પ્રવીણચંદ્ર શાહ

૧૯૪૭માં આપણા દેશનું વહીવટી તંત્ર આપણા પોતાના જ હાથમાં આવ્યા પછીના લાંબા સાત દાયકા, ૭૦ વર્ષો દરમ્યાન જો કોઈ પણ વિભાગો તરફ વધુમાં વધુ દુર્લક્ષ અને સાવકું વલણ બધી સરકારો દ્વારા બતાવાયું હોય તો રેલવે અને શિક્ષણ ખાતાઓ છે. આ બંને વિભાગો અત્યંત મહત્ત્વના છે. રેલવે તંત્ર સાથે દેશના લાખ્ખો - કરોડો નાગરિકોને રોજેરોજનો સંબંધ રહે છે. શિક્ષણ વ્યવસ્થા સાથે લાખ્ખો - કરોડો વિદ્યાર્થીઓના પૂરાં ભવિષ્ય સાથે સંબંધ રહે છે. શિક્ષણ અધ:પતનની વાત ફરી કોઈ વખતે કરીશું. આ લેખનો મુખ્ય વિષય રેલવેની પારાવાર દુર્દશાનો છે. સપ્ટેમ્બરની ૨૯મી તારીખે મુંબઈના એલ્ફિન્સ્ટન રોડ સ્ટેશનના ફૂટ ઓવર બ્રિજ પર બેકાબુ ધસારાની દુર્ઘટના બની અને તેનો કરુણ ભોગ ૨૩ જેટલા નિર્દોષ પેસેન્જરો બન્યા ત્યારથી તો આખાય દેશના રેલવે યાત્રીઓનું ધ્યાન અને પ્રકોપ, સરકાર અને રેલવે તંત્ર તરફ મંડાયા છે.

**મુંબઈના પરાઓને એકબીજા સાથે જોડતી સબર્બન રેલવેના મંડાણ ઇ.સ. ૧૮૫૩માં થાણાથી બોરીબંદર વચ્ચેની ટ્રેનથી થયેલા.** પછીથી આ લાઈન સેન્ટ્રલ રેલવે લાઈન તરીકે જાણીતી થઈ. **પશ્ચિમ (વેસ્ટર્ન) રેલવે લાઇનનો પ્રારંભ ૧૮૬૭માં થયેલો. એ લાઇન વિરારથી મુંબઈના બેક-બે (જે હવે કોલાબા નામે વધુ ઓળખાય છે) સુધીની હતી.** એ પછીના દાયકામાં નાના-મોટા ઘણા સુધારા-વધારા થતા રહ્યા પણ તે બધા બ્રિટીશરોની હકુમત હેઠળ જ રહ્યા. ૧૮૯૨માં બાંદ્રા અને બેક-બે વચ્ચેની (જે હમણાંના મરીન લાઈન્સ અને ચર્ચગેટ સ્ટેશનોની વચ્ચે હતું) પહેલી લોકલ ફાસ્ટ ટ્રેન બની. આ પછી બ્રિટીશ વહીવટ હેઠળ સુધારા વધારા થતા ગયા. **આઝાદી પછીના ૭૦ વર્ષો દરમ્યાન આપણી પોતાની સરકારોએ કોઈ નોંધપાત્ર નવી લાઈનો નાખી નથી.** કર્યા છે તે રૂટીનની લાઈનોમાં થોડા થોડા એક્સ્ટેન્શન – વધારા જ માત્ર કર્યા છે. **આજે કુલ ત્રણ મુખ્ય લાઇનો (કોરીડોર્સ) વેસ્ટર્ન રેલવે, સેન્ટ્રલ રેલવે અને હાર્બર લાઇનોના ૩૭૬ કિ.મી.ના પાટા છે. જેના પર દોડતી ટ્રેનોની સંખ્યા ૨૯૦૫ છે. કુલ સ્ટેશનો ૧૩૬ છે અને દરરોજ એક દિવસે ૮૫ લાખ પેસેન્જરો પરાની રેલવેનો ઉપયોગ કરે છે.**

આપણા દેશમાં મુંબઈ - અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેઈન નાખવા અને તે પણ એક લાખ દસ હજાર કરોડ રૂપિયાની લાગતથી નાખવા બી.જે.પી.ની કેન્દ્ર સરકાર અને વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી, શંકર ભગવાનના તાંડવ નૃત્યથી પણ વધારે ઉમંગ - ઉત્સાહી થનગનાટ પ્રદર્શિત કરી રહ્યા છે. ત્યારે દેશના આપણા જેવા સરેરાશ નાગરિકોના મનમાં પ્રશ્નો જાગે છે કે પહેલી પ્રાથમિકતા, પ્રાયોરિટી, કોને અપાવી જોઈએ? – અત્યારની ટ્રેનોની અને પેસેન્જરોની ભયંકર દુર્દશા, હાલાકી, ભીંસાભીંસ અને મોત નોતરતી ગેરવ્યવસ્થાને પહેલાં સુધારવી જોઈએ કે અબજોના આંધણવાળી બુલેટ ટ્રેન નાંખવી જોઈએ?

**મુંબઈના ૧૩૬ સ્ટેશનોવાળી ત્રણ લાઇનો – વેસ્ટર્ન, સેન્ટ્રલ અને હાર્બર લાઇનો પર પ્રત્યેક દિવસે ૯ પેસેન્જરો એક્સિડેન્ટથી મોતને ઘાટ ઉતરે છે.** ૨૦૧૦થી ૨૦૧૪ વચ્ચે આખાય દેશની જે જે સબર્બન લાઇનો છે, તેના પર ૩૩૪૪૫ (તેંત્રીસ હજાર ચારસો પીસ્તાળીસ) પેસેન્જરો મોતને ઘાટ ઉતર્યા છે. આમાં મુંબઈના પરાઓ વચ્ચેની સબર્બન લાઇનો પર નીપજેલાં મોતની સંખ્યા ૧૭,૬૩૮ (સત્તર હજાર છસ્સો આડત્રીસની) છે. આ બાબતને ટકાવારીમાં ગણવી હોય તો ૨૦૧૦-૨૦૧૪ વચ્ચે આખાય દેશની સબર્બન લાઇનો પર પોતાના જીવ ખોઇ બેઠેલા મુંબઇના પેસેન્જરોની સંખ્યા ૫૨.૭૪% છે. આ આંકડા પેસેન્જરોની સલામતી માટે શું દર્શાવે છે? એ જ કે સ્વતંત્રતા પછીના ૭૦ વર્ષો પછી પણ આપણી સરકારો ટ્રેન વ્યવહારનો ઉપયોગ કરતા પેસેન્જરોની સહીસલામતી આણી શકી નથી. માત્ર જાનની સલામતી જ નહીં, પણ પેસેન્જરોની જરૂરિયાતના પ્રમાણમાં ટ્રેન - પ્રવાસની સુવિધા ગોઠવવામાં પણ સરકાર નિષ્ફળ રહી છે. વારંવાર આપણે સાંભળતા રહ્યા છીએ કે ફલાણું શહેર સીંગાપુર જેવું બનાવાશે યા હોંગકોંગ જેવું બનાવાશે યા યુરોપ કે અમેરિકાના શહેરો જેવું બનાવાશે. પણ સરકાર માઇ-બાપને સમય, સમજણ કે ઇચ્છા નથી કે વિદેશોની સરખામણીએ આજે આપણે કેટલી જંગલી દશામાં ટ્રેન મુસાફરી કરીએ છીએ!

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) એ ટ્રેનની સરેરાશ સવલત માટેના આંકો

નક્કી કરેલા છે. પ્રત્યેક ૧ ચોરસ મીટરની જગ્યામાં પાંચ (૫) પેસેન્જર જો મુસાફરી કરતા હોય તો તેને સહન (ટોલરેબલ) કરી શકાય તેવું ગણવામાં આવ્યું છે. જો એટલી જ જગ્યા, એટલે કે ૧ ચોરસ મીટરમાં ૮ (આઠ) પેસેન્જર હોય તો તેવી સ્થિતિને બિન-સ્વીકારપાત્ર (અન એક્સેપ્ટેબલ) ગણાઈ છે. જો એટલી જ જગ્યા (૧ ચોરસ મીટર)માં ૧૦ પેસેન્જર હોય તો તેને (અંગ્રેજીમાં : સુપર ડેન્સ ક્રશ લોડ) એટલે કે અત્યંત ભીંસાભીંસવાળી ગણવામાં આવી છે. ત્યારે બુલેટ ટ્રેનની ખાત મુહૂર્ત વિધિ કરનાર વહાલા પ્રાઈમ મિનિસ્ટર મોદી સાહેબ! મુંબઈ પરાઓની સબર્બન ટ્રેઈનોમાં મુસાફરી કરનારાઓ ૧ ચોરસ મીટરની જગ્યામાં ૧૬ (સોળ) જણ શ્વાસ માંડ-માંડ લેવાય તે રીતે મુસાફરી નછુટકે કરી રહ્યા છે. સરેરાશ દરરોજ મુસાફરી કરનાર સબર્બન ટ્રેનના ૬૮% પેસેન્જરોએ ઊભા ઊભા જ મુસાફરી કરવી પડે છે. થાણે, ડોંબીવલી, કુરલા, દાદર, અંધેરી અને કલ્યાણ વચ્ચેની ટ્રેનો સતત ઠસોઠસ ભરાયેલી જ રહે છે તેમ ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (TISS) દ્વારા કરાયેલા શોધ પત્ર (રિપોર્ટ)માં જણાવાયેલું છે. બૃહદ્ મુંબઈની ૬.૫ લાખ (સાડા છ લાખ) મહિલાઓ સર્વિસ કરે છે, પણ એમના માટે અનિવાર્ય ટોઇલેટોની પૂરી સગવડ નથી. પરાની ટ્રેનોના ડબ્બાની ઊંચાઇ અને પ્લેટફોર્મની સપાટી નીચી હોવાને કારણે, પ્લેટફોર્મ અને ડબ્બાની વચ્ચે મોટા ખાંચા રહે છે. જેને કારણે અનેક પેસેન્જરો તેમાં ગબડી પડે છે, ઈજા પામે છે, જીવનું જોખમ ભોગવે છે. તાકીદની પરિસ્થિતિ ઊભી થાય તો સ્ટેશનો પરના સ્ટાફની કઈ વ્યક્તિ જવાબદાર હશે તેની જાણ કરાતી નથી. દિવસના મધ્યાહ્ને પણ વાશી સ્ટેશન અંધારિયું જ રહે છે – લાઇટો ચાલુ હોવા છતાં, કારણકે સ્ટેશનની ડિઝાઈન જ ભૂલભરેલી છે. ટ્રેનોના ડબ્બાઓની અંદરની લાઇટો અણધારી જ બુઝાઈ જાય છે. **૯૪ ટકા મહિલા પેસેન્જરોએ કહ્યું છે કે સ્ટેશનો પરના એનાઉન્સમેન્ટો ઠેકાણા વગરના હોય છે.**

બૃહદ્ મુંબઈના વેસ્ટર્ન, સેન્ટ્રલ કે હાર્બર લાઇનો પર દરરોજ પ્રવાસ કરતા ૮૫ લાખ (પંચ્યાસી લાખ) પેસેન્જરોની જ માત્ર નહીં, સમગ્ર દેશનું રેલવે તંત્ર અસહ્ય રીતે ખાડે ગયેલું છે. દેશમાં થતા અગણિત રેલવે અકસ્માતોના ૮૦ ટકા, ખુદ સરકાર અને રેલવે વહીવટીતંત્ર સ્વીકારે છે કે (હ્યુમન ઍરર) ઇન્સાનથી થતી ભૂલોને કારણે થાય છે. આના ગંભીર, જાનલેવા પરિણામો શું આવે છે? સેંકડો, હજારો રેલવે પેસેન્જરોના યા તો જાન જાય છે, યા તો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બને છે અને જિંદગીભર યાતના સહન કરતા રહે છે. ૨૦૧૬-૨૦૧૭ના એક વર્ષમાં ૨૩૮ પેસેન્જરોનાં મોત નીપજ્યા હતા. આ ઉપરાંત એલ્ફીન્સ્ટન બ્રિજવાળી ઘટનામાં ૨૩ના જાન ગયા હતા અને ૫૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. રેલવે અકસ્માતોનો સીલસીલો લ્યાનતભરેલો, ધિક્કાર અને શ્રાપ ભરપૂર છે. ૧૯૮૮માં કેરાલાના પેરૂમન બ્રિજ પરના રેલવે અકસ્માતમાં ૧૦૫ જીવતા જીવ મોતને ભેટ્યા હતા. ૧૯૯૫માં ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ ખાતેના રેલવે અકસ્માતમાં ૩૫૮ પેસેન્જરો મોતને ઘાટ ઉતર્યા હતા. ૧૯૮૮માં પંજાબના ખન્ના ખાતેના રેલવે અકસ્માતે ૨૧૨ જીવતા જીવોને ભરખી લીધા હતા. ૧૯૯૯માં બંગાળના ધૈસલનો રેલવે અકસ્માત તો મહા જીવલેણ નીવડ્યો હતો જેમાં ૪૦૦ યાત્રીઓનો ખાત્મો થયો હતો. ૨૦૦૧માં કેરાલાના કાડાલુંદી ખાતેના રેલવે અકસ્માતમાં ૫૭ પેસેન્જરોના જાન ગયા હતા. બિહારના રફીગંજ ખાતેના રેલવેના ૨૦૦૨વાળા અકસ્માતમાં ૧૪૦ પેસેન્જરોનો ખાતમો થયો હતો. ૨૦૧૬ના ઉત્તર પ્રદેશના પુખરાયન ખાતેના રેલવે અકસ્માતે ૧૫૦ના જીવ લીધા હતા. માત્ર આ સાત અકસ્માતોની જીવહાનિનો સરવાળો ૧૪૨૨નો થાય છે અને આ યાદી કંઈ બધા અકસ્માતોની નથી. છેલ્લા માત્ર પચ્ચીસેક વર્ષના બધા અકસ્માતોની યાદીનો સરવાળો તો સેંકડોમાં થાય છે અને જાનહાનિનો સરવાળો તો હજારોને આંબી જાય છે. ઈજાગ્રસ્તો તો જુદા. માલસામાન, દર-દાગીના કે રોકડનું નુકસાન તો કરોડોમાં પહોંચે છે.

આ પારાવાર જાનહાનિ માટે કોઈ જવાબદાર ઠરાવાયું નથી. તપાસ પંચો નિમાયા છે. તપાસના નામે લાખ્ખો રૂપિયાના આંધણ પણ થયા છે પણ સરવાળે પરિણામ? ઝીરો – મોટું મીંડું. કારણકે રેલવે અધિકારીઓએ મોટાભાગની તપાસની કામગીરીમાં 'જા બીલ્લી કુત્તે કો માર'નું જ, એકે બીજા પર, બીજાએ ત્રીજા પર, ત્રીજાએ ચોથા પર દોષના ટોપલા ઢોળ્યા છે અને જવાબદારો છટકતા રહ્યા છે.

દેશની રેલવે વહીવટના ૭૦ વર્ષના ઇતિહાસમાં આજ સુધી કોઈ જ કિસ્સામાં સિનિયર, જંગી પગાર ખાતા, ભરચક ભથ્થા મેળવતા **કોઈ જ સાહેબ**, જવાબદાર ઠરાવાયા નથી, જેલમાં ગયા નથી, ફાંસીએ લટક્યા નથી. કારણ? સમગ્ર રેલવે તંત્ર જ ભ્રષ્ટાચારથી લીંપાયેલું છે.

જ્યાં સમગ્ર રેલવે તંત્રની દુર્દશા જડમૂળથી પરિવર્તન માંગ છે, નવો અવતાર માંગે છે, સંપૂર્ણ કાયાકલ્પ માંગે છે – તેને અવગણીને, તેના તરફ સદંતર દુર્લક્ષ કરીને, પહેલાં શું કરવું અત્યંત જરૂરી છે, પહેલી પ્રાથમિકતા શાની છે, હાલના રેલવે તંત્રને સુધારવાની છે કે એક લાખ દસ હજાર કરોડ રૂપિયા ખર્ચીને બુલેટ ટ્રેઈન લાવવાની છે, તેનો ગંભીર વિચાર કરવાની પ્રેરણા, પ્રભુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને આપે, એ જ આશા.

*૭, ડફોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન,*
*તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
***મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨***



સાંપ્રત

# રજનું ગજ, વાતનું વતેસર ઉર્ફે પદ્માવતી ફિલ્મનું ફૂલેકું!

• ધન રામપરીઆ •

આખાય દેશમાં એક અસામાન્ય ફૂલેકું ફરી રહ્યું છે. સંજય લીલા ભણસાલી દિગ્દર્શિત ફિલ્મ 'પદ્માવતી'નું આ ફૂલેકું છે. ફૂલેકું અને વરઘોડા વચ્ચેનો ફરક ગુજરાતી વાચકો જાણે જ છે. વર પરણવા જાય તે વરઘોડો અને પરણીને આવે તે ફૂલેકું. સિત્તેર - એંસી કરોડના જંગી ખર્ચે બનેલી ફિલ્મ તો તૈયાર થઈ ગઈ અને હજુ સેન્સર બોર્ડનું સર્ટિફિકેટ જ માત્ર લેવાનું બાકી હતું, દેશના સેંકડો થિયેટરોમાં, મલ્ટિપ્લેક્સોમાં પ્રદર્શિત થવાની અણી ઉપર જે 'પદ્માવતી' ફિલ્મ તૈયાર હતી, ત્યાં જ રાજસ્થાનની એક ઓછી જાણીતી સંસ્થા, શ્રી રાજપૂત કરણી સંસ્થાના મોવડી લોકેન્દ્ર સિંઘ કળવીએ અને તેના સમર્થકોએ શંખનાદ કર્યો, નોબતો અને નગારા અને ત્રાંસાં અને તૂતેડીઓ વગાડી અને હાકોટા - પાકોટા પડકારો કરીને ફતવો જાહેર કર્યો કે આ ફિલ્મ પદ્માવતીને અમે રીલીઝ થવા નહીં દઈએ કેમકે તેમાં રાજપૂત સમાજના ગૌરવનું ખંડન કરવામાં આવ્યું છે. રાણી પદ્માવતીને હલકા ચીતરવામાં આવ્યા છે. ક્ષત્રિય - રાજપુત સમાજના શૌર્ય ભરપૂર ઈતિહાસ સાથે ચેડાં કરાયાં છે.




લોકેન્દ્ર સિંઘ કળવી

ફિલ્મના ડાયરેક્ટર ભનસાલીને જયપુરમાં ધક્કામુક્કી કરાઈ. ફિલ્મના શુટિંગ માટેના ભારે દમામદાર સેટોમાં મોટી ભાંગફોડો કરાઈ. લાખ્ખો રૂપિયાનાં નુકસાન કરાયા. પહેલા ઉદયપુરમાં, ચિત્તોડગઢમાં, જયપુરમાં સળગાવાયેલી હોળીની જવાળાઓ પૂરા રાજસ્થાન રાજ્યમાં, પછી હરિયાણા, પંજાબમાં, મધ્ય પ્રદેશમાં, ઉત્તર પ્રદેશ વગેરે રાજ્યોમાં ઠેર ઠેર ફેલાતી ગઈ. વિરોધદર્શક હોકારા - પોકારામાંથી હિંસક અને તિરસ્કાર અને ધિક્કારના વાતાવરણમાં ભરપૂર હિંસા ભડકી ઉઠી. અખિલ ભારતીય ક્ષત્રિય સમાજે જયપુર, ઉદયપુર અને બીજા અનેકાનેક સ્થળો ફિલ્મના દિગ્દર્શક સંજય લીલા ભણસાલીની અને હીરોઈન દીપિકા પાદુકોણેના પૂતળાની ઠાઠડીઓ બાળી. ક્ષત્રિય સમાજની યુથ વિંગના લીડર ભુવનેશ્વર સિંઘે જાહેર કર્યું કે જે કોઈ વ્યક્તિ દીપિકાને જીવતી બાળી બતાવશે તેને રૂપિયા ૧ કરોડ ઈનામમાં અપાશે. બીજા વીર પુત્રે કહ્યું કે હીરોઈન દીપિકાનું નાક કાપી લાવનારને રૂપિયા બે કરોડ ઈનામમાં અપાશે.


આવાં ઈનામોની જાહેરાતોમાં એક પછી એક જુદા જુદા લોકો દ્વારા રકમો બેવડાતી ગઈ. પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ, લાવો દીપિકાનું નાક! લાવો સંજય ભણસાલીનું શબ! કાપો! મારો! સળગાવો થિયેટરો! અમારી ઈજ્જતનો સવાલ છે! રાજપુતોની પ્રતિષ્ઠાનો સવાલ છે. અમારા પૂજ્ય પવિત્ર પદમણી સતીરાણીના શીલભંગનો સવાલ છે. ક્ષત્રિય પરંપરા અને વીરત્વ પર કરાયેલા મહાભયંકર આઘાતનો સવાલ છે.

રાજપુત - ક્ષત્રિય સમાજના કહેવાતા પ્રતિનિધિત્વ ધરાવતા રાજપુત કરણી સમાજના સમર્થનની પહેલી શરૂઆત




ફિલ્મની હીરોઇન દીપિકાનું નાક કાપી લાવનારને રૂપિયા બે કરોડનું ઇનામ!

રાજસ્થાન રાજ્યે કરી. ચીફ મિનિસ્ટર વસુંધરા રાજેએ જાહેર કર્યું કે 'પદ્માવતી' ફિલ્મને રાજસ્થાનમાં કોઈ થિયેટરમાં રજૂ કરવા દેવામાં નહીં આવે. હમણાં સુધી પરદા પાછળ રહેલી બી.જે.પી. (ભારતીય જનતા પાર્ટી) હવે ખુલ્લી રીતે આ અરાજકતામાં સામેલ થઈ. કેન્દ્ર સરકારના એક જાણીતા બીજેપી નેતા અને પ્રધાન નીતિન ગડકરીએ જાહેર કર્યું કે 'પદ્માવતી'માં હિંદુ ક્ષત્રિયોના ઈતિહાસ સાથે કરાયેલી છેડછાડ સ્વીકારી નહીં લેવાય. બીજેપીના બીજા અગ્રણીઓનો રસ્તો સાફ થયો. માજી વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇ, જે કવિ પણ હતા,



ફિલ્મ 'પદ્માવતી'નું એક દૃશ્ય

તેમનું એક ગીત ઠેરઠેર ગવાવા લાગ્યું 'ભગવા હૈ પદ્મીની કી જૌહર કી જ્વાલા.' બસ! પછી શું જોઈએ? ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્રની, ગુજરાતની સરકારોએ પણ ફિલ્મ 'પદ્માવતી' પર પ્રતિબંધો જાહેર કરી દીધા.

યાદ રહે કે ફિલ્મ હજુ સેન્સર બોર્ડ પાસે રજૂ થઈ હતી પણ પ્રોડ્યુસર કંપનીએ ભરવાના ફોર્મની અધૂરાશને કારણે, ટેકનિકલ મુદ્દે ખુદ સેન્સર બોર્ડે ફિલ્મ જોઈ પણ નહોતી. તે પહેલાં જ આ બધો હોબાળો સળગી ઉઠ્યો હતો.

★

આ આખાય દેશવ્યાપી હોબાળા સાથે સંકળાયેલી મુખ્ય સંસ્થા અને વ્યક્તિઓના પરિચય જાણીએ.

- **કરણી સેના :**

રાજસ્થાનમાં ક્ષત્રિય - રાજપુતોનો મોટો સમુદાય વસે છે. રાજપુતોની એક જાત રાવણા રાજપુત તરીકે ઓળખાય છે. ગામમાં કરણી માતાનું મોટું મંદિર છે અને રાવણા રાજપુતોનો એક મોટો હિસ્સો કરણી માતાના પરચામાં શ્રધ્ધા ધરાવે છે. જેમ ગુજરાતમાં પાટીદાર સમાજ શિક્ષણ અને રાજ્યની નોકરીઓમાં પોતાને અન્યાય થાય છે માટે રીઝર્વેશન માંગે છે, તેમ રાજસ્થાનના રાવણા સમાજને પણ અન્યાય થાય છે તેવી નિરાશાજનક લાગણીમાંથી આ શ્રી રાજપુત કરણી સેનાનો ૨૦૦૬ની આસપાસ જન્મ થયો હતો. આનંદપાલ નામના એક ગેંગસ્ટરે (દાઉદ ઈબ્રાહિમ જેવો એક ભાઈ) જાટ સમાજના તેના બે ગેંગસ્ટર હરીફોની હત્યા કરી હતી. આ હત્યા નાગૌરા ડિસ્ટ્રીક્ટમાં થઈ હતી. આનંદપાલ રાવણા રાજપુત હતો. લાંબા સમય પહેલાથી જ બાકીનો રાજપુત સમાજ રાવણા રાજપુત જાતિ તરફ નાપસંદગી અને તુચ્છકારના ભાવથી જોતો આવ્યો છે. આ દરમ્યાનમાં પોલીસ એનકાઉન્ટરમાં આનંદપાલનું મોત નિપજ્યું હતું. જાટ સમાજ પહોંચતો પામતો સમાજ છે. એમના બે જાટબંધુઓની હત્યા આનંદપાલે કરી હતી તેનો બદલો લેવા જાટ સમાજ રાજસ્થાનની પોલીસ પર સતત દબાણ કરતી રહેતી હોવાને કારણે રાવણા જાત સહિતના બધા રાજપુત સમૂહને પોલીસની ભારે રંજાડ રહ્યા કરતી હતી. તેને કારણે રાજપુત સમાજમાં અસંતોષ, નારાજગી અને હતાશા પ્રવર્તતા હતા તેનો લાભ લઈને અને રિઝર્વેશનની માંગણીને મુખ્ય કારણ બનાવીને, રાજકીય આયારામ-ગયારામ પદ્ધતિના માહેર લોકેન્દ્રસિંઘ કળવીએ શ્રી રાજપુત કરણી સેનાનું નેતાપદ મેળવ્યું હતું.

- **લોકેન્દ્રસિંઘ કળવી :**

વીસ - પચ્ચીસ વર્ષો પહેલાં માત્ર ચારેક મહિના માટે ચંદ્રશેખર નામના એક માજી સમાજવાદી કોંગ્રેસી, દેશના વડાપ્રધાન બન્યા હતા. એમના પ્રધાન મંડળમાં કલ્યાણસિંઘ કળવી નામના ક્ષત્રિય રાવણા રાજપુત કેબિનેટ મિનિસ્ટર બન્યા હતા. એમના પુત્ર-રત્ન તે આ લોકેન્દ્રસિંઘ કળવી, જે શ્રી રાજપુત કરણી સેનાના લીડર છે, જેમણે 'પદ્માવતી' સામેનું હિંસક, અરાજકતા ભરપૂર, ગેરકાયદેસરનું વ્યાપક બખડજંતર પેદા કર્યું છે.

લોકેન્દ્રસિંઘ કળવીને શરૂઆતથી જ રાજકીય નેતા બનવાની તમન્ના રહ્યા કરી છે. ૬૭ વર્ષની વયના આ પાઘડીધારી, મૂછાળા, પોતાને વ્યવસાયિક ખેડૂત તરીકે ઓળખાવે છે પણ દિવસના ચોવીસે કલાક રાજકીય, સામાજિક ધાંધલ-ધમાલમાં પ્રવૃત્ત રહે છે. એમનું નસીબ યારી આપતું નથી. ૧૯૯૩ની રાજસ્થાનની વિધાનસભાની ચૂંટણી દરમ્યાન નાગૌર વિસ્તારમાંથી એમણે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી પણ નિષ્ફળતાની છક્કડ ખાધી હતી.

સખણા બેસી રહે તે આ કળવી નહીં! ૧૯૯૮ની લોકસભાની ચૂંટણીમાં બારમેર વિસ્તારમાંથી બી.જે.પી.ની ટિકિટ ઉપર એમણે ચૂંટણી લડી હતી પણ મતદારોએ એમને ઠુકરાવ્યા હતા. ૧૯૯૯માં જાટ સમાજે રિઝર્વેશન ક્વોટા માટે ભારે આંદોલન કરી સફળતા મેળવી હતી. ત્યારથી આ લોકેન્દ્રસિંઘ રાજપુત સમાજ - ખાસ કરીને રાવણા રાજપુતોને ક્વોટા મેળવવાના નામથી સંગઠિત કરવાની જહેમત આદરી હતી. તેના આ પ્રયાસોમાં બીજા બે રાજપુતો, દેવીસિંઘ ભાટી અને સુરેશ મિશ્રા, જે હમણા સર્વ બ્રાહ્મીન મહાસભાના પ્રમુખ છે, તેમણે સાથે મળીને 'સોશિયલ જસ્ટીસ ફ્રન્ટ' નામથી સંસ્થા ખડી કરી હતી. અગ્રણી જાતિઓમાં જે ગરીબો હોય તેમના હિત અને લાભો મેળવવાના આંબા-આંબલી તેઓએ ખડા કર્યા હતા.

કાચીંડા જેમ પોતાના રંગ વારંવાર બદલી શકે છે તેમ આ ફ્રન્ટે ૨૦૦૩ની ચૂંટણી પહેલાં પોતાનો આગલો રંગ અને નામ બદલીને 'રાજસ્થાન સામાજિક ન્યાય મંચ' નામનો રાજકીય પક્ષ રચ્યો હતો.

આ મંચે રાજસ્થાન વિધાનસભા માટેની ચૂંટણીમાં ૬૦ (સાંઈઠ) ઉમેદવારો ખડા કર્યા હતા પણ નસીબ આગળ ને આગળ જ જતું રહેતું હતું. ૬૦માંથી માત્ર ૧ (એક) જ દેવીસિંઘ ભાટી જ ચૂંટાયા હતા. ૫૯ ઉમેદવારો હારી ગયા હતા. આયારામ - ગયારામ બનવામાં જરાય લોભ - સંકોચ - શરમ નહીં અનુભવતા આ લોકેન્દ્રસિંઘ કળવી, ફરીને પાછા બીજેપી માં જોડાયા હતા.

લોકેન્દ્રસિંઘ કળવીના શ્રી રાજપુત કરણી સેના પોતાને બિનરાજકીય, સામાજિક સંસ્થા તરીકે ઓળખાવે છે, જે આ સેનાની હિંસક બેકાયદા કુ-પ્રવૃત્તિઓ સાથે જરાય મેળ ખાતી નથી. આ સંસ્થા આવી બાંગ ફૂંકે છે કે ૯ લાખ ૬૩ હજાર તેના સભ્યો છે, પણ તેના કોઇ પુરાવા નથી. તેના મોટાભાગના સમર્થકો ૪૦ની ઉંમર નીચેના કે આસપાસના છે. રાજસ્થાન ઉપરાંત બીજા રાજયોમાં પણ એમની શાખાઓ હોવાનો તેમનો દાવો છે. કરણી સેનાના મોટાભાગના સભ્યો નોકરી-ધંધા કે વ્યવસાય વગરના છે, જેમાં કેટલાક અન્ડર ગ્રેજ્યુએટો પણ છે જે પોતાના શિક્ષણ અને અસ્તિત્વની નાકામિયાબી ભોગવી રહ્યા છે.

હરિયાણાના ગુરગાંવ ખાતે ‘પદ્માવતી’ ફિલ્મના બહિષ્કાર માટેની સભા (નવેમ્બર-૧૮) પછીની પ્રેસ કોન્ફરન્સમાં લોકેન્દ્રસિંઘને અખબારનવીસોએ પૂછેલા અનેક સવાલોમાંનો એક તીખો સવાલ એ હતો કે તમે આ ફિલ્મમાંની અનેકાનેક ક્ષતિઓ અને ભૂલો અને રાજપુત ગૌરવને ઝાંખપ લગાડનારી બાબતો હોવાનું સતત કહ્યા કરો છો તો શું તમે આ ફિલ્મ જોઈ છે?

લોકેન્દ્રસિંઘે પાણીના ત્રણ ઘુંટડા પીવાનો સમય લઈને જવાબમાં કહેલું : ‘ના, મેં આ ફિલ્મ જોઈ નથી. પણ મને અંદેશો (અંગ્રેજી શબ્દ : ‘HUNCH’) છે કે આ ફિલ્મમાં ઘણો કચરો ભરેલો છે.




દીપિકા પાદુકોણે

ઇતિહાસમાં પદ્માવતી નામની કોઈ રાણી કે મહિલા થઈ ગઈ હોવાના કોઈ સગડ મળતા નથી. ઇસ્લામિક અને પર્શિયન ઇતિહાસના નિષ્ણાત વિદ્વાન સુમિત પૉલે કહ્યું છે કે સંજય લીલા ભનસાલીની ફિલ્મ ‘પદ્માવતી’ માટે જે આટલી બધી બબાલ ઊભી કરાઇ છે તે બિલકુલ બિનજરૂરી છે. પર્શિયન મિસ્ટીસીઝમ, ભક્તિભાવ, ધાર્મિકતા અને કાવ્ય સમૃધ્ધિની પશ્ચાદ ભૂમિકામાં જો આ અંગેનું ચિંતન - શોધન કરવામાં આવે તો સ્પષ્ટ થશે કે ‘પદ્માવતી’ નામનું દીર્ઘ કાવ્ય મલીક મુહમ્મદ જયસીએ ઇ.સ. ૧૫૪૦માં લખેલું હતું, જે માગધી ભાષામાં હતું. પર્શિયન ભક્તિકાવ્યોનો પ્રવાહ, ભારે ધોધ જેવો રહ્યા કર્યો છે. અમીર ખુસરૌ, રેમી, હાફીઝ અને સનાઇ જેવા ઇરાનના અનેક સંત કવિઓના ભક્તિ કાવ્યો પર્શિયન સંસ્કૃતિને, સાહિત્યને સમૃધ્ધ બનાવતા રહ્યા છે. મલીક મુહમ્મદ જયસીનાં દીર્ઘ ભક્તિ કાવ્યની મૂળ આલેખના (સ્ક્રિપ્ટ) પર્શિયનમાં થયેલી, જે પછીથી સંત કવિ જયસીએ મગધી ભાષામાં ઉતારેલી. પર્શિયન ભક્તિ - સાહિત્યની પરંપરામાં સોળ (૧૬) નિયમો પાળવાના રહે છે જેમાં ઔરતનું અખંડ ગૌરવ, સન્માન અને દૈવીભાવ ચુસ્તપણે જાળવવાના રહે છે. પર્શિયન ભક્તિ કાવ્યોમાં કાલ્પનિક સ્ત્રી-પાત્ર ઉપસાવવાનું રહ્યું છે અને કાવ્યના અંતે એ મહિલા પાત્રની પવિત્રતાને, કાલ્પનિક પાત્રનાં ઉચ્ચત્તમ શિખરે સ્થાનારૂઢ કરાયાં છે. પર્શિયન મિસ્ટીક, સંત ભક્તિ કાવ્યોમાં પ્રત્યેક મહિલા પાત્રના માટે ‘અલામાત-એ-પાકીઝીગી’નો અચલ સિધ્ધાંત ‘સંપૂર્ણતમ પવિત્રતા’નો અચલ સિધ્ધાંત પળાય જ છે. જયસી સંત કવિની ‘પદ્માવત’ દીર્ઘ ભક્તિ કાવ્યમાં પણ આ સિધ્ધાંત અત્યંત ચુસ્તપણે પળાયો છે જેમાં અલ્લાઉદ્દીન ખીલજી દ્વારા પદ્માવતી શીલભ્રષ્ટ કે સન્માનભ્રષ્ટ થયાનો અંશ પણ નથી. બ્રિટીશ કર્નલ જેઇમ્સ ટોડે એના ઇતિહાસ અને લોકકથાઓના તોતિંગ ગ્રંથ ‘એનાલ્સ એન્ડ એન્ટીક્વિટીઝ ઓફ રાજસ્થાન’ (રાજસ્થાનની પુરાતન લોક ગાથાઓમાં) માત્ર એટલો જ છરકતો ઉલ્લેખ કર્યો છે કે સંત કવિ સૂફી જયસીએ અજમેરમાં એક સુંદર રાજપુત પદ્મા નામની યુવતીને જોયેલી. બસ, વિશેષ કંઈ જ નહીં.

દિલ્હી સ્થિત ઉર્દુ - અંગ્રેજી લેખિકા રક્ષાન્દા જલીલ કહે છે કે સૂફી સંતકવિ જયસીએ જુદા જુદા લગભગ ૨૫ ગ્રંથો લખ્યા છે, જેમાં પદ્માવત્, અખરાવત્, આખીરી કલામ, કન્હાવત વગેરેનો સમાવેશ થાય છે. કન્હાવત્ ગ્રંથ કૃષ્ણ ભગવાનની સંત ભક્તિથી ભરપૂર છે. સૂફી સંત કવિ જયસીની રચનાઓ હિંદુ - મુસ્લિમ ભાઇચારાનું સંવર્ધન કરનારી રહી છે.

અમેઠી સ્થિત લેખક અને અવધી ભાષાનું સંવર્ધન કરનારી સંસ્થા ‘અવધિ અકાડેમિઆ’ના સ્થાપક જગદીશ પીયૂષે કહ્યું છે કે સંત કબીર સાહેબની જેમ, સૂફી સંત કવિ જયસી હિંદુ - મુસ્લિમ ભાઈચારાના સમર્થક હતા. સમાજના પરીશ્રમિત વર્ગના સાધારણ લોકો - ખેડૂત, લુહાર, કડિયા, મચ્છીમાર, સુથાર, મજૂરી કરીને રોટી રળતા શ્રમિકોના એ પુરસ્કર્તા હતા. એમના દીર્ઘ ભક્તિકાવ્ય ‘પદ્માવત’માં રાજા રતનસેનની પહેલી પત્ની નાગમતીની આંખોમાંથી જે


અશ્રુ ટપકતા હતા, તેને વરસતો વરસાદ કોઈ ઢાળ પરથી સરકે તેની સાથે સરખાવીને એટલી બધી કરુણતા અને કાવ્યાત્મકતાથી વર્ણવ્યું છે કે એમની લેખનકળા પર આપણે વારી જઈએ.

● **સૂફી સંત - ભક્ત કવિ :**

મલીક મુહમ્મદ જયસીનો જન્મ ઉત્તર પ્રદેશના અમેઠી ડિસ્ટ્રીક્ટ (રાજીવ ગાંધી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો લોકસભા વિસ્તાર) – ના ગામ જયસમાં થયો હતો. જયસ ગામની હમણાની આબાદી ત્રીસેક હજારની છે. આગલા દાયકાઓમાં આ ગામ જૌનપુર સુલતાની સત્તા હેઠળ હતું. લખનૌથી લગભગ ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલાં જયસ ગામમાં છએક સદીઓ પહેલાં સૂફીસંત જયસીનો ઉછેર થયેલો. અહીં એમણે પચ્ચીસ જેટલા ગ્રંથો લખ્યા. એમની પ્રતિષ્ઠા એટલી બધી છે કે એ હિંદુઓ દ્વારા સંત તરીકે અને મુસ્લિમો દ્વારા પીર તરીકે પૂજાય છે. જયસ ગામમાં અને આસપાસના ગામોમાં, શહેરોમાં જયસીના નામની નિશાળો છે, હાઈસ્કૂલો છે, કૉલેજો છે અને ધર્મસ્થાનો છે. સ્વાસ્થ્ય કેન્દ્રો અને લાઈબ્રેરીઓ સાથે પણ જયસીના નામો જોડાયેલા છે. જયસથી દિલ્હી વચ્ચે દોડતી ટ્રેન પણ 'પદ્માવત એક્સપ્રેસ' તરીકે ઓળખાય છે.

● **'પદ્માવત' કાવ્ય ગાથા :**

મહાકવિ કાલીદાસના સંસ્કૃત કથાકાવ્ય શાકુંતલમાં, જેમાં શકુંતલા અને દુષ્યંતની કાલ્પનિક વાર્તા છે, તેમ સૂફી-સંત-કવિ જયસીએ કાલ્પનિક વાર્તા, દીર્ઘ કાવ્યના સ્વરૂપમાં આલેખી છે. તેનો અત્યંત સંક્ષિપ્ત સારાંશ એવો છે કે સિંહલ દેશ (અગાઉનું શ્રીલંકા)ના મહારાજાની એક સુંદર પુત્રી હતી. આ રાજકુંવરીનું નામ પદ્માવતી હતું. કુંવરીએ એક બહુ મજાનો ચાલાક હીરામન નામનો પોપટ પાળ્યો હતો. આ પોપટ મનુષ્ય ભાષા સમજતો પણ હતો અને બોલતો પણ હતો. રાજકુંવરી અને તેના પોપટ વચ્ચે એટલી



**પદ્માવતના લેખક સંત કવિ જયસી**

બધી માયા બંધાઈ ગઈ હતી કે દિવસ-રાત બંને વચ્ચે સતત, સતત વાતો થયા જ કરતી હતી. મહારાજાએ વારંવાર પુત્રીને વાતો કરતા અટકાવી, પણ મહારાજા નિષ્ફળ થયો એટલે ગુસ્સામાં ને ગુસ્સામાં મહારાજાએ પોપટ હીરામનને પાંજરામાંથી કાઢી આકાશમાં ઉડાડી દીધો. પુત્રી પદ્માવતીને અત્યંત આઘાત લાગ્યો. આકાશમાં ઉડતો ઉડતો પોપટ હીરામન ચિત્તોડ (રાજસ્થાન)ના રાજા રત્નસેનના મહેલે પહોંચ્યો અને રત્નસેનના કાને પદ્માવતીના અદ્‌ભુત સૌંદર્યની વિગતોના વર્ણન કર્યા. આ વર્ણનોથી આકર્ષાઈને રાજા રત્નસેને પદ્માવતીને પામવાનો નિરધાર કર્યો. સાત સમુદ્ર ઓળંગીને રત્નસેન, પોતાના જંગી રસાલા સાથે સિંહલ દેશ પહોંચ્યો. ત્યાં પોપટ હીરામને રાજકુંવરી પદ્માવતી અને રાજા રત્નસેન એકબીજાને એકાંતમાં મળી શકે તેવી ગોઠવણ કરી. પણ નિયત સ્થળ અને સમયે રાજા પહોંચી ના શક્યો એટલે અત્યંત હતાશ થયેલા રાજા રત્નસેને જાતે બળી મરવાનો નિરધાર કર્યો. પણ શિવ અને પાર્વતીએ તેને સમજાવ્યો કે મરવાના બદલે સિંહલ (શ્રીલંકા)ના રાજાના મહેલ પર હલ્લો કરી, પદ્માવતીને જીતી લે. રત્નસેને તેમ કર્યું, પણ સિંહલ દેશનો રાજા બાહુબલી નીકળ્યો. એ જીત્યો અને ચિત્તોડનો રત્નસેન રાજા હાર્યો. પદ્માવતીના પિતા સિંહલ રાજાને કરુણા જાગી. પુત્રીસુખનું વિચાર્યું. પોતાના હાથે જ ચિત્તોડના રાજા રત્નસેન અને પુત્રી પદ્માવતીના લગ્ન કરાવ્યા. બધા સુખી, સુખી થયા.

**સૂફી સંત કવિ મલીક મુહમ્મદ જયસીએ ખુદ પોતે જ દીર્ઘ કાવ્યના અંતે નોંધ્યું છે કે : 'મેં આ વાર્તા કલ્પી છે અને કાવ્ય સ્વરુપે લખી કાઢી છે.'**

★

સંત કવિ જયસીના દીર્ઘ કાવ્યમાં એક અલાઉદ્દીન ખીલજીનો ઉલ્લેખ આવે છે. તેને કારણે કેટલીક ગેરસમજણ પેદા થતી રહી છે. ચિત્તોડનો રાજા રત્નસેન ઇ.સ. ૧૫૨૭-૧૫૩૨માં થયેલો. મૂળ ક્રૂર, લૂંટારો અલાઉદ્દીન ખીલજી તો જયસીથી ૨૪૦ વર્ષો પહેલા થઈ ગયેલો. જેના વિસ્તૃત વર્ણનો તેના દરબારી કવિ અમીર ખુસરૌ, ઇ.સ. ૧૨૫૩-૧૩૨૫ – એ કર્યા છે. તેના અનેકાનેક વર્ણનોમાં ક્યાંય પદ્માવતીનો ઉલ્લેખ સરખો આવતો નથી. જયસીના સમયમાં થઇ ગયેલો તે તો ગીયાથ અલ-દીન ખીલજી હતો. લગભગ સમાન આ બે નામોને કારણે ઘણી ગેરસમજણો અને વાદવિવાદ પેદા થતા રહ્યા છે. એવું જ પદ્માવતીના જૌહરનું બન્યું છે. જૌહર કરવું એટલે સતી થવું. ગીયાથ અલ-દીન ખીલજી, સ્વભાવે લંપટ હતો. તેને કારણે પદ્માવતીએ નહીં, પણ બીજી જ રાજપુત મહિલાઓએ પોતાના શીલરક્ષણ માટે 'જૌહર' – સતી થવાનું કરેલું.

★


**આ બધી બાબતો, વાર્તાઓ - કાવ્યોની સંપૂર્ણ સ્પષ્ટતાઓ અને ચોખવટો જ્યારે થાય ત્યારે ખરું. હમણાં તો રજનું ગજ, વાતનું વતેસર અને પદ્માવતી ફિલ્મનું ફૂલેકું દેશભરમાં ફરી રહ્યું છે.**

*મો. ૯૧૬૭૫૬૭૩૯૫*

ઇતિહાસ

## ગુજરાત વિધાનસભાની ૧૯૯૫ની ચૂંટણીમાં બીજેપીની જીત


# શ્રી સુરેશચંદ્ર મહેતા – મુખ્યમંત્રી પદે પહોંચ્યા ત્યારની રાજકીય ગતિવિધિ




પ્રવીણચંદ્ર શાહ



શ્રી કેશુભાઈ પટેલ



શ્રી નરેન્દ્ર મોદી



શ્રી શંકરસિંહ વાઘેલા



શ્રી સુરેશચંદ્ર મહેતા

બાવીસ વર્ષ પહેલાં ૧૯૯૫ના ફેબ્રુઆરી - માર્ચવાળી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત રાજ્યના ચૂંટણી ઈતિહાસમાં સૌથી પહેલી જ વાર ભારતીય જનતા પાર્ટી, બીજેપીને બહુમતીવાળી જીત મળી હતી. વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી ૧૨૧ બેઠકો બીજેપીએ મેળવી ઈતિહાસ સર્જ્યો હતો. પણ નેતાગીરીના પ્રશ્ને, ચીફ મિનિસ્ટર કોણ બને તે મુદ્દા ઉપર પાર્ટીની આંતરીક સ્થિતિમાં ભડભડ હોળી સર્જાઇ હતી. ક્યારે કયા અગ્રણીની તરફેણમાં પલ્લુ નમશે તેના અનેકાનેક તર્ક વિતર્કો કરાતા હતા. એક તરફ **કેશુભાઈ પટેલ** હતા, જેમને તે વખતે ગુજરાતમાં આર.એસ.એસ.ના વગદાર પ્રચારક તરીકે કામગીરી કરતા ખટપટ - ચાણક્ય **નરેન્દ્ર મોદી**નું સમર્થન હતું અને બીજી તરફ ગોધરા વિસ્તારમાંથી સાંસદ તરીકે બીજેપીની ટિકિટ પર ચૂંટાયેલા અડીખમ અગ્રણી **શંકરસિંહજી વાઘેલા** હતા, જેમને ચૂંટાયેલા વિધાનસભ્યોમાંથી ઢગલાબંધ સભ્યોનું સમર્થન હતું.

ચૂંટાયેલા ગુજરાત વિધાનસભ્યોને પોતાના સમર્થક જુથમાં ખેંચવાની વિવિધ તરકીબો અને યુક્તિઓની કોઈ કમી નહોતી. વાતાવરણ ભારે સ્ફોટક હતું અને ભડભડતી આંતરીક હોળીમાંથી ક્યારે બળવાનો ભારે ભડકો થશે, તેની પળેપળ ગણાતી હતી.

એવામાં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટના એક ગામમાંથી, ઘોર અંધારી રાત્રે બે બસ ભરાઇને નીકળી હતી. બેઉ બસમાં લગભગ ૫૫ જેટલા વિધાનસભ્યો બેઠેલા હતા. બસ ક્યાં જશે તેની કંઈ જાણ બેઠેલા વિધાનસભ્યોને નહોતી. પણ કેટલાકને એવી કાચી ધારણા હતી કે બંને બસ કદાચ રાજભવન તરફ જાય. બંને બસ પહેલાં કેશુભાઈ પટેલના બંગલા પાસેથી પસાર થઈ અને પછી રાજભવન પાસેથી પણ પસાર થઈ ગઈ. ક્યાંય ઊભી નહીં.

બંને બસ જ્યાં ઊભી રહી તે અમદાવાદનુ ઍરપોર્ટ હતું. બધા વિધાનસભ્યોને ઉતરવાની સુચના મળી અને દમણિયા એરલાઈન્સનું ચાર્ટર્ડ પ્લેઇન તૈયાર હતું તેમાં બેસી જવાની વિધાનસભ્યોને દોરવણી મળી.

★

વિધાનસભ્યોના ઍરપોર્ટ પર પહોંચવાના આગલા દિવસે ગાંધીનગરના ટાઉન હોલમાં બધા નવા વિધાનસભ્યોની મીટિંગ થયેલી. ઉન્માદ ઉશ્કેરાટથી લથબથ વિધાનસભ્યોની આ મીટિંગમાં વિધાનસભા બી.જે.પી. પક્ષના લીડર ચૂંટવાની કામગીરી હાથ ધરાયેલી. કેશુભાઈ પટેલને એમના સમર્થકો અને નરેન્દ્ર મોદીનો સબળ ટેકો હતો. શંકરસિંહજી વાઘેલાના સમર્થકોને ભારે અપેક્ષા હતી કે 'બાપુ' શંકરસિંહજીને જ આ સ્થાન મળવું જોઈએ. એટલે કે મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા જ બનવા જોઈએ. પરંતુ એમ થયું નહીં. વાઘેલા બાપુએ જોયું કે કેશુભાઈ - મોદીના સમર્થકોમાંથી જ મંત્રીઓ - પ્રધાનો ચૂંટવામાં આવી રહ્યા છે. આ ઘર્ષણમાંથી મોટો ભડકો સર્જાયો. શંકરસિંહજીના સમર્થકો અને કેશુભાઈ પટેલ - નરેન્દ્ર મોદીના ટેકેદારો — એમ સામસામી બે છાવણીઓ જેવું થઈ ગયું.

એમના સમર્થક - ટેકેદાર વિધાનસભ્યોના સંરક્ષક અને પાલક વડીલ શંકરસિંહજી બાપુ હતા. એમની દોરવણી હેઠળના એક અગ્રણી **દિલીપભાઈ પરીખ** તે

દિવસોમાં હતા. વાઘેલા બાપુના પ્રયત્નો અને આશીર્વાદથી, પછીના સમયમાં દિલીપભાઈ પરીખ થોડા સમય માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પણ બનેલા. થોડા સમય બાદ પરીખ સાહેબ ગુજરાતના રાજકારણને જ છેલ્લી સલામ કરી ગયેલા અને હવે પોતાના પ્લાસ્ટિકના વ્યવસાયમાં ગુંથાયેલા છે.

★

અમદાવાદ ઍરપોર્ટ પર દમણિયા એરવેઝના ચાર્ટર્ડ પ્લેનમાં ગોઠવાયેલા વાઘેલા સમર્થકોને જરાય માહિતી નહોતી કે પ્લેઇન ક્યાં જવાનું છે. પ્લેનમાંના પેસેન્જરોની દેખભાળ કરી, નાની મોટી સગવડો સાચવતી મહિલા પરિચારીકા (સ્ટુઅર્ડસ)ને કેટલાક વિધાનસભ્યોએ ઇંતેજારીથી પૂછેલું કે 'પ્લેન ક્યાં જવાનું છે?' ત્યારે જવાબ મળેલો : 'પ્લેન ખજુરાહો જવાનું છે.'

★

૧૯૯૫માં ચૂંટાયેલા સભ્યોની ગાંધીનગરના ટાઉનહોલવાળી મીટિંગમાં વિધાનપક્ષના લીડર તરીકે, એટલે કે ચીફ મિનિસ્ટર તરીકે કેશુભાઈ પટેલની વરણી થઈ. વાઘેલા બાપુના સમર્થકોમાં ઉગ્ર અસંતોષ, નિરાશા અને ક્રોધ વ્યાપ્યા, તેનો ઉલ્લેખ ઉપર થયો છે. તબિયતની સારવાર માટે કેશુભાઈ પટેલ સપ્ટેમ્બર ૧૯૯૫માં અમેરિકા જનાર હતા. એટલે એમની ગેરહાજરી દરમ્યાન કામચલાઉ / હંગામી સી.એમ. તરીકે કેરટેકર ચીફ મિનિસ્ટર તરીકે **અશોક ભટ્ટ**ની વરણી કરી. અમેરિકા રવાના થતા પહેલાં કેશુભાઈ પટેલે શંકરસિંહજીને પૂછેલું : 'તમને નરેન્દ્ર મોદી બાબતે પ્રોબ્લેમ છે?' શંકરસિંહજી વાઘેલાએ 'ઇન્ડિયન એક્સપ્રેસ' અંગ્રેજી માતબર દૈનિકના પ્રતિનિધિ લીના મિશ્રાને આ વાતચીતનું વર્ણન કરતાં પોતે કેશુભાઈને જે જવાબ આપેલો તે આ પ્રમાણે હતો : 'કેશુભાઈ, મને પ્રોબ્લેમ તમારો છે. તમે જયારે અમેરિકાથી પાછા ફરશો ત્યારે પોસીબલી તમે ચીફ મિનિસ્ટર નહીં હો!'

વાઘેલા બાપુએ લીના મિશ્રાને કહેલું : 'બી.જે.પી.ના ચૂંટાયેલા ૧૨૧ વિધાનસભ્યોમાંથી ૧૦૫ જેટલા વિધાનસભ્યો નારાજગીવાળા, અસંતોષવાળા હતા. તેઓ બધા મારી પાસે આવ્યા. મેં એમને કહ્યું : 'છોડી દો આ સરકાર. બોલો તૈયાર છો?' બાપુ પહેલાં એ બધાને ગાંધીનગર ડિસ્ટ્રીક્ટના પોતાના મૂળ ગામ વાસણ લઈ ગયા. ત્યાંથી કેટલાક વિધાનસભ્યો સમૂહને છોડી ગયા. વિધાનસભ્ય (અને ગુજરાત પ્રધાન મંડળમાંના એક) બાબુ બોખીરિયાના ધર્મપત્ની આવ્યા અને બાબુભાઈને લઈ ગયા. એ પછી (માજી આઈ.પી.એસ. ઓફિસર) વડોદરાવાળા જસપાલ સિંઘ છોડી ગયા. તે પછી બીજા એકાદ ડઝન વિધાનસભ્યો પણ વિદાય થઈ ગયા. છેવટે લગભગ ૫૫ જેટલા વિધાનસભ્યો મારી નિગરાની હેઠળ રહ્યા. આ પછી બધા વિધાનસભ્યો અને હું, વિધાનસભ્ય (અને ગુજરાતના સ્ટેટ મિનિસ્ટર, ગૃહખાતુ) હરીભાઈ ચૌધરીના માણસા તાલુકાના ગામ મટાડા ગયા. ત્યાંથી પણ થોડા વિધાનસભ્યો છૂટા પડી વિદાય થયા. (હમણાનાં સંસદ સભ્ય) પણ ત્યારના વિધાનસભ્ય મનસુખ વસાવા, પાછલે બારણેથી જે વિધાન સભ્યો ગયા તેમાંના એક હતા.'

શંકરસિંહજીના તે વખતના ખાસ સમર્થક અને કેટલાક સમય માટે ચીફ મિનિસ્ટર દિલીપભાઈ પરીખ એ દિવસોના અંધાધૂંધીવાળા વાતાવરણને યાદ કરીને કહે છે : તે વખતના સામેના કેમ્પના (કેશુભાઈ અને મોદી કેમ્પના) ટેકેદાર વિધાનસભ્યોએ તોફાની ગુંડા તત્ત્વોને મોકલ્યા અને અમારા પર પથ્થરમારો કરાવ્યો. હરીભાઈ ચૌધરીના ધર્મપત્ની ભીખીબહેન હિંમતવાળા નીકળ્યા. એમણે ગામલોકોને ભેગા કરીને કહ્યું કે જે આ બધા અહીં આવ્યા છે તે અમારા ઘરના મહેમાન છે? તમે ગામલોકોએ શું હાથમાં બંગડી પહેરી છે કે આમ બારાતુ આવીને પથ્થરમારા કરી શકે?' આથી ગામલોકો ભેગા થયા અને હુમલાખોરોને ભગાડી મૂક્યા. વાતાવરણ હિંસક બનતું જતું હતું.

આ સંયોગોમાં શંકરસિંહજીએ નિર્ણય કર્યો કે એમના સમર્થક વિધાનસભ્યોને, સલામતી માટે ગુજરાતથી બહાર લઈ જવા.

પણ ક્યાં લઈ જવા? જ્યાં જ્યાં બી.જે.પી.નું જોર હોય ત્યાં જવામાં સલામતી કે શાણપણ નહોતું. મહારાષ્ટ્ર, દિલ્હી કે રાજસ્થાનમાં સલામતીની ધારણા ઓછી હતી, પણ મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ સરકાર હતી અને દિગ્વિજયસિંહ ત્યાંના ચીફ મિનિસ્ટર હતા. મધ્ય પ્રદેશ સલામત વિસ્તાર જણાયો હતો.

★

પોતાના સમર્થક અને ધૂંધવાતા વિધાનસભ્યોને ગુજરાત બહાર, ચાર્ટર્ડ પ્લેનથી મધ્ય પ્રદેશના ખજુરાહો ખાતે લઈ જઈ સહી સલામત રાખવાના નિર્ણય બાદની જરૂરી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. વિધાયકોને બે-ત્રણ દિવસના કપડાં સાથે રાખવાનું સૂચવાઈ ગયેલું. એરપોર્ટ પરથી પ્લેનને ઉપડવાનો સમય રાત્રે ૩ વાગે નિયત થયો હતો. પણ વિધાનસભ્યોને સમજાવવામાં અને તૈયારી કરવામાં થોડું મોડું થયું હતું. જ્યારે આખું જૂથ એરપોર્ટ પર પહોંચ્યું ત્યારે માલુમ પડ્યું કે પ્લેનનું એક ટાયર ફાટી પડ્યું છે. તેની તો ખેર, ઠીકઠાક વ્યવસ્થા થઈ ચૂકી, ત્યાં માહિતી મળી કે ખજુરાહોના ઍરપોર્ટ પર નાઈટ લેન્ડિંગ – રાતના અંધારામાં પ્લેઇનના ઉતરવા માટે જરૂરી લાઈટ - પ્રકાશની જોગવાઈ નથી. પણ એવા વિઘ્નોથી મૂંઝાઈ જનારા વાઘેલા બાપુ નથી. એમણે એવિએશન (હવાઈ ઉડ્ડયન) માટેના મિનિસ્ટરનો સંપર્ક કર્યો અને ખજુરાહો ઍરપોર્ટ પર તુરતાતુરત ગેસ લાઈટોની વ્યવસ્થા ગોઠવાવી લીધી. જ્યારે પ્લેન ઉપડ્યું ત્યારે જ વાઘેલા બાપુએ 'હાશ'નો શ્વાસ લીધો. શંકરસિંહજી જાતે પોતે ખજુરાહો ગયા નહોતા. ત્યાંની વિધાનસભ્યોની સારસંભાળની જવાબદારી

વિશ્વાસુ દિલીપભાઈ પરીખ જેવાઓને સોંપાઈ હતી, જે સાંગોપાંગ પાર ઉતરી હતી. ખજુરાહો ઘણું ઐતિહાસિક, શૃંગાર સ્થાપત્યોવાળું જગપ્રસિધ્ધ પ્રવાસ કેન્દ્ર છે. વિધાનસભ્યો ખજુરાહોમાં એક સપ્તાહ રહ્યા. ખૂબ આનંદ પ્રમોદથી રહ્યા. ફાઇવ સ્ટાર હોટેલના સુખસાહેબીવાળા એક એક રૂમમાં બબ્બે વિધાયકોના રહેણાંકની સગવડ હતી. બાવીસ વર્ષો પહેલાના એ સમયમાં હજુ મોબાઈલ ફોન હતા નહીં. ૨૪ x ૭ દિવસ - રાતભર ટી.વી. પર સમાચાર પ્રસારિત પણ થતા નહીં. દિવસ દરમ્યાન અડધા કલાકનો દૂરદર્શન (ટી.વી.) પર ગુજરાતના વિધાનસભ્યોના બળવાના અને ખજુરાહો પહોંચવાના આંચકા આપનારા સમાચારો પ્રસારિત થતાની સાથે જ આખાય દેશમાં ત્યારે રાજકીય આંચકા લાગ્યા હતા. ગુજરાત અને કેન્દ્રના બી.જે.પી. આગેવાનો હેબતાઇ ગયા હતા. ખજુરાહો વિસ્તારમાંથી ચૂંટાયેલા બી.જે.પી.ના સંસદસભ્ય ઉમા ભારતી અને તે વખતના બી.જે.પી. પાર્ટીના વાઇસ પ્રેસિડેન્ટ કુશાભાઈ ઠાકરે અને બીજા, બી.જે.પી. અગ્રણીઓ મારતે ઘોડે ખજુરાહો પહોંચ્યા હતા અને હોટેલમાંના બાપુ સમર્થકોને મળી, ફોસલાવવાના નિષ્ફળ પ્રયાસો કર્યા હતા.

★

અમદાવાદ - ગાંધીનગર ખાતેનું રાજકીય વાતાવરણ અત્યંત ઉશ્કેરાટ અને ઉન્માદથી ધમધમતું હતું. જયનારાયણ વ્યાસ જેવા ઘણા વિધાનસભ્યો હતા જે ખજુરાહોની સફરમાં જોડાયા નહોતા. એવાઓનો મુખ્ય તર્ક એવો હતો કે એક વખત જે પાર્ટીના ચિહ્નથી આપણે ચૂંટાયા છીએ, તે પાર્ટીમાંથી પાટલી બદલી ન કરાય. જયનારાયણ વ્યાસને કેશુભાઈ પટેલના અને તે પછીના નરેન્દ્ર મોદીના પ્રધાન મંડળમાં મિનિસ્ટર તરીકે લેવાયા હતા.

ગુજરાતના વિધાનસભ્યોમાં સળગેલી આંતરીક હોળીને બુઝાવવા બી.જે.પી.ના તે વખતના સર્વેસર્વા **અટલબિહારી વાજપેઇજી** અને બીજા અગ્રણીઓ મારતે ઘોડે અમદાવાદ - ગાંધીનગર પહોંચ્યા હતા અને શંકરસિંહજી વાઘેલા સાથે વાટાઘાટોના અવિરત દોર ચાલુ રહ્યા હતા. કોઈ કોઈને મચક આપતું નહોતું.

એક રાત્રે છેક ૩ વાગે ખજુરાહોના વિધાનસભ્યોને શંકરસિંહજીની સૂચના મળી : 'તાત્કાલિક ગાંધીનગર પાછા આવી પહોંચો.' ચાર્ટર્ડ પ્લેન હાજર હતું. બે વખતના ચાર્ટર્ડ પ્લેનના અને ખજુરાહો પંચતારક હોટેલના એક સપ્તાહના સુખ સાહ્યબીભર્યા રોકાણના — એમ બધું મળીને કાંઈ નહીં તોય શંકરસિંહજીને લગભગ રૂપિયા દસેક લાખનો ખર્ચ થયો હશે.

ખજુરાહોથી અમદાવાદ પહોંચેલા વિધાનસભ્યોને સરકિટ હાઉસ ખાતે હાજર કરાયા હતા. વાજપાઇજી અને શંકરસિંહજીની સમાધાન વાટાઘાટ પરાકાષ્ટા પર પહોંચી હતી. શું અંજામ આવશે તેની બંને સામસામી છાવણીના વિધાનસભ્યોમાં પળ-પળની આગાહીઓ હવામાં ગુંજતી હતી.

**પારસ્પરિક સમાધાનની પરાકાષ્ટાએ પ્રપોઝલ મૂકાઇ. વાજપાઈજીએ કહ્યું : 'ન કેશુભાઈ, ન શંકરસિંહજી.'**

એટલે સમાધાન માટેના બે નામો ચર્ચામાં બધાની સામે ઉપસ્યા : **સુરેશભાઇ મહેતા** અને **કાશીરામજી રાણા**. બંને નામો સંબંધે થોડી વધુ ચર્ચા થઇ અને આખરે સુરેશભાઈ મહેતાનું નામ નવા ચીફ મિનિસ્ટર તરીકે નક્કી થયું. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. નવું પ્રધાનમંડળ બન્યું.

વાઘેલા બાપુના સમર્થકોમાંથી છ વિધાનસભ્યોને નવા મંત્રીમંડળમાં પ્રધાનો તરીકે લેવામાં આવ્યા, પણ આંતરિક ધૂંધવાટ શમતો નહોતો. વાઘેલા છાવણીના મંત્રીઓ અને વિધાનસભ્યો તરફનું કેશુભાઈ - મોદી છાવણીવાળાઓનું વર્તન - વ્યવહાર, જાણે તેઓ સાવકા હોય, અસ્પૃશ્યો હોય, નાત બહારના હોય તેવું રહેતું હોવાનું વાઘેલા છાવણીવાળા વિધાયકોને સતત લાગતું હતું, અનુભવાતું હતું અને ભારે કોરતું હતું. એમને 'ખજુરીયાઓ' તરીકે ખાનગીમાં સંબોધાતા હતા. (જેઓ ખજુરાઓ ગયા હતા.) આવા વલણના ઉગ્ર પ્રત્યાઘાત પડે એ સ્વાભાવિક જ હતું. એટલે શંકરસિંહજીના સમર્થકો કેસુભાઈ - મોદીના ટેકેદારોને 'હજુરીયાઓ' (જેઓ જી-હજૂરી કરતા રહે કે સતત પ્રશંસા કરતા રહે) તરીકે સંબોધતા થયા હતા. બાકી જેઓ રહ્યા, જેઓ કોઈ છાવણીના નહોતા, તેઓ 'મજુરીયાઓ' (સતત મજુરી કરતા રહેનારાઓ) તરીકે સંબોધતા રહ્યા હતા. આ 'ખજુરિયાઓ', 'હજુરિયાઓ' અને 'મજુરિયાઓ'ના જનતા ખિતાબોને વર્તમાનપત્રો વધુમાં વધુ ચમકાવતા રહ્યા હતા. એક તબક્કે તો સમગ્ર ગુજરાતભરમાં આ ત્રણ ઓળખ-ચંદ્રકો ભારે ગાજતા થયા હતા.

સામસામી છાવણીઓના આંતરિક અસંતોષ, કડવાશ અને ધિક્કારના કલૂષિત વાતાવરણના બારૂદનો બોંબ ૧૯૯૬માં વડાપ્રધાન બનેલા વાજપાઇજીના અમદાવાદ ખાતેના એક સત્કાર સમારંભમાં ફૂટ્યો હતો. જ્યારે વાઘેલાજીના સમર્થકો ઉપર કહેવાતા હજુરીયા તત્ત્વોએ બેશર્મ હુમલો કર્યો હતો. આ હુમલા દરમ્યાન વરિષ્ઠ, બુઝુર્ગ, સહકારી સંસ્થાઓના સ્થાપક અને સન્માનનિય વિધાનસભ્ય આત્મારામ પટેલનું ધોતીયું ખેંચી લેવાયું હતું અને બીજા અગ્રણી દત્તાજી ચીરનદાસને જીવતા સળગાવી દેવાના હિચકારા કુકૃત્યો આચરાયા હતા. કોઈ પણ સ્વમાની વ્યક્તિ કે જૂથની સહનશક્તિ પર આ ધિક્કારપાત્ર પોલાદી, જીવલેણ પ્રહાર હતો. જાહેર જીવનમાં જાળવાવી જોઈતી વિવેકની લક્ષ્મણ રેખાનું આ નિર્લજ્જ છેદન હતું.

આ ઘટના પછી શંકરસિંહજી વાઘેલાને વધુ એક વખત બળવો કરવો પડ્યો હતો. એટલામાં ૧૯૯૬ની લોકસભાની ચૂંટણીમાં ગોધરા બેઠક પરથી લડેલા શંકરસિંહજી હાર્યા. (આ હારમાં

કયા ખટપટિયાઓએ શું અને કેટલો બધો ભાગ ભજવેલો તેની કથા તો જુદો લેખ માંગી લે છે.)

**બી.જે.પી.એ શંકરસિંહજી વાઘેલાની ભારતીય જનતા પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી.**

શંકરસિંહજીએ નવી પાર્ટી 'રાષ્ટ્રીય જનતા પાર્ટી' (આર.જે.પી.)ની ૪૮ વિધાનસભ્યો સાથે, સ્થાપના કરી. કોંગ્રેસ પાર્ટીના વિધાનસભ્યોએ વાઘેલાની પાર્ટીને પોતાનો ટેકો જાહેર કર્યો. શંકરસિંહજીની આરજેપી પાર્ટીએ ગુજરાત વિધાનસભામાં પોતાની બહુમતી હોવાનો ગુજરાતના ગવર્નર સમક્ષ દાવો રજૂ કર્યો. દાવો હકીકત આધારિત હોવાને કારણે મંજૂર થયો અને આર.જે.પી. અને કોંગ્રેસની સંયુક્ત ગુજરાત સરકાર રચાઇ. ઓક્ટોબર ૧૯૯૬માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શંકરસિંહજી વાઘેલા નવી સરકારમાં ગુજરાતના મુખ્યમંત્રી – ચીફ મિનિસ્ટર બન્યા.

એકાદ વર્ષ આ ચાલ્યું. દરમ્યાનમાં કોંગ્રેસ પાર્ટી સાથેના કેટલાક મતભેદોએ ઉગ્ર સ્વરૂપ લેતાં, શંકરસિંહજીની જગ્યાએ ચીફ મિનિસ્ટર તરીકે એમની જ પાર્ટીના દિલીપભાઈ પરીખ આવ્યા. રાજકીય પરિસ્થિતિ તોફાનગ્રસ્ત હતી. એવા સંયોગોમાં શંકરસિંહજીની ભલામણથી તે વખતના ચીફ મિનિસ્ટર દિલીપભાઈ પરીખે ગુજરાત વિધાનસભાને બરખાસ્ત કરી અને ૧૯૯૮માં નવી ચૂંટણી યોજાઈ.

*૭, ડફોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન, તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨*

## ગુજરાત વિધાનસભા - ૨૦૧૭ ચૂંટણીમાં કચ્છ

'કચ્છશ્રુતિ'નો આ અંક વાંચતા હશો ત્યારે ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીના પરિણામો આવી ગયેલ હશે અથવા તો આવવાની તૈયારીમાં હશે.

ગુજરાત વિધાનસભાની ૮૯ બેઠકો માટેની ચૂંટણી ૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ યોજાયેલ કે જેમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનો સમાવેશ થતો હતો. જ્યારે ૯૩ બેઠકોની ચૂંટણી ૧૪ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ યોજાયેલ કે જેમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પંચમહાલનો સમાવેશ થયેલ હતો.

કચ્છની વાત કરીએ તો અબડાસામાં ૧૧, માંડવીમાં ૧૭, ભુજમાં ૧૩, અંજારમાં ૧૨, ગાંધીધામમાં ૧૪ અને રાપરમાં ૬ ઉમેદવારો ઊભા રહેલ હતા. કચ્છની રાપર બેઠક પર ત્રિપાંખિયો જંગ હતો જ્યારે બાકીની ૫ બેઠક પર મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે લડાઈ હતી. મુખ્ય ઉમેદવારોની માહિતી નીચે મુજબ રહેવા પામેલ હતી.

| | વિસ્તાર | ભાજપ | કોંગ્રેસ | એન.સી.પી. |
|---|---|---|---|---|
| ૧. | અબડાસા | છબીલદાસ પટેલ | પ્રદ્યુમનસિંહ જાડેજા | — |
| ૨. | માંડવી | વિરેન્દ્રસિંહ જાડેજા | શક્તિસિંહ ગોહીલ | — |
| ૩. | ભુજ | નીમાબેન આચાર્ય | આદમ બી. ચાકી | — |
| ૪. | અંજાર | વાસણભાઈ આહીર | વી. કે. હુંબલ | — |
| ૫. | ગાંધીધામ | માલતીબેન મહેશ્વરી | કિશોર પિંગોલ | — |
| ૬. | રાપર | પંકજ મહેતા | શ્રીમતી સંતોક આરેઠિયા | બાબુભાઈ મેઘજી શાહ |

કચ્છમાં શિવસેનાએ પણ માંડવી વિભાગમાંથી જયેશ પ્રવીણચંદ્ર વોરા તથા ભુજ વિભાગમાંથી મધુભાઈ સોઢાને ઊભા રાખેલ હતા. બાકી ઉમેદવારોમાંથી મોટાભાગના ઉમેદવારો અપક્ષ હતા.

શ્રી તારાચંદભાઈ છેડાએ માંડવી વિભાગમાંથી અને શ્રી મૂકેશભાઈ ઝવેરીએ ભુજ વિભાગમાંથી ભાજપ પક્ષમાંથી ટિકિટો માંગેલ હતી પણ આ વિભાગો ભાજપ તરફથી અન્યોને ફાળવવામાં આવેલ હતા.

માંડવી વિભાગમાંથી કોંગ્રેસ તરફથી ચૂંટણી લડતા શક્તિસિંહ ગોહીલ મોટા ગજાના કોંગ્રેસના કાર્યકર છે. જ્યારે તેમની સામે ભાજપે ઊભા કરેલ ઉમેદવાર વિરેન્દ્રસિંહ જાડેજા આમ તો રાપર વિભાગના છે પરંતુ અખિલ કચ્છ રાજપુત સમાજના પ્રમુખ હોવાના નાતે શક્તિસિંહ ગોહીલ સામે ટક્કર ઝીલવા ભાજપે તેમને ખડા કરેલ હતા. ■

# પરિવર્તન ફોકિઆ, કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી અને કચ્છ

• નિમેષ ફડકે •

"You are doing a lot by just doing business. Do more by bettering the way you do business." સામાજિક ઉત્તરદાયિત્વને સમજાવવા માટે કદાચ આનાથી ઉપર્યુક્ત પંક્તિ મને નથી મળતી.

સામાન્ય રીતે ઉદ્યોગ ગૃહોનું પ્રદાન આર્થિક વિકાસ માટેના એક મહત્ત્વના પરિબળ તરીકે જોવામાં આવે છે. પરંતુ કંપનીઝ એક્ટ, ૨૦૧૩ના અમલીકરણ બાદ અને ખાસ કરીને તે આ કાયદામાં લાગુ કરવામાં આવેલ સેક્શન ૧૩૫ અને શિડ્યુલ VII પ્રમાણે તથા પ્રોવિઝન ઓફ કંપનીઝ રૂલ (કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી) ૨૦૧૪ કે જે ૧ એપ્રિલ, ૨૦૧૪થી અમલમાં આવ્યું, ત્યાર પછી ઉદ્યોગ ગૃહો દ્વારા તથા સામાજિક કાર્યોને એક અલગ દિશા મળી છે અને નવી ઊંચાઈ મળવાની શક્યતા બની છે.

કચ્છના સંદર્ભમાં વાત કરીએ તો કદાચ ઉપર જણાયેલ વાત ખોટી પડે કારણકે કચ્છમાં હજુ પણ જીવંત રહેલી મહાજન પ્રથા અને કચ્છી દાનવીરોની ઉદારદિલ સખાવતો અને અસીમ વતનપ્રેમને કારણે, ઉપરોક્ત કાયદાના અસ્તિત્વમાં આવ્યા પહેલાના હજારો વર્ષોથી, કચ્છ જિલ્લામાં દાનવીરો દ્વારા ઉમદા સામાજિક કામો થયેલા છે. તો પ્રશ્ન એ આવે કે નવા કંપનીઝ એક્ટ અંતર્ગત, કચ્છમાં આવેલ ઉદ્યોગગૃહોએ કરવા પડતા સામાજિક જવાબદારી અંતર્ગતના કામોમાં શું નવું પરિમાણ છે?

**નવા કાયદા અંતર્ગત નીચે જણાવેલ ત્રણ શરતોમાંથી કોઈ પણ એક શરતની પૂર્તતા થતી હોય તો જે તે ઉદ્યોગ ગૃહ ફરજિયાતપણે સામાજિક ઉત્તરદાયિત્વમાં આવી જાય છે.**

(એ) કંપનીની નેટવર્થ રૂા. ૫૦૦ કરોડ અથવા વધુ

(બી) કંપનીનું ટર્નઓવર રૂા. ૧૦૦૦ કરોડ અથવા વધુ

(સી) કંપનીનું નેટ પ્રોફિટ રૂા. ૫ કરોડ અથવા વધુ

આવા ઉદ્યોગ ગૃહોએ પાછલા ત્રણ વર્ષોના નેટ પ્રોફિટના એવરેજની ૨% રકમ ફરજિયાતપણે સામાજિક ઉત્તરદાયિત્વના કામો માટે વાપરવી પડે છે. અલબત્ત, આ રકમ તે ઉદ્યોગગૃહ દેશમાં કોઈ પણ જગ્યાએ વાપરી શકે છે. આ રકમ કયા ક્ષેત્રોમાં વાપરવી તેની એક માર્ગદર્શિકા પણ મિનિસ્ટ્રી ઑફ કંપની અફેર્સ (MCA) દ્વારા બહાર પાડવામાં આવી છે, જે નીચે મુજબ છે.

**Schedule VII**

(See sections 135)

Activities which may be included by Companies in their Corporate Social Responsibility Policies Activities relating to :–

(i) eradicating extreme hunger and poverty;

(ii) promotion of education;

(iii) promoting gender equality and empowering women;

(iv) reducing child mortility and improving material health;

(v) combating human immunodeficiency virus, acquired immune deficiency syndrome, malaria and other diseases;

(vi) ensuring environmental sustainability;

(vii) employment enhancing vocational skills;

(viii) social business projects;

(ix) contribution to the Prime Minister's National Relief Fund or any other fund set up by the Central Government or the State Governments for socio-economic development and relief and funds for the welfare of the Scheduled Castes, the Scheduled Tribes, other backward classes, minorities and women; and

(x) such other matters as may be prescribed.

હવે ઉપરોક્ત કાયદા પ્રમાણે કચ્છમાં આવેલ ઉદ્યોગ ગૃહો એ સામાજિક ઉત્તરદાયિત્વ માટે ફરજિયાતપણે વાપરવી પડતી રકમ, વર્ષ ૧૫-૧૬ માટે લગભગ ૨૦૦ કરોડ જેવી છે જ્યારે આ રકમ ગુજરાતમાં આવેલ ઉદ્યોગ ગૃહો માટે લગભગ ૬૬૬ કરોડ છે. આમ, કચ્છના ઉદ્યોગગૃહો દ્વારા ફરજિયાત પ્રમાણે વાપરવાની થતી રકમ, સમગ્ર ગુજરાતના ઉદ્યોગગૃહો દ્વારા

વાપરવાની થતી કુલ રકમના ૧/૩ છે. સમગ્ર દેશની ૭૩૩૪ કંપનીઓએ વર્ષ ૨૦૧૪-૧૫ અંતર્ગત ફરજિયાતપણે વાપરવાની થતી રકમ રૂા. ૮૮૦૩ કરોડ છે અને સમગ્ર દેશની ૫૦૯૭ કંપનીઓએ વર્ષ ૨૦૧૫-૧૬ અંતર્ગત ફરજિયાતપણે વાપરવાની થતી રકમ રૂા. ૯૮૨૨ કરોડ છે. આ કંપનીઓએ, વર્ષ ૨૦૧૫-૧૬માં ગુજરાતમાં રૂા. ૩૩૮ કરોડના સી.એસ.આર. પ્રોજેક્ટ્સ હાથ પર લીધા હતા. (આંકડાકીય માહિતીનો સ્રોત મિનિસ્ટ્રી ઑફ કંપની અફેર્સની વેબસાઇટ છે.) બીજી રીતે જોઈએ તો, સમગ્ર ગુજરાતની કંપનીઓ દ્વારા ફરજિયાતપણે વાપરવાની થતી કુલ રકમ સમગ્ર ગુજરાતના નાણાંકીય બજેટનો ફક્ત ૦.૫% છે. તો પ્રશ્ન એ થાય કે ઉદ્યોગ ગૃહો દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના કામો માટે વપરાતી આટલી નાની રકમ સામાજિક વિકાસના કામો માટે શું અસર ઉપજાવી શકે?

પરંતુ, જો આ રકમ હવે પછીના દર વર્ષે આયોજનબધ્ધ રીતે અને પૂરી નિષ્ઠા સાથે ઉદ્યોગ ગૃહો (ગુજરાત CSR ઓથોરીટી), સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) અને કોમ્યુનિટી ખર્ચે તો કચ્છના ઔદ્યોગિક વિકાસના ફળો કચ્છના છેવાડાના માણસ સુધી પહોંચાડી શકાય. આ કેવી રીતે કરવું? આ દિશામાં કાર્ય કરવા માટેનો અભિગમ નક્કી કરવા માટે, કચ્છની નાના, મધ્યમ અને મોટા ઔદ્યોગિક ગૃહોનું પ્રતિનિધિત્વ કરતું ફેડરેશન ઑફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ)એ કચ્છમાં ૨૦૦૫થી વિચારવાનું શરૂ કર્યું. ફોકિઆએ વિવિધ ઉદ્યોગગૃહો, સમાજ, સરકાર અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ સાથે સતત સંવાદ રચી મુખ્યત્વે નીચેના મુદ્દાઓ પ્રમાણે સામાજિક ઉત્તરદાયિત્વના કામો કરવા માટે માર્ગદર્શિકા બનાવી, જે આ પ્રમાણે છે :

૧. ઉદ્યોગગૃહો દ્વારા થતાં કામોમાંથી એકાદ પ્રોજેક્ટ / કામ એવું વિશાળ / મોટું હોવું જોઈએ કે જેથી કરીને સમાજ પર તેની હકારાત્મક અસર ઊભી થાય.
૨. સામાજિક ઉત્તરદાયિત્વના કામો કચ્છ જિલ્લાની આર્થિક, સામાજિક અને ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવા. જેથી કરીને સ્થાનિકોના જીવનમાં હકારાત્મક બદલાવ કરી શકાય.
૩. સામાજિક ઉત્તરદાયિત્વનો દરેક પ્રોજેક્ટ કોમ્યુનિટીને સ્વનિર્ભરતા તરફ વાળે તેવો હોવો જોઈએ, નહીં કે પરાવલંબન તરફ.
૪. સામાજિક ઉત્તરદાયિત્વના દરેક પ્રોજેક્ટ દ્વારા સમાજના દરેક ઘટકો અને ઉદ્યોગગૃહો વચ્ચે સમરસતા સર્જાય તેવો હોવો જોઈએ.

ઉપરોક્ત માર્ગદર્શિકાને વધુ દીશાલક્ષી બનાવવા માટે ફરજિયાતપણે કરવાના થતાં સીએસઆર સ્પેન્ડિંગની રકમને નીચે પ્રમાણે જે તે કંપનીએ વાપરવી તેવું માર્ગદર્શન GCSRA, કચ્છ કલેક્ટોરેટ, ફોકિઆ, યુનિસેફ – ગુજરાત, કચ્છ યુનિવર્સિટી અને NGO દ્વારા તેના તા. ૨-૩-૨૦૧૭ના રોજ થયેલ કચ્છ સી.એસ.આર. કોન્કલેવમાં ઠરાવ્યું હતું.

૧. સહયોગી પ્રયત્નો સાથે CSR પ્રોજેક્ટ્સ માટે કુલ CSR ભંડોળના ૩૦% રકમ જે તે ઉદ્યોગ ગૃહોએ વાપરવી. આવા સહયોગી પ્રયત્નોથી હાથમાં લીધેલ પ્રોજેક્ટ નીચે પ્રમાણે છે :
(a) ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ - ભુજ (GAIMS) દ્વારા સંચાલિત જી.કે. જનરલ હોસ્પિટલ
(b) LLDC (લિવિંગ એન્ડ લર્નિંગ ડીઝાઇન સેન્ટર) – શ્રુજન દ્વારા પહેલ.
(c) પ્રોજેક્ટ બ્લ્યુ રેવોલ્યુશન – અ જર્ની ફ્રોમ વોટર સ્કેર્સ ટુ વોટર સરપ્લસ ડિસ્ટ્રીક્ટ
૨. કસ્ટમાઇઝ્ડ (સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નક્કી કરેલ) પ્રોજેક્ટસ માટે ૩૦%
(a) કચ્છ જિલ્લામાં કાયમી રીતે ઘાસચારાની ઉપલબ્ધતા.
(b) મીઠાના કામદારો અને સ્થાનિક માછીમારો માટે સી.એસ.આર.
(c) જમીન સપાટી ઉપરના જળના સંગ્રહ સ્થાનોની સુવિધાઓ વધારવી - જલ મંદિર
(d) સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ઘર દીઠ શૌચાલયો બનાવવા.
૩. કુલ સી.એસ.આર. ભંડોળના ૪૦% રકમ જે તે ઉદ્યોગ ગૃહોએ પોતાની અગ્રતા અનુસાર કંપનીઝ એક્ટના શેડ્યુલ VII પ્રમાણે વાપરવી.

ઉપરોક્ત વ્યાપક અને સ્પષ્ટ માર્ગદર્શિકાઓ પ્રમાણે અમારા સભ્યશ્રીઓ એગ્રોસેલ ગ્રુપ ઓફ કંપનીઝ, આશાપુરા ગ્રુપ ઓફ કંપનીઝ અને અદાણી ગ્રુપ ઓફ કંપનીઝ દ્વારા નીચે મુજબના સી.એસ.આર. લેન્ડમાર્ક પ્રોજેક્ટ ઊભા કરવામાં આવે છે અથવા ચલાવવામાં આવે છે. આ પ્રોજેક્ટની ટુંકમાં વિગતો નીચે મુજબ છે :

- **LLDC by Shrujan**

જાન્યુઆરી ૨૦૧૬માં, શ્રુજને પોતાના સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને કાર્યાન્વિત કર્યો 'ધી લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન

સેન્ટર (LLDC)' જે કચ્છના અજરખપુરમાં નવ એકર કેમ્પસમાં સ્થિત છે. તે એક મલ્ટી ડાયમેન્શનલ હસ્તકલા શિક્ષણ અને સ્રોતનું કેન્દ્ર છે. જે હસ્તકલા વારસાને જાળવી રાખશે અને આજના વિશ્વભરના બજારમાં તેમને સુસંગત બનાવવા માટે તમામ ૨૨ પરંપરાગત હસ્તકલાના પ્રકારોને મજબૂત કરે છે તથા આજના સમયમાં આ કલાને એક દિશા આપવાનું નક્કી કરે છે. આ સ્કીલ ટ્રેઇનિંગ અને ક્રાફ્ટ એજ્યુકેશન સેન્ટર સ્ત્રી સશક્તિકરણ માટે પણ કામ કરે છે. અત્યાર સુધી આ પ્રકલ્પમાં લગભગ રૂા. ૩૫ કરોડનો ખર્ચ થઈ ગયેલ છે. LLDC ની ખાસિયત એ છે કે તે કચ્છના છેવાડાના ગ્રામ્ય વિસ્તારમાં હજારો વર્ષથી ચાલી આવતી કલાને દુનિયા સાથે જોડવાનું કામ કરે છે. આ પ્રકલ્પ માટે હજુ લગભગ બીજા વીસ કરોડના મૂડી રોકાણની આવશ્યક્તા છે. વધુમાં આ પ્રકલ્પ બહુ વિશાળ હોવાથી અને રેવન્યુ જનરેશનનો વિકલ્પ મર્યાદિત હોવાથી તેના નિભાવ અને જાળવણી માટે પણ બીજા ઉદ્યોગ ગૃહના સહયોગની જરૂર રહેશે.

- **વંદે માતરમ મેમોરિયલ :**

વંદે માતરમ સ્મારક એ ભારતનું પ્રથમ ૪-ડી સ્મારક છે, જે ભારતીય સ્વતંત્રતા સેનાનીઓને માટે સમર્પિત છે. બ્રિટીશ શાસનથી ભારતની સ્વાતંત્ર્ય સંગ્રામમાં સૌથી યાદગાર એપિસોડને અમલમાં મૂકવા માટે તે એક અનન્ય રાષ્ટ્રીય સ્મારક છે. વંદે માતરમ એ કલા, સ્થાપત્ય અને તકનીકનો સમન્વય છે, જે સ્વતંત્રતાની ગાથા વર્ણવે છે. ભારતની સ્વતંત્રતા માટેની યાત્રા અને આપણા દેશબંધુઓના બલિદાનની આ ગાથા સાથે જોડી સ્મારક દેશ પ્રેમ પ્રજ્વલિત રાખે છે. વંદે માતરમ એક જ વખતની જીવનકાળ છે અને દરેક ભારતીય માટે એક ફરજિયાત અનુભવ છે કે જે તેની મૂળ જોડે પુનઃજન્મિત કરવા આતુર છે અને જે તેને રાષ્ટ્રીય ગૌરવ અને તેની પોતાની રીતની નવીનીકરણ અને પુનઃસ્થાપન કરવા માંગે છે.

વંદે માતરમ સ્મારક ભુજની બાજુમાં લગભગ ૧૨ એકરના સંકુલમાં આવેલું છે અને આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા બિન નફાકારક ચલાવવા માટે, સ્વૈચ્છિક સી.એસ.આર. હેઠળ બનાવવામાં આવેલ છે. એના પર અત્યાર સુધી લગભગ ૬૦ કરોડનો ખર્ચ થયેલ છે. અહીં 'સંસદ ભવન'ની પ્રતિકૃતિ ઈમારત પણ બનાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ ઊભો કરવામાં લગભગ ૫ વર્ષનો સમય લાગ્યો છે.

- **Gujarat Adani Institute of Medical Sciences - Bhuj**

ગુજરાત અદાણી મેડિકલ સાયન્સ (GAIMS) એ PPP (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ) વેન્ચર છે જે અદાણી રીસર્ચ અને એજ્યુકેશન રીસર્ચ ફાઉન્ડેશન અને ગુજરાત સરકાર વચ્ચે રચાયેલું છે. અહીંની મેડિકલ કોલેજ કચ્છ યુનિવર્સિટી હેઠળ ચલાવવામાં આવે છે.

**સમગ્ર વિશ્વમાં કોઈ જિલ્લા હોસ્પિટલ, મોટા ઇન્ડસ્ટ્રીયલ હાઉસ દ્વારા ચલાવવામાં આવતી હોય તેવો કદાચ આ એક બનાવ છે.** લગભગ ૨૭ એકરમાં ફેલાયેલું આ સંકુલ લગભગ ૭૫૦ બેડ, અદાણી મેડિકલ કોલેજ, હોસ્ટેલ અને નર્સિંગ સ્કૂલ ધરાવે છે. ગુજરાત સરકાર પાસેથી હસ્તગત કર્યા પછી અદાણી ગ્રુપ ઓફ કંપનીઝ દ્વારા આ હોસ્પિટલના CAPAX માટે લગભગ ૧૦૦ કરોડ રૂપિયા અને OPAX અત્યાર સુધી ૫ કરોડ રૂપિયા વપરાયા છે. (એટલે કે દર વર્ષે લગભગ ૧ કરોડ રૂપિયા).

**ભુજમાં જિલ્લા જનરલ હોસ્પિટલની કાર્યવાહી જુલાઇ ૨૦૧૩માં અદાણી ગ્રુપને સોંપી દેવામાં આવી હતી.** ગુજરાત સરકાર અને અદાણી ગ્રુપ વચ્ચે ૨૦૦૯માં થયેલા એમ.ઓ.યુ.ના અનુસંધાનમાં કચ્છમાં મેડિકલ કોલેજ સ્થાપવાનો અને ડિસ્ટ્રીક્ટ જનરલ હોસ્પિટલમાં બહેતર મેડિકલ કેર માટે કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

★ આ પછી નવા મેનેજમેન્ટે ઓ.પી.ડી. એરિયા Revamping કાર્ય, વોર્ડ, ઇમરજન્સી એરિયા વગેરેનું રીવેમ્પિંગ ચાલુમાં છે.

★ હોસ્પિટલમાં અત્યાધુનિક સાધનો જેવા કે સૌથી ૧૬ સ્લાઇસ સી.ટી. સ્કેન, ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. મશીન, મેમોગ્રાફી વગેરે.

★ ડાયાલિસિસ અને થેલેસેમિયા સારવાર શરૂ કરવામાં આવી.

★ Blood Component Desperation Unit Set Up, જે સમગ્ર જિલ્લામાં અત્યાધુનિક છે.

★ દર્દીઓની સારવાર માટે વધુને વધુ નિષ્ણાત ડોક્ટરોને રોક્યા.

★ હાઉસિંગ અને દર્દી સંભાળ સહાયતા માટે કુશળ માનવશક્તિ માટે સંકળાયેલી વ્યવસાયિક એજન્સીઓ.

★ ઓ.પી.ડી. ૨૦૧૩-૧૪માં ૫૭૯થી વધીને ૨૦૧૬-૧૭માં ૯૦૪ સુધી પહોંચ્યું છે. કોઈ એક દિવસની સંખ્યા ૧૨૬૧ સુધી પણ પહોંચી છે.

★ દૈનિક પ્રવેશ ૯૯ અને દૈનિક સરેરાશ ઈન્ડોર પેશન્ટની ગણતરી વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૪૪થી વધીને વર્ષ ૨૦૧૬-

૧૭માં ૨૪૨ થઈ.

★ માન્યતાપ્રાપ્ત મેડિકલ કોલેજ અન્ડર ગ્રેજ્યુએટ (યુજી) અને પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) શિક્ષણ માટે જિલ્લા સ્તરની હોસ્પિટલને શૈક્ષણિક હોસ્પિટલ બનાવી અને આ કારણે નિવાસી તબીબો અને ઇન્ટર્ન ડૉક્ટર્સની સંખ્યા પેશન્ટ કેર માટે વધી.

★ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા દ્વારા માન્યતાપ્રાપ્ત પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો પેરા ક્લિનિકલ શાખાઓ જેવી કે પેથોલોજી, માઇક્રોબાયોલોજી, જનરલ સર્જરી, ઇ.એન.ટી. વગેરે.

- **કસ્ટમાઇઝ્ડ (સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નક્કી કરેલ) પ્રોજેક્ટ્સ માટે ૩૦%**

**૧.** મીઠાના અગરમાં કામ કરતા લોકો માટે.

(a) સ્વચ્છતા, પીવાલાયક પાણી પૂરું પાડવું, પ્રાથમિક આરોગ્ય, શિક્ષણ અને તેમને રહેવા માટે મકાનોની વ્યવસ્થા, તેમને અગરથી નજીકના શહેરી કસ્બા સુધી લાવવા - લઈ જવા માટે વાહનની વ્યવસ્થા કરવી.

(b) મીઠું પકવવા સિવાયના સમય સિવાય, બાકીના પાંચ-છ મહિના માટે, આ અગરિયાઓ માટે વૈકલ્પિક રોજગારીની વ્યવસ્થા કરવી.

**૨.** પરંપરાગત માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલા અને માછીમારી કરતા સમુદાય માટે પણ ઉપરોક્ત વર્ણવેલા બંને આયામો પર કામ કરવું.

ઉપરોક્ત બંને પ્રકલ્પો પર અદાણી ફાઉન્ડેશન જેવા ઉદ્યોગગૃહો અને યુસુફ મહેરઅલી સેન્ટર જેવી NGO કામ કરે છે.

**3.** કચ્છમાં દર ચાર વર્ષમાંથી બે વર્ષ દુકાળ હોય છે. ઓછો, અનિયમિત વરસાદ અને પાણીની સતત તંગીની સામે ઝઝુમતા આ મૂલકમાં જેટલી માનવ વસ્તી છે, લગભગ તેટલી જ દૂધાળા પશુઓની વસ્તી છે. પાણીની સતત તંગીને કારણે આ ચોપાઓ માટે પોષણક્ષમ ઘાસચારાની ઉપલબ્ધિ એક મોટો પડકાર છે. **કચ્છ જિલ્લામાં લગભગ ૧૦૦ પાંજરાપોળોમાં ૧ લાખ પશુઓ છે.** આ બધા પશુઓ માટે ઘાસચારો હંમેશાં મહાજનો અને હવે ઉદ્યોગગૃહોના સહકારને કારણે જ પૂરો પડે છે. દુકાળના વર્ષોમાં ખેડૂતો, માલધારીઓ અને પાંજરાપોળોમાં રહેલા પશુઓ માટે ઘાસચારો પૂરો પાડવો વધારે પડકારજનક છે. આ દરેક વર્ગ ઘાસચારા માટે હંમેશા સ્વનિર્ભર થાય તે રીતે તેમને મફતમાં બીજ પૂરા પાડી, પાંજરાપોળની જમીનો ઉપર ઉદ્યોગગૃહોની મદદથી ઘાસચારો ઉગાડી સામાજિક ઉત્તરદાયિત્વના કામો હાથ પર લેવાય તેવું આયોજન વિચારાયું છે. હાલના આયોજન પ્રમાણે, આવતા ૧૦ વર્ષમાં માલધારીઓ, ખેડૂતો, પાંજરાપોળોમાં રહેલા પશુઓ માટે મહાજનો, ઉદ્યોગ ગૃહો, સરકારશ્રી અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોથી લગભગ રૂા. ૨૦ કરોડના કુલ ખર્ચે સમગ્ર જિલ્લાની ઘાસચારાની જરૂરિયાતોને પૂરા પાડવા માટેનું આયોજન તૈયાર કરાયું છે. મુંદ્રા ખાતે આવેલ ટાટા પાવર દ્વારા તથા અદાણી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં કુલ અનુક્રમે રૂા. ૬૨૩.૫૬ લાખ, રૂા. ૫૨૨.૧ લાખ અને રૂા. ૧૫૦.૦૦ લાખ તથા રૂા. ૧૨૭.૦૦ લાખના ઘાસચારાનું વિતરણ વર્ષના લગભગ સાત મહિના માટે કરવામાં આવ્યું.

**૪.** આ જ રીતે પ્રોજેક્ટ બ્લ્યુ રેવોલ્યુશન હેઠળ કચ્છ પાણીની અછતવાળા પ્રદેશમાંથી પાણીની છતવાળો પ્રદેશ બને તેવું કાર્ય છેલ્લા પાંચ-સાત વર્ષોથી શરૂ થયું છે. ફોકિઆના બે સભ્યો એક્સેલ ક્રોપ કેર અને એગ્રોસેલ લિ.એ આ પ્રોજેક્ટના રીસર્ચ માટે લગભગ રૂપિયા પંચાવન લાખ ખર્ચ્યા છે અને એરીડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ACT)ના શ્રી યોગેશ જાડેજાએ આ કામ કર્યું છે. **'પ્રોજેક્ટ બ્લ્યુ રેવોલ્યુશન' જે કુલ લગભગ ત્રણ હજાર કરોડનો પ્રોજેક્ટ છે, જે ઉદ્યોગોના CSR અને સરકારના ફંડના સંયુક્ત પ્રયાસોથી સાકાર થઇ શકે છે.** હાલમાં Participatory Ground Water Management (PGWM) હેઠળ લગભગ ચાલીસ ગામોમાં, રૂપિયા દસ કરોડ ખર્ચાયા છે. **આવનારા ૧૫ વરસોમાં સરકારશ્રી, ઉદ્યોગગૃહો અને સ્વૈચ્છિક સંસ્થાઓ જો પૂરી નિષ્ઠાથી કામ કરે તો સમગ્ર જિલ્લો પાણીની અછતવાળા પ્રદેશમાંથી પાણીની છતવાળો પ્રદેશ બની શકે છે.**

આ પ્રોજેક્ટ માટે ટાટા પાવર, યુનિલીવર ફાઉન્ડેશન, IL & FS જેવા ઉદ્યોગગૃહો અને અભિયાન તથા સહજીવન જેવી NGO કાર્ય કરી રહી છે.

**૫.** ઘરોમાં શૌચાલય બનાવવાના સ્વચ્છ ભારત મિશન હેઠળ, ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્યોગ ગૃહોએ લગભગ ૧૨,૦૦૦ શૌચાલયો બનાવ્યા છે. જેમાં લગભગ દસથી બાર કરોડ રૂપિયા ખર્ચાયા છે. ઉદ્યોગ ગૃહો જરૂરિયાત પ્રમાણે વધુ ઘરદીઠ શૌચાલયો બનાવવાની નેમ રાખે છે. જેની સંખ્યા ૧૦,૦૦૦ હોઈ શકે છે. આ પ્રકલ્પમાં એક્સેલ ક્રોપ કેર લિ., એગ્રોસેલ લિ., આર્ચિયન, વેલ-સ્પન વગેરે જેવા ઉદ્યોગ ગૃહો અને અનેક NGO કામ કરી રહી છે.

**૬.** કચ્છ જિલ્લામાં મુંદ્રા અને કંડલા બંદરો સમગ્ર દેશના કુલ ૩૫% માલ હેન્ડલ કરે છે. આ કારણે આ જિલ્લામાં લગભગ ૩૦,૦૦૦ વાહનો છે. FOKIA, WIAA સાથે લગભગ ૧૦ કરોડના ખર્ચે જિલ્લામાં એક ડ્રાઇવિંગ સ્કૂલ ખોલવાનું આયોજન કરે છે. આ ડ્રાઇવિંગ સ્કૂલ સ્કીલ્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ stimulator, Driving track અને આનુસંગીક જરૂરિયાતોથી સજ્જ હશે. જ્યાં લગભગ વર્ષે ૪૦૦૦ નવા ડ્રાઇવર તૈયાર કરી શકાય અને ૪૦,૦૦૦ જૂના ડ્રાઇવરને સાયન્ટીફીક ટ્રેનિંગ આપી શકાય. તા. ૧૮-૯-૨૦૧૭ના રોજ (૧) ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત, (૨) વેસ્ટર્ન ઇન્ડિયા ઓટોમોબાઇલ એસોસિએશન (WIAA) અને (૩) ફોકિઆ વચ્ચે આ ડ્રાઇવિંગ સ્કૂલ ઊભી કરવાના એમ.ઓ.યુ. સાઇન થયા છે અને આવતા ૬ મહિનામાં આ ઇન્સ્ટિટ્યૂટ કાર્યરત થાય તે દિશામાં પ્રયત્નો ચાલુ છે.

**૭.** કચ્છમાં રહેલ લગભગ આઠ હજાર તળાવોનો વરસાદી પાણીના સંગ્રહ માટે ઊંડા કરવાનું એક અભિયાન "જલ મંદિર" હાથ પર લેવામાં આવેલ છે. કચ્છના લગભગ દરેક તાલુકામાં પાણીની જરૂરિયાત કરતાં પુરવઠો ઓછો છે. **આ અભિયાન અંતર્ગત આજ સુધી કુલ લગભગ રૂા. ૧ કરોડના ખર્ચે સાત તાલુકાઓમાં ૭૯ તળાવો ઊંડા કરવાની કામગીરી થઈ છે.** આ કામમાં આરતી ફાઉન્ડેશન, એક્સેલ ક્રોપ કેર, એગ્રોસેલ, ટાટા પાવર જેવા ઉદ્યોગ ગૃહો અને અભિયાન જેવી NGO કામ કરી રહી છે.

સી.એસ.આર. ફંડના દરેક પૈસાને એ રીતે ખર્ચવા જોઈએ કે જેતી હજારો વંચિતોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે. આ પ્રક્રિયામાં સમુદાય અને કોર્પોરેટ કુલ વૃદ્ધિ માટે પારસ્પરિક મહત્ત્વ સમજશે અને સ્વીકારશે, જે તેમના વચ્ચેના નિર્દોષ બંધન તરફ દોરી શકે છે અને "ફેવિકોલ કા જોડ" જેવું મજબૂત બનાવશે... ■

## કચ્છ – ઉડતી નજરે

### કંડલા પોર્ટ અને મુંદ્રા પોર્ટના વાર્ષિક ટર્નઓવર

| વર્ષ | કંડલા પોર્ટ કુલ ટર્નઓવર (લાખ રૂપિયામાં) | મુંદ્રા પોર્ટ કુલ ટર્નઓવર (લાખ રૂપિયામાં) |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૧,૫૭,૧૮૩ | ૬,૧૬,૩૫૩ |
| ૨૦૧૫-૧૬ | ૧,૧૮,૯૪૦ | ૫,૭૯,૧૯૪ |
| ૨૦૧૪-૧૫ | ૧,૦૪,૮૨૭ | ૪,૬૪,૭૫૨ |

★ ૧૪ મે, ૨૦૦૮ સુધી રજિસ્ટર થયેલ કંપનીઓનું રોકાણ રૂા. ૧,૦૦,૦૦૦/- કરોડ કરતાં વધુ છે.

★ ભચાઉ, અંજાર, ગાંધીધામ, મુંદ્રા વગેરે વિસ્તારમાં લગભગ ૫૦ કિ.મી.ની ત્રિજ્યામાં ૨૦૦થી પણ વધુ ઉદ્યોગો અહીં સ્થાપિત થયેલ છે.

★ કચ્છના આ ઉદ્યોગો થકી લગભગ ૧,૦૦,૦૦૦ વ્યક્તિઓને ડાયરેક્ટ રોજી તથા લગભગ ૩,૦૦,૦૦૦ લોકોને ઇનડાયરેક્ટર રોજી મળી રહે છે.

★ દેશના ઉત્પાદનનું ૬૦ ટકા મીઠું અહીં પકવવામાં આવે છે.

★ લગભગ ૧૦,૦૦૦ મે.વો. જેટલો ઇલેક્ટ્રિક પાવર અહીં ઉત્પન્ન કરવામાં આવે છે.

★ સમગ્ર ભારત દેશમાં અંજાર, ગાંધીધામ, મુંદ્રા અને ભચાઉ તાલુકાને સ્પેશિયલ ઇમ્પોર્ટેડ કન્વર્ઝન ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે.

★ સબમર્જ્ડ આર્ક વેલ્ડિંગ પાઇપ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે કચ્છ એ દુનિયાના બીજા નંબરના ઝોન તરીકે સ્થાપિત થયેલ છે.

★ મુખ્યત્વે પોતાની પેદાશને પશ્ચિમના દેશોમાં નિકાસ કરતો દુનિયાનો બીજા નંબરનો વિશાળ ટેક્ષટાઈલ પ્લાન્ટ કચ્છમાં સ્થાપિત થયેલ છે.

★ ભારતના એડીબલ ઓઇલની જરૂરિયાતના ૫૦ ટકા ઓઇલ કચ્છની એડીબલ ઓઈલની રીફાઈનરીઓ પૂરું પાડે છે.

★ કચ્છ જિલ્લો સીમલેસ સિલિન્ડર બનાવવામાં દુનિયામાં મોટામાં મોટો વિસ્તાર છે.

★ કચ્છમાં પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ખાતર, પ્લાસ્ટિક, ટોઇલેટરી, બિસ્કિટ, સૉ પાઇપ્સ, એડીબલ ઓઇલ, પ્લાય તથા વિનિયર, આયોડાઇઝ્ડ મીઠું, સિમેન્ટ, મિનરલ પ્રોડક્ટ્સ, ટી.એમ.ટી. બાર્સ, ટાઇલ્સ, થર્મલ વિન્ડ તથા સોલાર ઇલેક્ટ્રિક પાવર, કમર્શિયલ વેહીકલ્સ, ટાયર, કેમિકલ્સ, ટેક્ષટાઇલ વગેરે પ્રકારના વિશાળ ઉદ્યોગો સ્થાપિત થયેલ છે.

★ આંતરરાષ્ટ્રીય ટુરિસ્ટ સેન્ટર તરીકે કચ્છ વિખ્યાત થઈ ચૂકેલ છે. ■

# કર્મશીલો માટે દીવાદાંડી
## ભુજની સંસ્થા સહજાનંદ રુરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ

કચ્છ

● પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર ● ડૉ. નાનક ભટ્ટ ●

● **પ્રાસ્તાવિક :**

કચ્છમાં ગરીબો માટે ઘસાઈને ઉજળા થનારા નામોની યાદી કરવી હોય તો તેમાં મૂલ્યનિષ્ઠ અગ્રણી દયારામભાઈ કેવડિયાનું નામ સૌને તુરંત યાદ આવે. વેરાન વાગડ પ્રદેશમાં નીલપર મુકામે "ભીમાણી ખાદી મંડળ"ની સ્થાપના દ્વારા આશ્રમશાળા, આરોગ્ય, ગ્રામોદ્યોગ, ગૌસેવા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓના તેઓ જનક બન્યા. સ્વ. દયારામભાઈના પુત્ર વિનોદભાઈ, પિતાશ્રીની પરંપરાના વારસદાર રહીને **"શ્રી સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ"** ભુજ - કચ્છના પ્રોજેક્ટ મેનેજર તરીકે સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ પ્રયોજી રહ્યા છે. **જેના શિરમોર છે તીર્થસમાન 'પુસ્તકમિત્ર યોજના.'**

મૂળ કચ્છના, કેન્યા દેશમાં વસવાટ કરતા ઉદ્યોગપતિ કેશુભાઈ ભુડિયાએ સ્વામી સચ્ચિદાનંદજીની પ્રેરણાથી ૧૯૯૩માં આ ટ્રસ્ટની સ્થાપના કરી. શરૂઆત થઈ બહેનોને સ્વરોજગારી આપવા માટે ડાયમંડ ટ્રેનિંગ સેન્ટરથી. ઈ.સ. ૨૦૦૦માં સંચાલકોને વિચાર આવ્યો કે આપણે ભૌતિક વિકાસના કાર્યક્રમોની સાથે શુભ વિચારોનું વાવેતર કરવા માટે પુસ્તક પ્રચાર - પ્રસારના ઉદાત્ત કાર્યનો પ્રારંભ કરીએ તો કેમ? **ટી.વી.ના આક્રમણ સમયે માનવીના અંતરાત્માને પ્રકાશિત કરવા માટે વાંચન પ્રવૃત્તિને લોકભોગ્ય કરવી હોય તો પુસ્તકો ઓછી કિંમતે, સરળતાથી સમાજ સુધી પહોંચાડવા જોઈએ.** સરસ્વતી વંદનાના ઉદેશ સાથે પ્રારંભ થયો, આ યોજનાનો.

● **પુસ્તકમિત્ર યોજના :**

આ યોજનાના પ્રારંભે સ્વામી સચ્ચિદાનંદજીના પચ્ચીસ પુસ્તકો ૫૦% વળતરથી રૂા. ૨૦૦૦/-માં વેચવા માટે મૂક્યા. વાંચન પ્રેમીઓનો ઉમળકાભેર પ્રતિસાદ સાંપડ્યો. પહેલા વર્ષે રૂા. ૧૮,૦૦૦/-ના પુસ્તકો ગ્રાહક સુધી પહોંચાડી શક્યા. શ્રેષ્ઠ લેખકોના નીવડેલા પુસ્તકોનું આચમન કરાવવા માટે ટ્રસ્ટે ગુજરાતના નામાંકિત પ્રકાશકો સાથે બેઠક યોજી. સૌ આ માનવ મંદિરને પ્રોત્સાહિત કરવા માટે મહત્તમ વળતર આપવા સંમત થયા. આજે સંસ્થા કોઈ ભેદાભેદ વિના તમામ લેખકોના ઉત્તમ, સંસ્કારી - ચારિત્ર્યવર્ધક - શિષ્ટ પુસ્તકોની ખરીદી કરે છે અને પછી **પ્રકાશકોના કમિશન ઉપરાંત પોતાની વિશેષ સહાય ઉમેરીને ૩૦થી ૬૫% રીબેટ સાથે વાંચકોને પુસ્તકોનું વેચાણ કરે છે.** અત્યાર સુધીમાં રાજયના ખૂણે ખૂણે આવેલા વ્યક્તિગત પુસ્તકપ્રેમીઓ ઉપરાંત અનેક શાળા - મહાશાળા, પુસ્તકાલયો તેમજ વિવિધ સંસ્થાઓએ **રૂા. ૨૫.૨૧ કરોડ રૂપિયાના ૨૯.૨૧ લાખ પુસ્તકો ખરીદ્યા છે. જેમાં સંસ્થાની ૧૩ કરોડ રૂપિયાથી વધુ (૫૪%) સહાયનો સમાવેશ થાય છે.**

આ યોજનાથી પ્રભાવિત થઈને ગુણવંત શાહે એક લેખમાં લખ્યું હતું "હવે પુણ્ય પ્રાપ્ત કરવા માટે બ્રાહ્મણોને જમાડવાની વાત જૂની થઈ ગઈ છે. એકવીસમી સદીમાં આ ટ્રસ્ટે પુસ્તકોના વિતરણ દ્વારા પોતાના બ્રાહ્મણત્વને પ્રગટ કર્યું છે."

ટ્રસ્ટે આ પ્રવૃત્તિને વેગવાન બનાવવા માટે ફૂટપાથ પર પુસ્તકો વેચ્યા છે. ૩૬૫થી વધુ પુસ્તકમેળા યોજાયા છે. લગ્ન જેવા પ્રસંગોએ પુસ્તક પ્રદર્શનો ગોઠવ્યા છે. સ્વજનોની વિદાય સમયે પુસ્તકો ભેટ આપ્યા છે. ૬૮ જેટલી વાંચન કાર્યશાળાના આયોજન થયા છે. આ વિચારક્રાંતિના બીજમાંથી આજે પલ્લવિત સુગંધી વાંચન વૃક્ષો લહેરાવા માંડ્યા છે. ભાવનગરની વિકાસ વર્તુળ, વિજ્ઞાનનગરી સંસ્થા, કિલ્લોલની હોલી ચાઈલ્ડ સ્કૂલ જેવી અનેક સંસ્થાના આયોજન હોય કે પૂ. મોરારિબાપુની રામકથા, નારાયણ દેસાઈની ગાંધીકથાના પ્રસંગ હોય આયોજકોને વિનોદભાઈ જાંગડ પુસ્તકો મોકલી આપે છે અને પ્રસંગ સંપન્ન થયા પછી વધેલા પુસ્તકો પરત રાખી લે છે. આ યોજનાના ફળસ્વરૂપ ડૉ. યોગેન્દ્ર પારેખ જેવા 'ગાંધીજીની આત્મકથા' સેંકડો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડીને ગાંધીવિચાર પ્રચાર-પ્રસારનું ભગીરથ કામ કરી શક્યા છે. તો રોલર ડ્રાઈવર ઉંમરભાઈ ઘાંચી જેવા અનેક ભાવકો પુસ્તકો ખરીદીને પોતાની વાંચન તરસ સંતોષી શક્યા છે.

● **અન્ય વિકાસમૂલક પ્રવૃત્તિઓ :**

સંસ્થાનું પ્રમુખ ધ્યેય છે ગ્રામીણ ક્ષેત્રના સંસાધનોની પર્યાવરણીય સમતુલા જાળવીને, વંચિત લોકો માટે આજીવિકા નિર્માણની તકોનું સર્જન કરવું તેમજ મૂલ્ય આધારિત શૈક્ષણિક, સામાજિક, આર્થિક વ્યવસ્થામાં સહભાગી બનવું. આ મિશન સાથે પ્રયોજાયેલા કાર્યક્રમો છે –

૧. ડાયમંડ ટ્રેનિંગ એન્ડ પ્રોડક્શન યુનિટ દ્વારા ૧૯૯૩થી આજ સુધી **૬૯૪ બહેનો અને ૭૪ ભાઈઓને** ડાયમંડ પોલીશીંગ માટે તાલીમ અપાઈ છે. તાલીમ પ્રાપ્ત કરીને **કારીગરોને રૂા. ૨.૩૭ કરોડ રૂપિયા જેટલી મજૂરી ચૂકવવામાં આવી છે.**

૨. **આરોગ્ય સેવા :** ગ્રામીણ વિસ્તારમાં વિવિધ રોગોના નિદાન, સારવાર, રસીકરણ, વ્યસન મુક્તિ જેવા કાર્યક્રમો માટે બે મોબાઈલ ડિસ્પેન્સરી યુનિટ ત્રણ તાલુકાના ૯૭ ગામડાંઓને આવરી લે છે. **આજ સુધી ૯.૫૨ લાખ દર્દીઓ રૂા. ૨.૩૧ કરોડના ખર્ચે લાભાન્વિત થયા છે.**

૩. શૈક્ષણિક સાધન સહાય યોજના અન્વયે દસ તાલુકાની શૈક્ષણિક સંસ્થાઓને એલ.સી.ડી. પ્રોજેક્ટર, કોમ્પ્યુટર, સંગીત - રમતગમત, પ્રયોગશાળાના સાધનો, કેમેરા, ફર્નિચર કે યુનિફોર્મ માટે ૨૦થી ૮૦%ના ધોરણે સહાય આપવામાં આવી છે. **કુલ રૂા. ૫.૫૩ કરોડના સાધનો પેટે સંસ્થાએ રૂા. ૨.૪૦ કરોડની મદદ પૂરી પાડી છે.** ઉપરાંત વિદ્યાર્થીઓને આવશ્યક **સ્ટેશનરી માટે રૂા. ૩.૬૧ કરોડ જેટલી સહાય આપવામાં આવી છે.**

૪. **જળમંદિર અભિયાન :** જળસંચય અને વ્યવસ્થાપન કાર્યક્રમ તેમજ વોટરશેડ યોજના તળે મેશનરી ચેક-ડેમ, નાલા-પ્લગિંગ, વેસ્ટ વિયર, કૂવા રિચાર્જ વગેરે માટે **રૂા. ૨.૧૫ કરોડની રકમ** ઉપયોગમાં લેવાઈ છે. તો વાસ્મો પ્રોજેક્ટ દ્વારા પીવાના પાણી, રેઈન વોટર હાર્વેસ્ટિંગના અનેક કાર્યો પૂર્ણ થયેલ છે.

૫. **અન્ય :** જિલ્લાની ૪૧૫ શાળાઓ - છાત્રાલયો અને અન્ય સંસ્થાઓમાં પીવાલાયક શુદ્ધ પાણી મળે તે હેતુથી ૭૦% સહાયથી **રૂા. ૧.૧૮ કરોડના ખર્ચે** આર.ઓ. પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. સેંકડો ગેસપ્લાન્ટ અને ૫૫૦૦ સુલભ શૌચાલય નિર્માણ પામ્યા છે. સૂર્ય ઊર્જા આધારિત અનેક પ્રકારના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું છે. **૧૦,૦૫૫ ટ્રી ગાર્ડનું** વિતરણ કરીને વૃક્ષારોપણ કાર્યક્રમો સફળ બનાવવામાં આવ્યા છે. પશુપાલકોને ઉત્તમ ઓલાદની વાછરડીઓ અપાઈ છે. ૫૧ સ્વનિર્ભર જૂથોએ રૂા. ૧૭.૫૫ લાખથી વધુ બચત એકત્ર કરીને, કરકસરની ટેવ વિકસાવી છે.

- **સમાપન :**

**આ ટ્રસ્ટના સ્વપ્નીલ સ્થાપક કેશુભાઈ** ઈ.સ. ૨૦૧૪માં સ્વર્ગસ્થ થયા છે પણ વર્તમાન કાર્યવાહકો ગ્રામીણ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. સમગ્ર ગુજરાતમાં પુસ્તકની અનન્ય પરબ ચલાવનાર, શાણા – શીલવંત સમાજની ખેવનાર કરનાર, માતૃભાષાના સંવર્ધન માટે સંકલ્પબદ્ધ, અનેકવિધ પ્રવૃત્તિઓની શૃંખલા રચનાર, સાહિત્ય, શિક્ષણ અને સમાજસેવાનો અનુબંધ સાધનાર આ ટ્રસ્ટ સ્વૈચ્છિક સંસ્થાઓ માટે દીવાદાંડી સમાન છે.

*સંપર્ક : (૦૨૮૩૨) ૨૫૦૦૦૩, મો. ૯૮૨૫૨ ૨૭૫૦૯*

*ઈ-મેઈલ : ssdrt@yahoo.in*

***૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી,***
***શુક્લા નગર ચાર રસ્તા, સમા, વડોદરા-૩૯૦ ૦૦૨.***
***મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦ (પ્રા. ઠક્કર), ૯૮૯૮૪ ૬૩૪૮૯ (ડૉ. ભટ્ટ)***

## ખબર છે તમને?

*ખબર છે અમને*
*હવે તમે સહુ આવશો*
*સોગાદો લાવશો*
*મત અમારો માગશો*
*(પણ) ખબર છે તમને?*

*અમને અસંમત ભાળશો*
*એને તમે કેમ ટાળશો?*
*તમે સહુ હારશો*
*આ લોકમત સ્વીકારશો?*

***હંસરાજ કંસારા - અમદાવાદ (ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦)***

## વિનાશની વાત

*વિનાશની વાત*
*કરી મેં યાદ*
*હિરોશીમા નાગાશાકીએ*
*તરત કરી ફરિયાદ*
*ગેસ વ્યથિત ભોપાલને*
*કેમ કરો છો બાદ?*
*કહ્યું મેં, છેડો નહીં વિવાદ,*
*તમે છો વિશ્વયુધ્ધ વિષાદ*
*એ છે, વિશ્વ-પ્રેમ પ્રસાદ*
*મલ્ટિનેશનલ મીર,*
*બહુ પહોંચેલા પીર,*
*એ વિકસાવે ઉદ્યોગ*
*એને ધર્યો ભોગ*
*એનો કેવો સોગ?*

***હંસરાજ કંસારા - અમદાવાદ (ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦)***

*(ઉપરોક્ત ભોપાલ ગેસ - ટ્રેજેડીની ઘટના ૩૩ વર્ષ અગાઉ ડિસેમ્બર માસમાં ઘટી હતી.)*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ" એટલે એક દિલબર - નજરાણું....

## છેલ્લા બાર માસના 'કચ્છશ્રુતિ'ના અંકોના આકર્ષક મુખપૃષ્ઠ પર એક નજર....













કચ્છશ્રુતિ • ડિસેમ્બર-૨૦૧૬ કચ્છશ્રુતિ • જાન્યુઆરી-૨૦૧૭ કચ્છશ્રુતિ • ફેબ્રુઆરી-૨૦૧૭ કચ્છશ્રુતિ • માર્ચ-૨૦૧૭















કચ્છશ્રુતિ • એપ્રિલ-૨૦૧૭ કચ્છશ્રુતિ • મે-૨૦૧૭ કચ્છશ્રુતિ • જૂન-૨૦૧૭ કચ્છશ્રુતિ • જુલાઈ-૨૦૧૭










કચ્છશ્રુતિ • ઓગસ્ટ-૨૦૧૭ કચ્છશ્રુતિ • સપ્ટેમ્બર-૨૦૧૭ કચ્છશ્રુતિ • ઓક્ટોબર-૨૦૧૭ કચ્છશ્રુતિ • નવેમ્બર-૨૦૧૭

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



OTHER PRODUCTS
Furnace Transformer • Lighting Transformer • Isolation Trnasformer
Online UPS • Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

કચ્છ

# પર્યટન ક્ષેત્રે કચ્છનું સ્થળ ધીણોધર



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ગુજરાત રાજયમાં વિસ્તારની દૃષ્ટિએ મોટો વિસ્તાર ધરાવતો કચ્છ જિલ્લો, વિશ્વના પર્યટન ક્ષેત્રના નકશામાં મોખરાનું સ્થાન ધરાવે છે. આજે તો દેશ વિદેશના સહેલાણીઓથી આ કચ્છ આખું ધમધમે છે. પરિણામે કચ્છની આર્થિક પ્રવૃત્તિઓ વિકસતી જાય છે. કચ્છી અર્થતંત્ર ઉજળું બન્યું છે. આજે ઠેર ઠેર કચ્છમાં ગૃહઉદ્યોગો ધમધમે છે.

કચ્છના હેન્ડી ક્રાફ્ટ્સ – ભરત કામ, રબારી ભરત, આહિર ભરત, ચર્મ કામ, માટી કામ, સૂડી-ચપ્પુ ઉદ્યોગ, સોના-ચાંદી ધાતુ કામ, કચ્છની બાંધણી ઉદ્યોગ, કચ્છી પાઘ, શાલ, કચ્છી ભરતકામવાળા ઝભ્ભા, કુર્તા, કચ્છી વાદ્યો, કમાંગરી ચિત્રોની બોલબાલા છે.

બીજી તરફ કચ્છી લુસ્કા, ગાંગી, ખારેક, કેસર કેરી, કચ્છી બાવળ ફળોની માંગ બેવડાતી જાય છે. કચ્છમાં ઠેરઠેર દૂધના માવાની મીઠાઈઓ, પેંડા, બરફી ઉપરાંત ગુલાબ પાક, મેસુક, પકવાન તથા દાબેલીની ખરીદી ખૂબ વધતાં આ કારીગરોની રોજગારી બમણી થવા પામી છે.

તા. ૧લી નવેમ્બર, ૨૦૧૭થી રણોત્સવ શરૂ થઈ ગયો છે. અંદાજે ત્રણ માસ ચાલશે. ટેન્ટ સિટી ધોરડોમાં રસ્તા, પાણી, લાઈટ, સંદેશા વ્યવહાર, વાહન વ્યવહાર, બેંક, પાસપોર્ટ, આધાર કાર્ડ તથા સંરક્ષણની વ્યવસ્થા પૂર્ણ થઈ છે.

ચાલુ વર્ષે કચ્છમાં વરસાદ સારો થતાં સફેદ રણમાં હજુ પાણી સૂકાયા નથી. એકાદ માસમાં સૂકાઈ જશે. પ્રવાસીઓ સહેલાઈથી કચ્છ નિહાળી શકે તે માટે વિવિધ રૂટોની સ્પેશિયલ બસોની વ્યવસ્થા કરવામાં આવે છે, જે ખૂબ આવકારદાયક છે.

ભુજથી ૬૦ કિ.મી.ના અંતરે નાથ સંપ્રદાયનું આદિસ્થાન ધીણોધર ડુંગર અને થાન આવેલા છે. થાનથી ડુંગર પર ચાલતાં ચઢવું પડે જયારે અરલથી પગથિયાં છે. પ્રતિ વર્ષ ફાગણ માસની ૩-૪ના મેળો ભરાય છે. રહેવા - જમવાની સારી સગવડ થાનમાં છે. આ સ્થળ નખત્રાણા તાલુકામાં આવેલું છે. કચ્છના ખ્યાતનામ કવિ મૂળ માંડવીના કવિ નિરંજન (મુરારી - કાનજી વ્યાસ) જયારે હિમાલય ગયા ત્યારે તેમને ધીણોધર ડુંગર યાદ આવ્યો તેથી લખ્યું કે, **"હેમાળે વટ પૂગ્યો નિરંજન ધીણોધર સંભરન."**

અત્રે ઘાસ પુષ્કળ પ્રમાણમાં ઊગે છે તથા ગીચ ઝાડીઓ પણ છે. પશુઓની સંખ્યા અત્રે વિશેષ છે. ગોકુળ વૃંદાવન જેવી ઉપમા લેખકો આપે છે. ઢોરો નિરંતર ચરે છે. કહેવાય છે કે મહા તપસ્વી ધોરમનાથજીએ અહીં ૧૨ વર્ષ આકરી તપશ્ચર્યા કરી છે. એમ પણ કહેવાય છે કે લોખંડની સોપારી પર મસ્તક રાખી ઊંધે માથે તપ આદરેલું. રાજવી સંન્યાસી ગોપીનાથજી પણ અહીં તપ કરી ગયા છે. તપશ્ચર્યા બાદ સિધ્ધિ મેળવી નીચે ઉતરીને ધૂણી ધખાવેલી, જે અદ્યપિ પર્યંત છે.

નાથ સંપ્રદાયનું આ આદિસ્થાન છે. બાર ગામોના લાગા રાજાશાહીમાં મળતા. મુખ્ય ગુરૂને "પીર" તરીકે સંબોધે છે.

આ સંપ્રદાયના બધા જ યોગીઓ કાન ફડાવે છે. તેથી કાનફટા કહેવાય છે. એમના ચેલાઓને રૂદ્રાક્ષ ગ્રંથિ સહિતની શૃંગિનાદ ભેરવેલી કાળા ઊનની "શૈલી" પહેરાવવામાં આવે છે. ગુરૂ તેમને જન સેવા, યોગવિદ્યા માટે ઉપદેશ આપે છે. આદિનાથ મહેશને તેઓ ભગવાન માને છે. ધીણોધર ડુંગરની ટોચ પરથી અપાર સૃષ્ટિ સૌંદર્ય માણવા મળે છે. આ સ્થળ પ્રવાસીઓએ નિરખવા જેવું - માણવા જેવું જરૂર છે.

*"સહજાનંદ", ૬-એ, લીમડા લાઈન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*ગુજરાતમાં એક પણ ધર્મ એવો નથી કે જે પ્રજાને બહાદુરીનો સંદેશ આપે. મોટાભાગના ધર્મગુરુઓ કેવલી ભક્તિવાળા અને તે પણ ભગવાનની જગ્યાએ પોતાને અને પોતાના વારસદારોને ગોઠવીને અનુયાયીઓનાં તન-મન-ધન લૂંટનારા, મહાવૈભવી અને તાગડધિન્ના કરનારા છે.*

*– સ્વામી સચ્ચિદાનંદ*

# કચ્છની તવારીખ

## ઐતિહાસિક પશ્ચાદભૂ – ૧

• સંપાદક : પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી •

• **ઐતિહાસિક પશ્ચાદભૂ :**

૧. હડપ્પીય લોકો પ્રથમવાર આવ્યા ........ ઈ.સ. પૂર્વે ૨૪૫૦

૨. હડપ્પીય લોકો બીજવાર આવ્યા ........ ઈ.સ. પૂર્વે ૧૯૦૦

૩. સિકંદર કચ્છમાંથી પસાર થયો ........ ઈ.સ. પૂર્વે ૩૨૫

૪. સ્ટ્રે બોર્સ કચ્છને તાજરાષ્ટ્ર અને ભુજને તેજ અથવા તાઉજ કહે છે ........ ઈ.સ. ૬૬

૫. રૂદ્રધર્મને કચ્છ ઉપર સત્તા જમાવી ........ ઈ.સ. ૧૫૦

૬. એક રાજા મિનન્ડરે હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરી ........ ઈ.સ. ૧૭૫

૭. આલ્બેરુની કચ્છમાં યદુવંશી રાજા રાજ કરતા હતા તેવું નોંધે છે ........ ઈ.સ. ૧૦૩૧

૮. રાવ ખેંગારજી ગાદીએ બેઠા ........ ઈ.સ. ૧૫૧૦

૯. ભુજમાં ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય મુનિશ્રી વિવેકહર્ષગણિની દેખરેખ હેઠળ બંધાયું .. સંવત ૧૬૬૩ (ઈ.સ. ૧૬૦૬)

૧૦. રાવતમાચીના સમયે ઔરંગઝેબનો ભાઈ દારા કચ્છમાં આવી આશ્રય મેળવે છે ........ ઈ.સ. ૧૬૫૯

૧૧. ધ્રંગમાં સંતશ્રી મેકણદાદા તથા અન્ય ૧૧ ભક્તોએ સમાધિ લીધી ........ સંવત ૧૭૮૬ (ઈ.સ. ૧૭૨૯)

૧૨. રાવશ્રી લખપતજીએ લોકોને વિશ્વાસમાં લેવા તામ્રપત્ર ભુજની બજારમાં ચોડાવ્યું ....... સંવત ૧૮૦૮ (ઈ.સ. ૧૭૫૧)

૧૩. ઝારાનું યુધ્ધ ........ ઈ.સ. ૧૭૬૨

૧૪. ભુજમાં સુથાર હીરજીએ ઘડિયાળ બનાવ્યું ........ શ્રાવણ સુદ-૨, સંવત ૧૮૬૭ (ઈ.સ. ૧૮૧૦)

૧૫. પ્રથમવાર રીજન્સી કાઉન્સિલ નીમાઈ ........ તા. ૧૩-૧૦-૧૮૧૯

૧૬. બીજીવાર રીજન્સી કાઉન્સિલ નીમાઈ ........ જાન્યુઆરી ૧૮૭૬

૧૭. પ્લેગનો રોગ ફેલાયો ચૌદ વર્ષ ........ ઈ.સ. ૧૮૯૭
ફરી પ્લેગનો રોગ, ઈન્ફલુએન્ઝા તાવ ........ ઈ.સ. ૧૯૧૫ તથા ૧૯૧૮-૧૯

૧૮. હવાઈ હુમલાની પ્રથમ સાયરન ભુજમાં વાગી ........ તા. ૨૩-૨-૧૯૪૨

૧૯. એરોપ્લેન ભુજ પાસે તૂટ્યું ........ તા. ૪-૧૦-૧૯૪૨

૨૦. એડનના અખાતમાં અમેરિકન વહાણ મોનટાનાને દુશ્મન સબમરીને ટોરપીડોથી ઉડાવી મૂકેલ. તેના ખલાસીઓને કચ્છી વહાણ નારણ પાસાએ બચાવ્યું. ........ તા. ૩-૬-૧૯૪૩

૨૧. કચ્છનું ભારત સંઘ સાથે જોડાણ. કચ્છને 'ક' વર્ગના રાજયનો દરજજો અપાયો ........ તા. ૧-૬-૧૯૪૮

૨૨. કચ્છનું દ્વિભાષી મુંબઈ રાજયમાં વિલીનીકરણ થયું ........ તા. ૧-૧૧-૧૯૫૬

૨૩. કચ્છનું ગુજરાત રાજયમાં વિલીનીકરણ ........ તા. ૧-૫-૧૯૬૦

૨૪. કચ્છનો મહાવિનાશક ધરતીકંપ ........ તા. ૨૬-૧-૨૦૦૧

*ઈર્ષ્યા - દ્વેષ બધે જ હોય છે. સાધુ-સંતોમાં પણ, લેખકો અને સાહિત્યકારોમાં પણ. પણ કોઈના ચારિત્ર્યને જ ખતમ કરી નાખવાનો હીન પ્રયત્ન કરવો તે નિમ્ન કક્ષાની વિચારસરણી અને ભૂમિકા કહેવાય.*

● **કચ્છનો રાજવંશ :**

કચ્છમાં જાડેજા વંશના ૧૮ રાજવી થયા. મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાએ ૬૬ વર્ષ સુધી સુદીર્ઘ શાસન કર્યું. જ્યારે સૌથી ટૂંકું શાસન મહારાઓશ્રી મદનસિંહજીનું માત્ર બાર સપ્તાહનું રહ્યું.

માજી મહારાઓશ્રી મદનસિંહજીને ઈ.સ. ૧૯૫૧માં ભારતીય વિદેશી સેવામાં લેવામાં આવ્યા અને ઑનરરી મિનિસ્ટર તરીકે લંડનની ભારતીય હાઇ કમિશનરની કચેરીમાં નિમાયા. ભારતના નોર્વે સાથે રાજદ્વારી સંબંધો બંધાતાં શ્રી મદનસિંહજીને ઈ.સ. ૧૯૫૬માં નોર્વેમાં ભારતના રાજદૂત તરીકે નિમવામાં આવ્યા. ત્યાંથી ઈ.સ. ૧૯૬૦માં તેઓશ્રીને ચીલી અને કોલંબિયામાં ભારતીય એલચી તરીકે મૂકવામાં આવ્યા. તેમણે ઈ.સ. ૧૯૬૨માં વિદેશી સેવામાંથી નિવૃત્તિ લીધી. નોર્વેમાં તેઓશ્રી હતા ત્યારે નોર્વેના વડાપ્રધાન એનાર ગેરહાર્ડ્સે કચ્છની મુલાકાત લીધી હતી. શ્રી મદનસિંહજીએ વિમ્બલડનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. મહારાણી વિક્ટોરિયાએ મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાની પ્રતિભાથી અંજાઈ પ્રખ્યાત ચિત્રકારશ્રી હોલ પાસે ચિત્ર તૈયાર કરાવી લંડનની ઓસ્બોર્ન ગેલેરીમાં મૂકાવેલ છે. સને ૧૯૪૧માં મહારાવ ખેંગારજીના સમયમાં અંગ્રેજી દીવાન વેબ ૧૯૪૧માં નિમાયા. દીવાન વેબ સાહેબ રાજદષ્ટિમાં સૂક્ષ્મદષ્ટિથી કામ લેતા. ભુજના વેપારીઓની દુકાન પરના કેટલાંક બોર્ડ (પાટિયા) એમણે કઢાવી નાખ્યા. **એમની અગાઉ આવેલ દીવાન રાણાએ કચ્છમાં જૂના સમયથી ચાલતો લોકલ ટાઇમ બદલાવીને સ્ટાન્ડર્ડ ટાઈમ કરાવ્યો.** પછી મુખરજી આવ્યા હતા. એટલે કચ્છી માડુ એમના રમૂજી સ્વભાવ પ્રમાણે કહેવા લાગ્યા :

*વેબ કઢે પાટીઆ, ને રાણે ફિરાંય ડીં,*
*મુકરજી મોં કઢે, હણે કેડા અચીંધા ડીં!*

(વેબે તો આવીને પાટિયું કાઢી નાખ્યું, રાણાએ દિવસ ફેરવી નાખ્યા, મુખરજીએ મોં કાઢ્યું; હવે કોણ જાણે કેવા દિવસો આવશે?)

● **કચ્છી ચલણ :**

ભારતનાં ૫૬૦ દેશી રજવાડાં પૈકી માત્ર ૧૩ને પોતાના ચલણી સિક્કા બહાર પાડવાની છૂટ હતી. તે પૈકી કચ્છ પણ એક હતું. **કચ્છમાં ૩૩૦ વર્ષ સુધી પોતાનું ચલણ રહ્યું.**

| | |
|---|---|
| ૧. રવજી ભારમલજીએ જહાંગીર પાસેથી સિક્કા પડાવવાની મંજૂરી મેળવી | ઈ.સ. ૧૬૧૭ |
| ૨. સિક્કામાં બાદશાહના નામ છપાતા | ઈ.સ. ૧૮૬૦ સુધી |
| ૩. જયહિન્દ કોરી બહાર પડી | ઈ.સ. ૧૯૪૮ |
| ૪. કચ્છી કોરીને બદલે રૂપિયાનું ચલણ શરૂ | ઈ.સ. ૧૯૪૯ |

મહારાઓશ્રી દેશળજીએ સોનાના સિક્કા છાપવાનું ચાલુ રાખ્યું. પણ પ્રાગમલજીએ બંધ કર્યું. ખેંગારજી ત્રીજાના સમયમાં સોનાની કોરી છપાઈ.

**બાર વીસુ પાયદલ અને છ વીસ ઘોડેસવાર, ચાર વીસુ ઊંટને, લશ્કર લારોલાર, બે વીસુ નાયક અને દસ જમાદાર, સમસ્ત કચ્છના સૈન્યમાં પાંચ પાંચ સુબેદાર બે મેજર ને તે ઉપર એક કર્નલ સરદાર અડતાલીસમાં ખપી ગયા.** કચ્છડાના ઝુંઝાર કચ્છી સિક્કાના આ લશ્કરમાં સૌથી નાના તાંબિયાને પૈદલ (પાયદળ) ગણવામાં આવેલ છે. પાંચિયાના તાંબિયા, બાર વીસુ એટલે ૨૪૦, દોકડા ઘોડેસવાર છવીસું એટલે ૧૨૦, ઢીંગલાના ઊંટી સવાર ૮૦, ઢબુ નાયક ૪૦, આધિયા જમાદાર ૧૦, કોરી સુબેદાર પાંચ, અઢિયા મેજર બે અને બધા ઉપર એક કર્નલ તે પાંચિયો. સન ૧૯૪૮માં કચ્છી બહાદુર ખપી ગયા. **રાવશ્રી ખેંગારજી અને આઠમા એડવર્ડના સિક્કા વિરલ છે** કારણકે ઈંગ્લેન્ડમાં પણ ગાદી ત્યાગ કરતાં તેવા સિક્કા પડાયા નથી. ■

## અતીતની અટારીએથી

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

કહ્યું હતું તે આજે પણ એટલું જ પ્રસ્તુત છે. જાહેર જીવનમાં સાંપ્રદાયિકતા અને જ્ઞાતિવાદને સંપૂર્ણ જાકારો જ્યારે મળશે ત્યારે ભારતની ઉન્નતિનો માર્ગ મોકળો બનશે.

ઉપરોક્ત વક્તવ્યમાં હિંદુઓમાં યાંત્રિકી કારીગરી કૌશલ્ય અને તેના વ્યવહારિક ઉપયોગના અભાવ વિશે યોગ્ય જ ઉલ્લેખ થયો છે. જડતાથી મનુસ્મૃતિ પ્રમાણેના અભેદ્ય દીવાલોથી વિભાજિત વર્ણવ્યવસ્થાવાળા સમાજમાં હસ્ત કૌશલ્યવાળા કારીગર વર્ગને જ્ઞાનપ્રાપ્તિની તકોથી સાવ વંચિત રાખવામાં આવ્યો. તેથી કાળક્રમે માનવ સમાજના વિકાસમાં મુખ્ય કારણભૂત જ્ઞાનવૃધ્ધિ સાથે તકનીકી યાંત્રિકી કૌશલ્યના વિકાસ અને ઉપયોગથી હિંદુ સમાજનો ક્ષુદ્ર ગણાતો કારીગર વર્ગ અજાણ રહ્યો. અજ્ઞાન કારીગર વર્ગ નવા સંશોધન કે નવીનતમ કૌશલ્ય ઈજાદ કરવાને સમર્થ રહ્યો કારણકે બુદ્ધિ-વિચાર કૌશલ્ય અને હસ્તકૌશલ્ય વચ્ચે વર્ણવ્યવસ્થાએ અભેદ્ય દીવાલ ઊભી કરી. જેના માઠાં ફળ આજ સુધી આપણે ભોગવી રહ્યા છીએ.

***મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨***

વિચાર મંચ

# માળખાકીય શોષણ

• મુરજી ગડા •

છેલ્લા ત્રણેક દાયકાથી ભારતમાં વૈશ્વિકીકરણ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યું છે. પરિણામે, આ નવો શબ્દ પ્રયોગ પણ પ્રચલિત થયો છે. જો કે વૈશ્વિકીકરણનો છેલ્લો અગત્યનો તબક્કો તો ચારસો વરસ પહેલાં શરૂ થયો હતો. ત્યારે એ સંસ્થાનવાદના નામે ઓળખાતું હતું અને ખૂબ શોષણકારી હતું.

વર્તમાનના વૈશ્વિકીકરણના ફાયદા-ગેરફાયદાઓની ઘણી ચર્ચા થાય છે. વૈશ્વિકીકરણથી એક અણધાર્યો - આડકતરો છતાં ઘણો મહત્ત્વનો ફાયદો થઈ રહ્યો છે, જેનો ઉલ્લેખ ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે. **આ ફાયદો છે દરેક ક્ષેત્રમાં થઈ રહેલ માળખાકીય શોષણનો ઘટાડો.**

કોઈ પણ સમાજમાં એક વર્ગની જરૂરિયાતો અને હક્કો છીનવી બીજા વર્ગને ખૂબ સત્તા અને સગવડો આપનારી વ્યવસ્થા અન્યાયી છે. આવી વ્યવસ્થાથી દબાયેલ વર્ગનું દરેક પ્રકારનું શોષણ આસાન બને છે. શોષણખોર અને શોષિત; બંને વર્ગ જ્યારે આ વ્યવસ્થાને પરંપરાને નામે આસાનીથી સ્વીકારી લે છે ત્યારે એને માળખાકીય (સ્ટ્રક્ચરલ) વ્યવસ્થા થઈ કહેવાય. કારણ કે તે આપણા લોહીમાં વણાઈ જાય છે, આપણા સંસ્કારોમાં ઉતરી આવે છે. સરમુખત્યારી, વર્ણવ્યવસ્થા, પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા, જાતજાતના ઊંચનીચના ભેદભાવ વગેરે આવી વ્યવસ્થાનાં ઉદાહરણો છે. આ વ્યવસ્થા હેઠળ શોષિતોના વિચારો અને સ્વતંત્રતાને દબાવી દેવામાં આવે છે. આવી વ્યવસ્થાને ટકાવી રાખવા માટે દમન પણ કરાય છે.

દુનિયાની બધી સંસ્કૃતિઓ, બધા ધર્મો, બધા રાજ્યો, બધી સમાજ વ્યવસ્થાઓમાં આદિકાળથી ખૂબ જ કુશળતાપૂર્વક એક યા બીજા સ્વરૂપે માળખાકીય અન્યાય ઊભો કરવામાં આવ્યો હતો. પૂરી દુનિયામાં પહેલેથી જ એક નાનો વર્ગ બહોળા વર્ગનું સીફતથી શોષણ કરતો આવ્યો છે. એમના શોષણની રીત અને વ્યાપ એમના ક્ષેત્ર અને દરજ્જા પ્રમાણે બદલાય છે. છતાં એ બધામાં એક સમાનતા છે. ગોઠવાયેલા માળખામાં નજરે ન દેખાતું હોવા છતાં શોષણ થતું આવે છે. આના દાખલા છે : સ્ત્રીઓ, બાળકો, અશિક્ષિત, અલ્પસંખ્યક વગેરેનું શોષણ. આના માટે વધુ પ્રચલિત અંગ્રેજી શબ્દ છે – **સ્ટ્રક્ચરલ એક્સપ્લોઈટેશન.**

અન્યાય અને શોષણ ગંભીર પ્રકારની હિંસા છે. માનવ સમાજની સુખાકારી માટે એનો અંત લાવવો જરૂરી છે. તે માનવ સંસ્કૃતિને વધુ ઊંચાઈએ લઈ જશે. એની હજી તો શરૂઆત થઈ છે. હજી ઘણો લાંબો પંથ કાપવાનો બાકી છે.

માળખાકીય શોષણના ત્રણ મુખ્ય ક્ષેત્ર છે. પહેલું ક્ષેત્ર છે શાસન વ્યવસ્થાનું; બીજું ક્ષેત્ર છે સમાજ વ્યવસ્થાનું જે ધાર્મિક, સામાજિક અને કૌટુંબિક એકમને આવરી લે છે; અને ત્રીજું ક્ષેત્ર છે આર્થિક વ્યવસ્થાનું. આ ત્રણેય ક્ષેત્રો એકબીજા સાથે સંકળાયેલાં હોવા છતાં મારા 'માળખાકીય શોષણ' પુસ્તકમાં એમની સ્વતંત્ર રીતે રજૂઆત કરવામાં આવી છે. દરેક ક્ષેત્રના શોષણનું સ્વરૂપ, એનો વિસ્તાર, વર્તમાન પરિસ્થિતિ અને ભાવિ શક્યતાઓની ચર્ચા એ પુસ્તકના પ્રકરણોમાં કરી છે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૪૨૬૭ ૯૯૦૦૯*

*Q : Why can't women drive well?*
*A : Becuase there are so many mirrors in a car to distract them.*

*Q : Why can't women stand a day in a jungle?*
*A : There are no Shopping Centres.*

*Q : How to revive a dying woman?*
*A : Tell her about a 90% Off sale going on somewhere.*

*Women live a better, longer & more peaceful life as compared to men. WHY?*
*A very INTELLIGENT man replied : 'Women don't have a wife!'*

અતીતમાં નજર

અતીતની અટારીએથી-૮

# ઉન્નતિનો માર્ગ મહાદેવ ગોવિંદ રાનડે

• ભરત ભટ્ટ •

## • ઐતિહાસિક સંદર્ભ :

આ લેખમાળાની અગાઉની કડી-૫ માં આપણે જોયું કે ઓગણીસમી સદીના અંતિમ બે દાયકાઓમાં હિંદના જાહેર જીવનમાં કોમવાદી વલણ પગપેસારો કરી રહ્યું હતું. કડી-૭માં આપણે જોયું કે દાદાભાઈ નવરોજીએ સર્વ હિંદવાસીઓ અર્થકારણના મંચ પર એક થઈ શકે તે શક્યતા પર ધ્યાન ખેંચ્યું. આ કડીમાં આપણે જોઈશું કે હિંદની મિલીજુલી સંસ્કૃતિ ને સાંઝી વિરાસત પર ભાર મૂકતાં હિંદવાસીઓને માટે ઉન્નતિનો માર્ગ રાષ્ટ્રવાદી મહાદેવ ગોવિંદ રાનડે ચીંધે છે.

મહાદેવ ગોવિંદ રાનડે એવા જૂજ રાષ્ટ્રવાદીઓમાંના એક હતા કે જેઓ બ્રિટીશ સરકારમાં રહેવા છતાં દેશની મુક્તિ માટે કાર્યરત રહ્યા. તેઓના બહુપ્રતિભાશાળી વ્યક્તિત્વ વિશે ડૉ. ભીમરાવ આંબેડકર નોંધે છે : 'તેઓ માત્ર કાયદાકીય નિષ્ણાત વકીલ કે હાઈકોર્ટ ન્યાયાધીશ ન હતા, તેઓ પ્રથમ કક્ષાના અર્થશાસ્ત્રી હતા. પ્રથમ કક્ષાના ઈતિહાસકાર હતા, પ્રથમ કક્ષાના શિક્ષણશાસ્ત્રી / કેળવણીકાર હતા અને પ્રથમ કક્ષાના આર્ષદૃષ્ટા હતા.' પરંતુ રાનડે સમાજ સુધારક તરીકે વધુ જાણીતા થયા. તેઓનું સૌથી મોટું પ્રદાન હતું – ૧૮૮૭માં શરૂ કરેલી ઈન્ડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સ. રાનડેએ ઈન્ડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સની ૧૮૮૭થી ૧૯૦૦ (લહભગ એમના જીવનના અંત) સુધીની દરેક બેઠકને સંબોધી. ૨૮ ડિસેમ્બર, ૧૯૦૦ના દિવસે લખનૌ ખાતે યોજાયેલી સોશિયલ કોન્ફરન્સની બેઠકમાં તેઓએ કરેલું સંબોધન આ કડીમાં આવરી લીધું છે. હિંદુ-મુસ્લિમ સંઘર્ષ અને તેઓ વચ્ચેના અનિવાર્ય આદાન-પ્રદાનની ઐતિહાસિક પશ્ચાદભૂમિકાના રેખાંકનનો તેમાં પ્રયાસ છે. આ સંબોધનમાં તેઓએ એ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે કે કઈ રીતે હિંદુ અને મુસ્લિમ ધાર્મિક લોકસમૂહો એકબીજાના સાંસ્કૃતિક લક્ષણ અપનાવતા શીખ્યા. રાનડે આ સંદર્ભમાં આ બે સંસ્કૃતિના સાયુજ્ય (Cultural Synthesis) માટે અકબરે કરેલા પ્રયાસોની પ્રશંસા કરે છે. તેઓ અંતે તારવે છે કે ઉન્નતિનો માર્ગ અકબરે અખત્યાર કરેલી નીતિ જેવી કોઈ યોગ્ય નીતિના ઉદ્‌ભવ અને વિકાસમાં સમાયેલો છે.

## • વક્તાનો પરિચય :

મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ ૧૮૪૨માં નાસીક જિલ્લામાં થયો હતો. ૧૮૬૪માં એક જ વર્ષમાં બોમ્બે યુનિવર્સિટીમાંથી તેઓ M.A. અને LL.B. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. ૧૮૬૮થી ૧૮૭૧ દરમ્યાન તેઓએ એલ્ફિન્સ્ટન કોલેજમાં ઈતિહાસ અને અંગ્રેજીના સહાયક અધ્યાપક (Assistant Professor) તરીકે કામગીરી બજાવી. ૧૮૭૧માં તેઓ થર્ડ પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ બન્યા. ૧૮૭૩માં પ્રથમ ગ્રેડના સબ-જજ બન્યા, ૧૮૮૧માં એડિશનલ પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ - બોમ્બે બન્યા, ૧૮૮૪માં સ્મોલ કોઝીઝ કોર્ટ - પૂનાના ન્યાયાધીશ નિમાયા, ૧૮૮૫માં બોમ્બે લેજિસ્લેટીવ કાઉન્સિલના ચેમ્બર નિમાયા, ૧૮૯૩માં બોમ્બે હાઈકોર્ટના ન્યાયાધીશ નિમાયા, જે પદ પર જીવનના અંત (૧૯૦૧) સુધી રહ્યા.

૧૮૭૫માં તેઓ સ્વામી દયાનંદને મળ્યા અને સ્વામીજીનો સુધારા માટેનો અદમ્ય જુસ્સો તેમને પ્રભાવિત કરી ગયો. તેઓ પશ્ચિમી કેળવણીના પક્ષમાં હતા, સાથેસાથે પૂરેપૂરા રાષ્ટ્રવાદી હતા. રાનડે સ્વદેશીની હિમાયત કરતા પણ ઔદ્યોગિકરણમાં માનતા હતા. તેઓ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ અને ઈન્ડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સના સ્થાપક સભ્ય હતા. તેઓ પ્રાર્થના સમાજ - બોમ્બે અને સાર્વજનિક સભા - પૂનામાં સક્રિય હતા. સમાજ સુધારક તરીકે તેઓ જ્ઞાતિપ્રથા, મૂર્તિપૂજા, અસ્પૃશ્યતા, બાળવિવાહ જેવા હિંદુ સમાજના દૂષણોના વિરોધી હતા. વિધવા પુનર્લગ્ન અને સ્ત્રી શિક્ષણ / કેળવણીનો પ્રચાર કરતા.

તેઓએ અર્થશાસ્ત્ર, ઈતિહાસ અને સામાજિક પ્રશ્નો પર ઘણું લખ્યું. ગોપાલકૃષ્ણ ગોખલે પર રાનડેનો મોટો પ્રભાવ પડ્યો અને ગોખલે રાનડેને પોતાના ગુરુ માનતા. રાનડેના લખાણોમાં કેટલાંક મુખ્ય આ મથાળાઓ હેઠળ છે : Revenue Manual of the British Empire in India (1877), Finance Administration in the Bombay Presidency (1878), Essays in Indian Economics (1899) અને Rise of the Maratha Power (1900).

- **વક્તવ્ય**

(લખનૌ, ૨૮ ડિસેમ્બર, ૧૯૦૦)

લગભગ એક હજાર વર્ષ અગાઉ દેશના આ ભાગ પર મુસ્લિમોએ મેળવેલા અનેક વિજયની અસર તળે આર્ય સંસ્કૃતિએ જે બદલાવ અનુભવ્યા તે તરફ તમારું ધ્યાન દોરવાનો આ વખતે મારો ઈરાદો છે. ઉત્તર ભારતને તેના દક્ષિણના પડોશીથી જુદું પાડનારું એક ચોક્કસ કારણ છે મુસ્લિમોના અનેક વિજયનો સવિશેષ પ્રભાવ, જેની અમીટ અસર આ પ્રદેશ પર પડી - પ્રદેશના પાંચમા ભાગની વસ્તીનું ધર્માંતરણ કરી ઈસ્લામના અંગીકાર દ્વારા અને બાકીના લોકોના વિચાર કરવાની રીત અને માન્યતા જગતમાં કાયમી બદલાવ લાવતા બીબામાં સૂક્ષ્મ રીતે ઢાળીને. આ પ્રકારની અસર મલબાર અથવા કોરોમાંડલ કિનારાના પ્રદેશમાં જોવી મુશ્કેલ છે.

આપણા લોકોમાં ઈતિહાસ માટેની સાહજિક સ્ફુરણાનો અભાવ છે. તેથી અનિવાર્યપણે આપણે વિદેશી ઈતિહાસકારોના નોંધ, ટીપ્પણી અને પુરાવા પર આધાર રાખવો પડશે. મુસ્લિમોના વિજયની શૃંખલાએ દેશનો ચહેરો બદલ્યો તે અગાઉ અને પછીથી જે મુસ્લિમ તત્ત્વચિંતકો અને યાત્રીઓ હિંદની મુલાકાતે આવ્યા, તેઓના લખાણનો હું ઉપયોગ કરીશ.

મહંમદ ગઝનીએ ઉત્તર હિંદના જાણીતા શહેરો અને મંદિર (મસ્જિદ પણ) લૂંટવા અનેક આક્રમણ કર્યા તે અગાઉ અગિયારમી સદીના આરંભમાં હિંદની ઉત્તર ભાગની સ્થિતિ વિશે સ્પષ્ટ સમજ હોવી જરૂરી છે. આપણા નસીબે આપણા આ ઐતિહાસિક સમયના સાક્ષીરુપે અલ બરુનીના લખાણ પ્રાપ્ય છે. મહંમદ ગઝનીએ કાફીરો પરના વિજેતા તરીકે સિંધુ નદી પાર કરી તેના ટૂંક સમયમાં જ અલ બરુનીએ (હિંદ વિશે) લખ્યું હતું. તેનું હિંદ પરનું લખાણ ૮૦ પ્રકરણોમાં સમાયું છે અને તેમાં ધર્મ, તત્ત્વદર્શન, જ્ઞાતિ, મૂર્તિપૂજા, મુલ્કી વહીવટ નીતિ, સાહિત્ય, વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વૈદક, ભૂગોળ, ખગોળ, બ્રહ્માંડની ઉત્પત્તિ, રસાયણશાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્રનો સમાવેશ છે. પોતે ધર્મસંકુચિત દુરાગ્રહી ન હોવાને નાતે, અલ બરુનીએ ઘણી ચીવટથી ઉપરોક્ત વિષયો પર હિંદુઓને જે કાંઈ જ્ઞાન હતું તેનું વિગતવાર વર્ણન કર્યું. તેઓનું પુસ્તક દર્શાવે છે કે સાચા જ્ઞાનની પ્રાપ્તિનો પ્રોત્સાહન પૂરું પાડવાની એકમાત્ર મહેચ્છાથી તેઓએ આ આખું પુસ્તક લખ્યું. અલ બરુની હિંદુ તત્ત્વદર્શન, ખગોળશાસ્ત્ર અને વૈદકશાસ્ત્ર માટે અહોભાવ ધરાવે છે, તો સાથે સાથે હિંદની કેટલીક નબળી ખાસિયતો પર પણ આંગળી મૂકે છે.

જ્ઞાતિપ્રથા અને મૂર્તિપૂજા પરના એમના પ્રકરણમાં તેઓ આપણા લોકોમાં રહેલા વ્યવહારિકપણાના અભાવ અને વહેમ તથા અંધશ્રદ્ધા પ્રેરિત ભક્તિભાવને સખત રીતે વખોડે છે. હિંદવાસીઓના અસંખ્ય વાડાઓની તુલના તે મુસ્લિમોની જનતાંત્રિક સમાનતા સાથે કરી તેનો ભેદ સ્પષ્ટ કરે છે. તે કાળમાં હિંદની સ્ત્રીઓની દયનીય સ્થિતિ અને લોકોના ગંદા રીતિરિવાજ તથા આદતોની નોંધ લે છે. થોડા શિક્ષિત બ્રાહ્મણોની પ્રશંસા કરતા અલ બરુની તેઓને વહેમ અને અંધશ્રદ્ધામાં રાચતા લોકોથી વેગળા પાડે છે અને પતિતોની સ્થિતિ પર દુઃખ વ્યક્ત કરે છે. બ્રાહ્મણોમાં પણ કેટલાંકના લખાણોમાં શબ્દાડંબર અને વિદ્વતામાં ખપતાં શબ્દચુંથણાની નોંધ લે છે. હિંદુ રાજવીઓનાં લોભ અને અત્યાચાર જોતાં અલ બરુની નોંધે છે કે સૌને સ્પર્શતા એક હેતુ માટે આ રાજવીઓ સહકાર સાધી શકતા નથી. મુસ્લિમ આક્રમણકારો સામે ધૂળના રજકણોની માફક વેરવિખેર થઈ જતા લોકોની ભીરુતા અને નિર્વિરોધી આજ્ઞાંકિતપણાની પણ તે નોંધ લે છે. તે સમયના મુસલમાનોમાં એવી એક ભાવના પ્રવર્તતી હતી કે હિંદુઓ કાફીર હતા અને તેઓ કોઈ દયાને પાત્ર ન હતા અને તેઓએ મૃત્યુ અથવા ધર્માંતરણમાંથી કોઈ એક પસંદગી કરવી જોઈએ. અલ બરુની આવા વિચારનો ન હતો, પરંતુ તેના માલીક મહંમદ ગઝની અને તેના લશ્કરના આ વિચારો હતા.

દક્ષિણ ભારતમાં આ યાત્રીઓએ જોયું કે ત્યાં પુરુષો અને સ્ત્રીઓ શ્યામ હોવા ઉપરાંત લગભગ નગ્ન હતા, અસંખ્ય જ્ઞાતિઓ પોતપોતાની મૂર્તિઓને પૂજતા પંથોમાં વહેંચાયેલા હતા. આ દેશની વિશિષ્ટ ખાસિયત તરીકે દરેક યાત્રીએ મૂર્તિપૂજા અને જ્ઞાતિપ્રથાના અતિરેકભર્યા દુરુપયોગની નોંધ લીધી અને તેનાથી તેઓની લાગણી દુભાઈ. પોતાને અગ્નિમાં હોમી દેતી સતીપ્રથા તથા મંદિરના રથના પૈડા નીચે ચગદાઈને પૂજાતી મૂર્તિ સામે માનવબલી ચડાવવાની પ્રથાનો પણ ઉલ્લેખ કર્યો છે. ત્રણ-ચાર સદી સુધી મુસલમાનોનાં ધાડાં પર ધાડાં પર્વતીય રસ્તે હિંદમાં પ્રવેશ્યા ત્યારે હિંદનું કાંઈક આવું ઉપરોક્ત ચિત્ર તેમણે જોયું. આ મુસ્લિમ આક્રમણકારોએ અનુભવેલી ઘૃણા અને હતાશાનો એક મોટો ભાગ (તેઓની) અજ્ઞાનતા અને જાતિ (વંશ) માટેના અભિમાનને કારણે હોઈ શકે. સાથે સાથે હંમેશાં એ જાણવું આપણા હિતમાં છે કે આ પ્રકારના બુદ્ધિશાળી વિદેશીઓને હિંદ પોતાના શક્તિશાળી અને નબળા પાસાંઓ સાથે ખરેખર કેવું લાગ્યું.

૧૧મી સદીથી ૧૫મી સદી સુધી એશિયા અને યુરોપથી આવેલા વિદેશી યાત્રીઓએ જે હિંદ જોયું અને લખાણમાં નોંધ્યું, એમાં વર્ણવેલી પરિસ્થિતિ કરતાં ૧૮મી સદીના હિંદની સ્થિતિ અનેક રીતે વધુ સારી અને શક્તિશાળી હતી એવું દર્શાવતા ગળે ઉતરે એવા પુરાવા આપણી પાસે છે. અકબરના શાસનકાળ દરમ્યાન (૧૫૪૩-૧૬૦૫ AD) હિંદમાં નવી જીવન શક્તિનો સંચાર કરવાની પ્રક્રિયાએ નિર્ણયાત્મક ભૂમિકા ભજવી, એ વિશે

કોઈ ગેરસમજને સ્થાન નથી. અકબરના શાસનનો કોઈ પણ અભ્યાસુ એ બીના અચૂક નોંધશે કે પહેલી જ વાર એક સંયુક્ત હિંદની વિભાવના સાકાર થઈ રહી હતી. આ એ હિંદ હતું કે જેમાં હિંદુઓ અને આ જ દેશમાં કાયમી વસવાટ સ્થાપી ચૂકેલા મુસલમાનો, એકબીજાનાં ધાર્મિક અને સામાજિક માન્યતાઓ અને રીતિરિવાજો પરત્વેના ટીકાત્મક વલણ કે તિરસ્કારને બદલે, બંનેને સ્પર્શતા સામાન્ય હિતો અને આકાંક્ષાઓ પર આધારિત એક ભવ્ય ઈમારત ચણવામાં હિસ્સેદાર બનવાના હતા. એકમેકની સાથે સુમેળ સાધવા માટેની શરૂઆત એકબીજાની સારી વિશિષ્ટતાઓને જાણવા અને સ્વીકારવાથી થાય.

ઔરંગઝેબના મૃત્યુ પછીના તરતના કાળમાં મોગલ સામ્રાજયને તોડવામાં દક્ષિણમાં મરાઠાઓએ, ઉત્તરમાં શીખોએ તથા રજપૂત રાજયોએ ભાગ ભજવ્યો. પરિણામે બંગાળ અને દખ્ખણના હૈદ્રાબાદ સિવાયના આખાય હિંદમાં તેના મૂળ વતની હિંદુઓના હાથમાં સત્તા આવી. આ ઘટનાક્રમથી એવું દેખાશે કે સડો અને ભ્રષ્ટાચારની બદીઓથી દૂર, સહિષ્ણુતા અને સમાનતાની નીતિ દ્વારા દેશનું ભલું ઇચ્છનારા મુસ્લિમ અને હિંદુ મુત્સદ્દી રાજનીતિજ્ઞોના વિવેકી સલાહસૂચન સાથે ચાલેલા અગાઉના મુસ્લિમ શાસનને કારણે હિંદના મૂળવતની વંશજોમાં શક્તિ સંચય થયો. સમ્રાટ અશોકનાં કાળ પછી હિંદુ રાજકર્તા વંશજો (જરૂરી) શક્તિમાં ઉણા ઉતર્યા અને તેથી કાળક્રમે મુસ્લિમ આક્રમણકારો સામે સહેલાઈથી હાર્યા.

આમ શક્તિના સ્રોત હોવા ઉપરાંત મુસ્લિમ પ્રભુત્વએ અનેક રીતે હિંદુઓની રસ - અભિરૂચિ અને રીતભાતને સંવાર્યા. જૂના હિંદુ સત્તાધીશો કરતાં મુસ્લિમો રાજ્ય શાસનનો કસબ વધુ સારી રીતે સમજ્યા હતા. મુસ્લિમોના આગમન અગાઉ હિંદમાં વ્યવહારિક હુન્નર પણ ખામીયુક્ત હતો. તેઓ દારૂગોળો અને તોપદળનો ઉપયોગ હિંદમાં લાવ્યા. બાબરના શબ્દોમાં - 'તેઓએ જુદી જુદી હસ્તકળામાં નવીન કૌશલ્ય અને યાંત્રિક શોધ - કરતબ શીખવ્યા.' તેઓ મિણબત્તી, કાગળ, કાચ, ઘરવપરાશનું ફર્નીચર તથા જીનગરનો વ્યવસાય લાવ્યા. વાદ્ય અને ગેય સંગીત, વૈદક અને ખગોળના જ્ઞાનમાં તેઓએ વૃધ્ધિ કરી. આ (વૈદક અને ખગોળ) વિજ્ઞાનના ઉદાહરણને હિંદુઓ તે વિજ્ઞાનની વિકૃતિઓ - જ્યોતિષશાસ્ત્ર અને કીમિયાગરી (પ્રાથમિક રસાયણ વિદ્યા)માં અનુસર્યા. પહેલી વખત ભૂગોળ અને ઈતિહાસ એ જ્ઞાન અને સાહિત્યના વિભાગ બની શક્યા. તેઓએ રસ્તા, પાણી પુરવઠા માટેની નળીઓ, નહેરો, મુસાફરખાના, ટપાલ કચેરી વગેરે બનાવ્યા. સ્થાપત્યના ઉત્તમ નમૂના બનાવ્યા. આપણી ઉદ્યાનકળામાં વૃધ્ધિ કરી અને અનેક જાતના ફળો સાથે આપણી ઓળખ કરાવી. અકબરના કાળમાં ટોડરમલે શરૂ કરેલી મહેસૂલ પદ્ધતિ આજ સુધી ચાલતી મહેસૂલ પદ્ધતિનો પાયો બની રહ્યો છે. સાગરમાર્ગે તેઓએ દૂર દેશાવર સાથે વેપારધંધો ચલાવ્યો અને માનવ વસવાટવાળી દુનિયાના અન્ય પ્રદેશો સાથે સંબંધ સ્થાપી હિંદને તે દુનિયાનો એક હિસ્સો હોવાનો અનુભવ કરાવ્યો. આ બધી રીતે દિલ્હીથી શાસન ચલાવતી મોગલ સલ્તનત કે જે હિંદુ અને મુસ્લિમ સત્તાના ઐક્યથી બનેલી સભ્યતાનું પ્રતિનિધિત્વ કરતી હતી, તે ઇસુની ૧૦મી સદી અગાઉના હિંદ કરતાં વધુ આગળ પડતી હતી.

આ (હિંદુ - મુસ્લિમ) સંપર્કથી ધર્મ અને વિચાર જગતમાં વધુ લાંબાગાળાની લાભદાયક અસરો પેદા થઇ. આ સંદર્ભમાં મુસ્લિમ અને હિંદુ, એ બંને લોકોને લાભ થયો. હિંદના ઉત્તર ભાગમાં મુસ્લિમ અને હિંદુઓના સંપર્કથી પેદા થયેલી અસરો આમ બહુઆયામી રહી. એને કારણે વિચારો અને વિભાવનાઓનું એવું સંમિશ્રણ બન્યું કે જેનો લાભ બંને લોકોને મળ્યો : મુસ્લિમોમાં ધર્માંધતા, દુરાગ્રહીપણું અને અસહિષ્ણુતા ઘટ્યાં અને હિંદુઓ વધુ ધાર્મિક, નીતિમાન અને નિષ્ઠાવાન બન્યા. ભૂતકાળમાંથી બોધપાઠ લેવાનો જો કોઈ મોલ હોય, તો એક વાત સ્પષ્ટ છે કે, આ વિશાળ દેશમાં જો હિંદુઓ અને મુસલમાનો સાથે મળીને એકજુથ બનશે અને અકબરના કાળમાં મહત્તા પામેલા લોકોના માર્ગને અનુસરવા પ્રતિબધ્ધ બનશે, તો જ પ્રગતિ અને વિકાસ શક્ય છે. તેના (અકબરના) મુખ્ય સલાહકારો અને દરબારીઓ પૂરી નિષ્ઠા અને ખંતથી એના (અકબરના) પ્રપૌત્ર ઔરંગઝેબે કરેલી ભૂલોથી સાવધ રહી દૂર રહ્યા.

આ સંમેલનમાં આપણા સૌનો એકમેકને મળવાનો ખાસ આશય આ 'દીન' અથવા 'ધર્મ'નો પ્રસાર છે અને મુખ્યત્વે આ સંદેશના સંબંધમાં આ વિષય પર તમને સંબોધવાનું સાહસ મેં કર્યું છે. આપણે જે દૂષણો સહન કરી રહ્યા છીએ તે મોટેભાગે આપણા પોતાના હાથે કરેલા છે અને મહત્તમ અંશે તેનો ઈલાજ પણ આપણા હાથમાં જ છે. પોતાનાં કાળમાં અકબરે આ દૂષણોનો ઈલાજ કરવા જે પગલાં લીધાં તે જોતાં કોઈને પણ જણાશે કે એની દૃષ્ટિ કેટલી સાચી હતી. કોઈપણ ઉચ્ચતર ધ્યેય માટે સાહસ કરવા પહેલાં આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યની જે ખામીઓનો ઈલાજ જરૂરી છે તેના પર તેણે (અકબરે) અને તેના સલાહકારોએ ધ્યાન આપ્યું. ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિ કાજે નિરંતર ઝઝુમવું, એકબીજા માટે સંવેદના અને સહકાર, સંપૂર્ણ સહિષ્ણુતા, રાજકારણ જે દૂષણોથી પીડાઈ રહ્યું છે તેની સાચી સમજ અને યોગ્ય ઈલાજ / ઉપાય કરવાનો હૃદયપૂર્વકનો સંકલ્પ, આ કામ વર્તમાન પેઢીએ કરવાના છે.

***નોંધ :*** ૧૧૪ વર્ષ અગાઉ મહાદેવ ગોવિંદ રાનડેએ જે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૭ ઉપર)**

સ્વાસ્થ્ય

# ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર (Obsessive Compulsive Disorder) (O.C.D.)





ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના બે લેખોમાં આપણે "વારંવાર હાથ ધોવા" (Compulsive behaviour - અનિશ્ચિત દબાણપૂર્વકના કાર્યો) તથા "મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ" (Obsessive Thoughts - અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો)ના કિસ્સાઓ વિશે જાણકારી મેળવી. આ લેખમાં આપણે મૂળ બીમારી "ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર - ઓ.સી.ડી." વિશે જાણકારી મેળવીએ.

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization – WHO)ના વિશ્વમાં માન્ય આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણના (International Classification of Diseases – ICD-10) પુસ્તકમાં ઓ.સી.ડી.ના લક્ષણો વિશે ઊંડાણમાં વર્ણન કર્યું છે.

- **લક્ષણો :**

ઓ.સી.ડી.ના સામાન્ય રીતે વારંવાર જોવા મળતા લક્ષણોમાં અનિચ્છિત દબાણપૂર્વકના વિચારોમાં ગંદકી (Dirt) અને / અથવા જીવજંતુ (Germs) વિશેના હોય છે અને આ વિચારો પર કાબૂ મેળવવા દર્દી ધોવાની પ્રક્રિયા (Compulsive Washing) કલાકો સુધી કર્યા કરે છે.

દર્દી વારંવાર / કલાકો સુધી હાથ ધોયા કરે છે, કલાકો સુધી નાહ્યા કરે છે, વારંવાર સાબુ લગાડ્યા કરે છે. પાણીનો વપરાશ ખૂબ જ વધી જાય છે. ઘરમાં પાણી ખલાસ થઈ જાય છે. ટોઇલેટમાં પણ લાંબો સમય લાગે છે.

જીવજંતુ કે ગંદકીનો ચેપ દર્દીને ન લાગે અથવા દર્દી એનાથી દૂર રહે એ માટે દર્દી ઘરની બહાર જાય ત્યારે બીજી વસ્તુઓને હાથ કે શરીર અડી ન જાય તેની કાળજી લે. રસ્તા પર ચાલતી વખતે પોતાના હાથ શરીરથી જોડીને રાખે જેથી બીજી વ્યક્તિઓ પોતાને અડી ન લે. (સુષ્માએ ડૉક્ટરની કેબિનનો દરવાજો જાતે ન ખોલ્યો પરંતુ પતિને દરવાજો ખોલવા કહ્યું. જેથી ગંદકી કે જીવજંતુ સુષ્માના શરીર પર ન લાગે.) દર્દીને વ્યવહાર કે સામાજિક પ્રસંગોમાં નછૂટકે જવું પડે ત્યારે ઘરે આવીને તરત જ પોતે નાહી લે અથવા કપડાં (પોતાના, પતિના, બાળકોના) ધોઈ નાખે.

એક દર્દી વારંવાર ઉધરસ કરતી. કારણ પૂછતાં એણે જણાવ્યું કે એને એમ થતું કે જીવજંતુ મોઢામાં જાય છે. જેથી ઉધરસ કરીને જીવજંતુને શરીરની બહાર કાઢે છે.

બીજું વારંવાર જોવા મળતું લક્ષણ છે ફરી ફરીથી ચકાસવું (Checking and rechecking). એકની એક વસ્તુ દર્દી ફરી ફરીથી ચકાસે છે. આ ચકાસવાની ક્રિયા દર્દી પોતાને સંતોષ ન થાય ત્યાં સુધી કરે છે. ચકાસવાના સામાન્ય રીતે જોવા મળતાં લક્ષણો નીચે પ્રમાણે છે :

૧. ઘરનો દરવાજો અને / અથવા તાળું બરોબર બંધ કરેલ છે કે નહીં એ વારંવાર ચકાસવું.
૨. રસોડામાં ગેસનો ચુલો બંધ કરેલ છે કે નહીં.
૩. ઘરની બારી બરોબર બંધ કરેલ છે કે નહીં.
૪. ઈલેક્ટ્રિકલ સ્વીચ બરોબર બંધ કરેલ છે કે નહીં.

આ ચકાસવાની પ્રક્રિયા દર્દી ૧૦ વખત, ૧૫ વખત કે એનાથી પણ વધારે વખત કરે છે. આથી સમય વેડફાય છે, મોડું થાય છે, દર્દીને મનમાં અજંપો રહે છે, બેચેની થાય છે, મન અસ્વસ્થ રહે છે. આ બધાથી રોજિંદા જીવનના કાર્યો પર નકારાત્મક અસર થાય છે.

ત્રીજું લક્ષણ છે એકની એક ક્રિયા વારંવાર કરવી. કપડાં પહેરતી વખતે કપડાં કાઢવા, પહેરવા, ફરી કાઢવા, ફરી પહેરવા... આ પ્રક્રિયા ઘણી વખત કર્યા બાદ છેવટે (મનમાં સંતોષ થયા બાદ) દર્દી કપડાં પહેરે છે. ઘરથી બહાર જતી વખતે ઘરનો ઉંબરો ઓળંગવા દર્દી અંદર-બહાર, અંદર-બહાર ઘણી વખત કર્યા બાદ જ છેવટે ઉંબરો ઓળંગે છે. (જાદુઇ નંબર ૭ કે ૧૧ વખત કર્યા બાદ) આમ કરવાથી ભલે ને પછી કાર્યક્રમમાં પહોંચવા માટે મોડું થાય.

- **અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો (Obsessive Thoughts)ના લક્ષણો :**

આ વિચારોને લીધે દર્દી અસ્વસ્થ રહે છે, બેચેન રહે

છે, મન ઉદાસ રહે છે, ઉમંગ-ઉત્સાહ ઓછો થઈ જાય છે. અપરાધભાવ (Guilt feeling) આવે છે. ઘણી વખત જિંદગી બોજ લાગે છે, જીવવા જેવી લાગતી નથી. મરવાના વિચારો આવે છે.

૧. 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ.'
૨. 'મારી પૌત્રી જોડે જાતીય દુર્વ્યવહાર કરીશ.'
૩. 'મારા શરીરમાંથી દુર્ગંધ આવે છે. આથી અન્ય લોકો મારાથી દૂર ભાગે છે.'
૪. 'માથામાં ખોડો થયો છે' (દર્દી ઘણી વખત વાળ ખેંચીને કાઢે છે.)
૫. 'શરીર પર (હાથ-પગ પર) સૂક્ષ્મ જીવજંતુ ચાલે છે' (હાથ પગ પર પાવડર, ક્રીમ, મલમ લગાડ્યા જ કરે છે.)
૬. 'બહાર જતી વખતે બેડરૂમના કબાટને જોવું જ જોઈએ નહીં તો કુટુંબની પ્રિય વ્યક્તિને ગંભીર અકસ્માત નડશે.'

ધર્મ તથા ભગવાન પર શ્રધ્ધા રાખનાર વ્યક્તિને ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના (Sexual thoughts) વિચારો આવે છે. દર્દી આ જાતીયતાના વિચારોને કાબૂમાં રાખી શકતો નથી. ધાર્મિક ક્રિયા કરતી વખતે પુરુષને સ્ત્રીના સ્તન, યોનિ, સંભોગ વિશેના વિચારો આવે છે તથા સ્ત્રીને પુરુષના લિંગ. સંભોગ વિશેના વિચારો આવે છે. આવા અનિચ્છિત વિચારોથી દર્દી પોતાની જાતને અપરાધી માને છે (Guilt feeling), પાપી માને છે, જીવન જીવવા જેવું લાગતું નથી. આત્મહત્યાના વિચારો આવે છે.

દર્દીની વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવવાની આદત વધીને વ્યસન થઈ જાય છે. દર્દીની વસ્તુઓ સપ્રમાણમાં તથા વ્યવસ્થિત એ જ ક્રમ પ્રમાણે ન ગોઠવાય ત્યાં સુધી દર્દીને ચેન પડતું નથી. આ ગોઠવણી કરવામાં કિંમતી સમય વેડફાય છે, અન્ય મહત્ત્વના કાર્યો મોડા થાય છે કે થતા જ નથી. દર્દી ઘરની તથા અન્ય વ્યક્તિઓને પણ વસ્તુઓ વ્યવસ્થિત મૂકવા તેમની ઈચ્છા વિરુદ્ધ દબાણ કરે છે. આથી પરસ્પર ઘર્ષણ થાય છે તથા સંબંધોમાં તિરાડ પડે છે.

જૂની વસ્તુઓનો સંગ્રહ એ પણ ઓ.સી.ડી.નું લક્ષણ છે. દર્દી કોઈપણ વસ્તુ, પેપર, પત્ર કાઢી નાખતો નથી. ભલેને એ વસ્તુઓ વર્ષો જૂની હોય અને વર્ષોથી ઉપયોગમાં ન લેવાઈ હોય. દર્દીના મનમાં હોય છે કે આ વસ્તુઓ ભવિષ્યમાં ઉપયોગી થશે, મહત્ત્વના કામ માટે કામ લાગશે. આમ જૂની બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ વધતો જાય છે.

દર્દી એકનો એક પ્રશ્ન વારંવાર પૂછે છે. સામેની વ્યક્તિ એ પ્રશ્નનો ઉત્તર આપે બાદ પણ એ જ પ્રશ્ન બીજી, ત્રીજી, વારંવાર પૂછે છે. જ્યાં સુધી દર્દીને સંતોષ ન થાય ત્યાં સુધી પ્રશ્ન પૂછ્યા જ કરે છે. દર્દી શું ઉત્તર મળે છે એના પર ધ્યાન આપતો નથી પરંતુ પોતાને શું પ્રશ્ન પૂછવો છે એના પર જ ધ્યાન આપે છે.

- **નિદાન :**

ઉપરોક્ત લક્ષણો ઉપરાંત નીચેના મુદ્દાઓ ઓ.સી.ડી. બીમારીનું નિદાન કરતી વખતે લક્ષમાં લેવામાં આવે છે.

૧. દર્દીને સમજ હોય છે કે જે પોતે કરી રહ્યા છે (વારંવાર હાથ ધોવા, ફરી ફરીથી ચકાસણી કરવી, એકનું એક કાર્ય વારંવાર કરવું, અનિચ્છિત વિચારો વગેરે) તે યોગ્ય નથી. દર્દી આથી બેચેની અનુભવે છે, મનમાં ચિંતિત રહે છે, મનોવ્યથા અનુભવે છે (insight into illness).
૨. આ વિચારો, વર્તણૂક, વ્યવહાર વગેરે દર્દીના કાબૂમાં નથી હોતા. એ પ્રમાણે ન કરે તો બેચેની વધી જાય છે.
૩. દર્દીના મનમાં હંમેશાં ડર તથા ભય રહે છે કે જો ત્રણ કે પાંચ વખત કાર્ય નહીં કરે તો કાંઈક નુકસાન થશે, અશુભ થશે, પ્રિય પાત્રને અકસ્માત નડશે. આ અશુભ ન થાય તે માટે દર્દી ઉપરોક્ત વર્તણૂક કે વિચારો કરવાનું ચાલુ રાખે છે.
૪. વિચારો અને / અથવા કાર્યોમાં રોજનો કિંમતી સમય વેડફાય છે (રોજનો એક કલાક કે તેથી વધારે) (Time consuming)
૫. ઉપરોક્ત લક્ષણોને લીધે રોજિંદા કાર્યોમાં તથા રોજિંદી જવાબદારીઓમાં ખલેલ પહોંચે છે (કામ પર મોડું પહોંચાય, ઘરનું કામ મોડું થાય, વ્યવહાર કે સામાજિક પ્રસંગોમાં પણ મોડું પહોંચાય કે ગેરહાજર રહે) (Interference with normal routine)

- **મનના (મગજના) અવયવોમાં ફેરફાર :**

બેઝલ ગેન્ગલિયાના કોડેટ ન્યુક્લિયસ (coudate nucleus) તથા થેલામસ (Thelamus) તથા ઓરબીટો ફ્રન્ટલ કોરટેક્ષ (Orbito frontal cortex) વચ્ચેના સંદેશાઓની આપ-લે માં ફેરફાર થાય છે. આથી ઉપરોક્ત મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનીનની માત્રામાં ફેરફારો થાય છે.

- **સારવાર :**

**૧. દવાઓ :** શારીરિક બીમારી, ડાયાબિટીસના નિદાન બાદ ડૉક્ટરો ઇન્સ્યુલીનનું પ્રમાણ શરીરમાં વધે એ પ્રકારની દવાઓ આપે છે. દવા કઇ અને કેટલી માત્રામાં આપવી એ દરેક દર્દીની જરૂરત પ્રમાણે ડૉક્ટર નક્કી કરે છે.

મનની બીમારી ઓ.સી.ડી.માં મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનીનની માત્રા ઓછી થાય છે. જેના લીધે ઓ.સી.ડી.ના લક્ષણો જોવા મળે છે. યોગ્ય માત્રામાં S.S.R.I. દવાઓ આપવાથી ધીમે ધીમે બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે. ફ્લુઓક્ષેતીન (fluxetine), ક્લોમિપ્રામીન (clomipramine), ફ્લુવેક્ષામીન (fluvoxamine) ઓ.સી.ડી.ની બીમારી માટે મહત્ત્વની દવાઓ છે. કઈ દવા તથા કેટલી માત્રામાં દવા આપવી એ દરેક દર્દીની જરૂરત પ્રમાણે મનોચિકિત્સક નક્કી કરે છે.

ઓ.સી.ડી.ની બીમારીમાં ઉપરોક્ત લક્ષણો સિવાય (અ) અજ્ઞાત ડર (anxiety) તથા (બ) અશુભ બનાવ બનશે એવા ભય હોય છે. સારવારમાં આ વિશે ધ્યાન આપવામાં આવે છે તથા જરૂરી દવાઓ આપવામાં આવે છે.

**૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (સી.બી.ટી.) :** ઓ.સી.ડી.ની સારવારમાં દવાઓ જોડે સી.બી.ટી.ની સારવાર ઉમેરવામાં આવે તો સારવારના પરિણામો વધારે સારા મળે છે. ઓ.સી.ડી.ની સારવાર માટે સી.બી.ટી.માં અલગ અલગ પદ્ધતિઓ છે. જેવી કે –

(અ) જેકોબશનની પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્ષેશન થેરાપી (Jacobson's Progressive Muscular Relazation Therapy)

(બ) સિસ્ટમિક ડીસેન્સેટાઇઝેશન (Systemic Desensitization)

(ક) થોટ સ્ટોપીંગ (Thought stopping)

(ડ) રીસ્પોન્સ પ્રિવેન્શન (Response Prevention)

(ઇ) ફ્લડિંગ (Flooding)

(ફ) ઇમ્પ્લોઝન થેરાપી (Implosion Therapy)

દર્દીના લક્ષણો તથા વ્યક્તિત્વ, કુટુંબીજનોનો પ્રતિભાવ વગેરે પરિબળોને લક્ષમાં લઈ સારવારની પદ્ધતિ નક્કી કરાય છે. દર્દી તથા કુટુંબીજનોનો સાથ અને સહકાર મળે તો અપેક્ષિત પરિણામો જલ્દી મળે છે.

**૩. કાઉન્સેલિંગ : અભિગમમાં ફેરફાર :** પ્રસંગ કે ઘટના પ્રત્યેનો નકારાત્મક અભિગમ બદલી તટસ્થ કે હકારાત્મક અભિગમ અપનાવવા કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિઓનો, ક્ષમતાનો તથા સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ ના કે હા કહેવાનો નિર્ણય લેવો જોઈએ.

**૪. હકારાત્મક જીવનશૈલી :** નિયમિત મોર્નિંગ વોક, નિયમિત યોગ, મેડિટેશન, યોગ્ય પ્રમાણમાં સમયસરની ઊંઘ, પૌષ્ટીક આહાર, પોતાના માટે મનોરંજક પ્રવૃત્તિ (વ્યવસાય સિવાયની), મિત્રો જોડે ગુણવત્તાભર્યો સમય ગાળવો વગેરે હકારાત્મક જીવનશૈલી દર્દીએ જીવવી જરૂરી છે.

- **સારાંશ :**

ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર (ઓ.સી.ડી.) એ એક મનની બીમારી છે, જેમાં મનના અવયવોમાં ફેરફાર થાય છે તથા ન્યુરોટ્રાન્સમિટરની માત્રામાં ફેરફારો થાય છે.

વારંવાર હાથ ધોવા, નહાવામાં વધારે સમય લાગવો, ફરી ફરીથી ચકાસવું, એકની એક ક્રિયા વારંવાર કરવી, અનિચ્છિત વિચારો, ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના વિચારો, કાર્ય તથા સમયના ભોગે વધારે પડતી ચોક્સાઇ, બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ કરવો ઓ.સી.ડી.ના લક્ષણો છે.

દવાઓ, કોગ્નિટીવ બિહેવિયર થેરાપી, કાઉન્સેલિંગ તથા હકારાત્મક જીવનશૈલી સારવારના ઘટકો છે. સારવારના પરિણામો અન્ય શારીરિક બીમારી પ્રમાણેના મળે છે.

*મનોસ્મૃતિ પોલી ક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગ્રુમિંગ માઇન્ડ્સ, ૯૦૯ જી સ્ક્વેર,*
*કલ્યાણ જ્વેલર્સની ઉપર, રેલવે સ્ટેશન તથા ઘાટકોપર મેટ્રો*
*સ્ટેશનની પાસે, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*
*ફોન : (૦૨૨) ૨૫૦૧૦૦૦૯*

*અર્પિતા* : નીલુ, તારી દીકરીની સગાઈ થયે બે વર્ષ વીતી ચૂક્યા છે. લગ્નમાં આટલી વાર કેમ કરી રહી છે?

*નીલુ* : વાસ્તવમાં છોકરો વકીલ છે. જ્યારે પણ લગ્નની તારીખ નજીક આવે છે, ત્યારે કોઈને કોઈ બહાનું બનાવીને આગળની તારીખ માંગી લે છે.

વ્યક્તિ વિશેષ

## કચ્છમાં તેરા ગામના વતની અને અમદાવાદમાં ફરજ બજાવતા

# એડિશનલ ડી.સી.પી. પન્નાબેન મોમાયા

• મહેશ શાહ •

૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ : ચીનના રાષ્ટ્રપતિ સી જિનપિંગને ભારતના વડા પ્રધાનની ઉપસ્થિતિમાં અમદાવાદ ઍરપોર્ટ પર લેડી પોલીસ ઑફિસરે ગાર્ડ ઑફ ઓનર આપ્યું.

૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૭ : જાપાનના વડાપ્રધાનનાં પત્ની શ્રીમતી અકી અબેનાં પર્સનલ સિક્યોરીટી ઑફિસર તરીકે અમદાવાદમાં બે દિવસ સુધી મહત્ત્વપૂર્ણ ફરજ બજાવી.

આ બંને ઘટના મહત્ત્વપૂર્ણ અને પ્રતિષ્ઠાજનક બની ગુજરાત પોલીસ માટે તથા લેડી પોલીસ અધિકારી માટે પણ. જોગાનુજોગ બંને જવાબદારી સફળ રીતે અદા કરી અમદાવાદનાં પન્ના મોમાયાએ.

અમદાવાદ પોલીસની ક્રાઇમ બ્રાંચ સંલગ્ન મહિલા સેલનાં એડિશનલ ડેપ્યુટી પોલીસ કમિશનર પન્ના મોમાયાનો જન્મ અમદાવાદમાં શ્વેતાંબર જૈન પરિવારમાં. પિતા નીતિનભાઈ મોમાયા હોમિયોપેથ તબીબ અને માતા શીલાબહેન ગૃહિણી. એમને બે દીકરી પન્ના અને મેઘના. બંને અભ્યાસમાં ભારે તેજસ્વી.

પન્ના શાળામાં સ્કાઉટ ગાઈડમાં ભાગ લેતી. એમાં ૧૯૯૦માં **ગવર્નર એવોર્ડ** અને ૧૯૯૧માં **પ્રેસિડેન્ટ એવોર્ડ** મળ્યા. ત્યારથી એને યુનિફોર્મ સર્વિસમાં રસ જાગ્યો, જે એણે સાકાર પણ કર્યો.

એ સાતમા ધોરણમાં ભણતી હતી ત્યારે લોંગ જમ્પ અને હાઈ જમ્પની નેશનલ કોમ્પિટિશનમાં ભાગ લીધો. પછી કૉલેજ અભ્યાસ વખતે હાઈ જમ્પ અને લોન્ગ જમ્પની ૧૭ સ્પર્ધામાં ગુજરાત



યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું. એમાં વર્ષ ૧૯૯૫માં ૧.૫૧ મીટર હાઈ જમ્પ મારી ગુજરાત યુનિવર્સિટીની મહિલા ખેલાડીઓમાં એક રેકોર્ડ નોંધાવ્યો. અગાઉનો રેકોર્ડ ૧.૫૦ મીટરનો હતો. પન્નાનો રેકોર્ડ આજ સુધી એટલે કે બાવીસ વર્ષ સુધી અકબંધ છે. એ પાંચ વર્ષ બેસ્ટ એથ્લિટ પણ રહી.

વાસ્તવમાં મોમાયા ફેમિલીમાં કોઈને રમતનો શોખ નહોતો. એ સંજોગોમાં પન્નાએ સ્પોર્ટસનો ખર્ચાળ શોખ કેળવેલો. એ રોજ સાતેક કલાક પ્રેક્ટિસ કરતી. માતા-પિતાના સહયોગથી સફળ થઈ શકી. એણે એમ.કોમ. અને એલ.એલ.એમ. સુધી અભ્યાસ કર્યો, સાથે સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કંપની સેક્રેટરીની પરીક્ષા આપી. એમાં મન ન લાગ્યું એટલે સરકારી નોકરી મેળવવા પોલીસ સબ-ઇન્સ્પેક્ટર (પીએસઆઈ)ની સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષા આપી.

વર્ષ ૨૦૦૧માં ગુજરાત પોલીસ એકેડેમિમાં તાલીમ વખતે લૉ, સ્પોર્ટસ, ઓવરઓલ એસેસમેન્ટ – એમ ત્રણેયમાં પન્નાને પ્રથમ ક્રમ મળ્યો. **એ બદલ એકેડેમિના દીક્ષાંત સમારોહમાં એમને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વોર્ડ ઓફ ઓનર રૂપે એક તલવાર ભેટ આપી.** લેડી પી.એસ.આઈ.ને સ્વોર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યાની આ પ્રથમ ઘટના હતી.

પન્નાને પી.એસ.આઈ. તરીકે પ્રથમ પોસ્ટિંગ અમદાવાદમાં મળ્યું, પણ પરિવારજનો ઇચ્છતા હતા કે જૈનની દીકરી પોલીસમાં કામ ન કરે. ગુનેગારો સાથે રોજિંદો પનારો, કામના વધુ કલાકો, વારંવાર બદલીની ચિંતા, વગેરે બાબતો પરિવારને સતાવતી હતી. પન્નાને દ્વિધા હતી કે પરિવારનો આદેશ માનવો કે સરકારી નોકરી કરવી?

આખરે એમણે પિતાને મનાવી લીધા. પછી ચારેક વર્ષ નોકરી બાદ જી.પી.એસ.સી. એક્ઝામ પાસ કરી. એમાં **મામલતદાર તરીકે પસંદ થતાં પીએસઆઈની નોકરી ત્યજી દીધી.** આણંદ જિલ્લામાં છ વર્ષ મામલતદાર

રહ્યા. એ પછી પણ જીપીએસસી એક્ઝામ પાસ કરીને **ડેપ્યુટી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ** બન્યા.

બીજી રીતે કહીએ તો પોલીસની જોબ સ્વેચ્છાએ છોડ્યા બાદ વધુ એક વખત પોલીસમાં જોડાયા. મહત્ત્વાકાંક્ષા ઍથ્લીટ બનવાની હતી. બીજી તરફ, બહેન મેઘના સી.એ. બની. એ પરણીને ઓસ્ટ્રેલિયા રહે છે. પન્નાબહેન ભાવનગરમાં પ્રોબેશનરી ડેપ્યુટી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ બન્યા. એના દોઢેક વર્ષ બાદ સુરેન્દ્રનગરમાં પોલીસવડા અને ઓગસ્ટ ૨૦૧૫માં અમદાવાદમાં મહિલા સેલમાં **આસિસ્ટન્ટ પોલીસ કમિશનર** બન્યા.

એ સુરેન્દ્રનગરમાં હતા એ દિવસોમાં ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ના દિવસે ચીનના રાષ્ટ્રપતિ સી જિનપિંગ ગુજરાત આવ્યા. એમને અમદાવાદ ઍરપોર્ટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવકાર્યા. એ વખતે ખાસ યુનિફોર્મમાં સજ્જ પન્ના મોમાયાએ ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગને ગાર્ડ ઑફ ઑનર આપ્યું, જેમાં પ્લાટુન કમાન્ડરના નાતે પન્નાએ પોતાના એક હાથમાં તલવાર રાખીને મહાનુભાવને સલામી આપી, સાથે ૧૫૦ લેડી કોન્સ્ટેબલની પરેડ યોજાઈ હતી. પોલીસ બેન્ડની સુરાવલીથી વાતાવરણ મધુર બન્યું હતું. ગાર્ડ ઑફ ઑનર એ મહાનુભાવને આપવામાં આવતો વિશિષ્ટ પ્રકારનો સરકારી આતિથ્ય સત્કાર છે. **વિદેશી રાષ્ટ્રપતિને ગુજરાતી મહિલા પોલીસ અધિકારીએ ગાર્ડ ઓફ ઓનર આપ્યું હોય એવી દેશની આ પ્રથમ ઘટના છે.**

તાજેતરમાં ૧૩ સપ્ટેમ્બરે જાપાનમાં વડાપ્રધાન શિન્ઝો અબે અને એમનાં પત્ની એક-બે દિવસ માટે ભારત આવ્યાં. પ્રસંગ હતો અમદાવાદ બુલેટ ટ્રેનના ખાતમુહૂર્તનો. બંનેને વડાપ્રધાન મોદીએ અમદાવાદ ઍરપોર્ટ પર આવકાર્યાં. **એ વખતે અબેનાં પત્નીનાં પર્સનલ સિક્યોરિટી ઓફિસરની જવાબદારી પન્ના મોમાયાએ સંભાળી હતી.**

જાપાનનાં ફર્સ્ટ લેડી અકી અબે ગુલાબી પ્રિન્ટેડ સલવાર કમીઝ અને ક્રીમ દુપટ્ટામાં સજ હતાં. એમની કારમાં આગળ બેઠેલા એડિ. ડી.સી.પી. પન્ના મોમાયાએ બ્લ્યુ બ્લેઝર પહેર્યું હતું. એમણે ગાંધી આશ્રમ, સિદી સઈદની જાળીની મુલાકાત બાદ અગાસિયે હોટેલમાં ડિનર લીધું. બીજા દિવસે અંધજન મંડળ, ગુજરાત યુનિવર્સિટી, કેલિકો મ્યુઝિયમ ગયાં. સાંજે સાયન્સ સિટીમાં ડિનર લીધું. આમ અકીના આગમનથી વિદાય સુધી પન્નાબહેને સુરક્ષા અધિકારી તરીકેની જવાબદારી સન્માનજનક અને સફળ રીતે નિભાવી.

જાણવા મળ્યા મુજબ જાપાનના વડા પ્રધાનનાં પત્નીના સિક્યોરિટી ઑફિસર તરીકે પન્ના મોમાયા પસંદગી પૂર્વે બંને દેશના પોલીસ, કૉન્સ્યુલેટ સહિત અમુક વિભાગોએ એમની પાંચેક વખત મુલાકાત લઈને કાર્યક્રમ સ્થળ, વીવીઆઈપીની સલામતી વગેરે પાસાંની સઘન ચકાસણી કરી હતી.

આમ બે વિદેશી વીવીઆઈપીના સન્માન – સુરક્ષાની મહત્ત્વની જવાબદારી અદા કરવાની સુવર્ણ તક અમદાવાદનાં મહિલા પોલીસ અધિકારી પન્ના મોમાયાને મળી, જે ગૌરવપ્રદ ઘટના ગણાય.

દેખાવે સામાન્ય, ઓછાંબોલાં અને અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતાં પન્ના મોમાયા ગુજરાતમાં શ્વેતાંબર જૈન સમાજનાં સંભવતઃ પ્રથમ મહિલા પોલીસ અધિકારી હશે. રોજ સવારે દેરાસરમાં જઈને એ અષ્ટપ્રકારી પૂજા કરે છે. ઘેર આવીને યોગ – મેડિટેશન કરે છે. વર્ષોથી કંદમૂળ આરોગતાં નથી. પાંચ વખત અઠ્ઠાઇ (આઠ ઉપવાસ) અને બીજાં તપ કર્યાં છે. પ્રવાસનાં શોખીન છે. ડિટેક્ટિવ બુક અને જૈન ગ્રંથો વાંચે છે.

ગુજરાત પોલીસમાં ઉચ્ચ અધિકારી પદે મહિલાની સંખ્યા ઓછી છે. હવે અનેક યુવતી આ ક્ષેત્રમાં આવવા ઝંખે છે. એવી અનેક યુવતીએ પન્નાબહેનનું માર્ગદર્શન લઈ એમના અનુભવ જાણ્યા છે.

પન્ના મોમાયાએ અમદાવાદમાં ઘણા બાળકને ભિક્ષાવૃત્તિમાંથી અને મહિલાઓને દેહવ્યાપારમાંથી મુક્ત કરાવ્યાં છે. અનેક પેચીદા ગુના ઉકેલ્યા છે. એ ઉપરાંત કામના સ્થળે મહિલાની છેડછાડ, જાતીય સતામણી, બળાત્કાર વગેરે ગુનાખોરી અટકાવવા અને મહિલાઓમાં જાગૃતિ આણવા શાળા, કૉલેજ, બેન્ક, હોસ્પિટલ, કોર્પોરેટ હાઉસમાં જાણકારી આપી છે. યુવતીઓને સ્વરક્ષણ વિશે માર્ગદર્શન આપ્યું છે. એ કહે છે : **'મહિલાએ પણ અન્યાય સહન ન કરવો જોઇએ.'**

મહિલા સેલમાં એકસો મહિલા સહિત સવાસોનો સ્ટાફ છે, જ્યાં કોઈ પણ યુવતી બદનામીનો ડર રાખ્યા વિના નિર્ભિક – નિઃસંકોચપણે પોતાની વીતક જણાવી શકે છે.

- **જીવનમંત્ર શું?**

એડિશનલ ડીસીપી પન્ના મોમાયા કહે છે : 'જે કાર્ય હાથમાં લીધું હોય એમાં પૂરેપૂરું યોગદાન આપવું. કોઈ વ્યક્તિ ન્યાય લેવા આવે ત્યારે એને ન્યાય અપાવવા સહાયભૂત થવું.'


***સૌજન્ય : "ચિત્રલેખા", તા. ૭-૧૧-૨૦૧૭***

***પન્નાબેન મોમાયાનો નાતો શ્રી કચ્છી સમાજ – અમદાવાદ સાથે પણ રહેલ છે. સમાજના એક કાર્યક્રમમાં તેઓ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.*** ■

પથિક

# દૃષ્ટાંત કથાકાર.... ઓશો!

• પાર્થ દવે - પત્રકાર •



એક સાંજે મુલ્લા નસરુદ્દીન અને તેના બે મિત્રો દોડ્યા ટ્રેન પકડવા. નસરુદ્દીન ચૂકી ગયો, પગ લપસ્યો, પડી ગયો. તે બંને ચડી ગયા સ્ટેશન માસ્ટરે આવીને ઉઠાડ્યો અને કહ્યું : 'નસરુદ્દીન, દુઃખની વાત છે કે તમે ચૂકી ગયા!' નસરુદ્દીને કહ્યું : 'મારે માટે દુઃખી ન થાઓ. જે બે ચડી ગયા છે, તે મને મૂકવા આવ્યા હતા! હું તો બીજી ટ્રેન પણ પકડી લઈશ. તેમનું શું થશે?'

એ જ મુલ્લા નસરુદ્દીને મરતી વખતે પોતાના પુત્રને કહ્યું કે હું બે વાતો સમજાવી દઉં છું. મરતા પહેલાં તને કહેતો જાઉં છું. આ ધ્યાનમાં રાખજે. બે વાતો છે. એક : **ઓનેસ્ટી (પ્રામાણિકતા)** અને બીજી છે **વિઝડમ (ડહાપણ)**. તો દુકાન તું સંભાળજે, કામ તું સંભાળજે. દુકાન પર તક્તી લાગેલી છે : **'ઓનેસ્ટી ઇઝ ધ બેસ્ટ પોલિસી.'** આનું તું પાલન કરજે. ક્યારેય કોઇને છેતરતો નહીં. ક્યારેય વચનભંગ ન કરતો. જે વચન આપે તે પૂરું કરજે. આટલું સાંભળી પુત્ર બોલ્યો : 'ઠીક, બીજું શું છે? ડહાપણ. એનો શો અર્થ છે?' નસરુદ્દીને કહ્યું : 'ભૂલથી પણ ક્યારેય કોઈને વચન ન આપવું!'

★

મુલ્લા નસરુદ્દીનની પહેલી વાત કરી એમાં જેને જવું હતું એ રહી ગયા છે અને જે ચડી ગયા છે - જઈ રહ્યા છે એને જવું જ ન હતું! આશ્ચર્યની વાત છે! એટલે કે જે ચડી ગયા છે - સફળ થયા છે, એના વિશે પાકું માની કે સમજી લેવું નહીં કે તેઓ ક્યાંક પહોંચી જશે. અને જે અસફળ બની ચડી ન શક્યા - રહી ગયા, એના વિશે ક્યારેય એમ ન માનવું કે સમજવું કે તેઓ હારી ગયા છે - કૈંક ખોઇ બેઠા છે. અહીં બધા ચડનારા - ન ચડનારા, સફળ - અસફળ, જીતેલા - હારેલાં બધા જ એકસરખા છે. અને જે પ્રયત્નમાં નિષ્ફળ થયા છે - ક્યાંક ટ્રેન ચૂકી ગયા છે એ તો બીજા પ્રયત્ને બીજી ટ્રેન પકડી પણ લેશે, પણ જેઓ ખોટા રસ્તે - ખોટી ટ્રેનમાં, ઉતાવળથી ભૂલમાં ઠેકડો મારી ચડી બેઠા છે તેઓ શું કરશે?

હવે બીજી, પ્રામાણિકતા અને ડહાપણની વાત! બીજીવાર વાંચીને વિચારો કે આપણું જીવન આવી જ પ્રામાણિકતા અને ડહાપણ વચ્ચે - વિપરીત પરિસ્થિતિમાં નથી વહેંચાયેલું? કોઈને છેતરવું નથી, વચનભંગ નથી કરવું, નિષ્ઠાવાન અને પ્રામાણિક રહેવું છે પણ જ્યારે દુનિયાદારીમાં વ્યવહાર કરવાની વાત આવે, લોકો સાથે કામ કરવાનું થાય, 'પનારો પાડવો' પડે ત્યારે આપોઆપ ક્યાંકથી 'ડહાપણ' આવી જ જાય છે. ત્યારે દુકાનમાં લાગેલી પ્રામાણિકતાની તક્તી ભૂલાઈ જાય છે. નસરુદ્દીન પોતાના દીકરાને ઓનેસ્ટીની વાત કર્યા પછી, વિઝડમ વિશે સમજાવતા જ ભૂલી જાય છે કે પછી જાણીજોઈને એ ટાળતો હશે! ક્યારેક આપણે પણ આમ જ ટાળતા હોઈએ છીએ ને! પણ દીકરો તો નાનો છે. એને ખબર નથી દુનિયાની, દુનિયાદારીની. એ નિખાલસ છે, નિર્દોષ છે. એ પૂછી બેસે છે ત્યારે કહેવું પડે છે કે પ્રામાણિકતા સાથે કોઈને વચન ન આપવું! **વ્યક્તિને પોતાનું નામ - પ્રતિષ્ઠા 'સારા માણસ' તરીકેનું જોઇએ છે અને રહેવું - જીવવું બધું કરવું 'પોતાની રીતે' છે! એ શક્ય નથી.** પ્રતિષ્ઠા રામ જેવી અને બનવું રાવણ જેવું! એ નિખાલસ બાળક અત્યારે હા માં હા મેળવશે. શરૂઆતમાં ચોંકશે અને પછી એ ઘરેડમાં ગોઠવાતો જશે.

નાના બાળકોના મનમાં કૈંક લઈ લેવાની કે જીતી જવાની ઈચ્છા નથી હોતી. એમનું હૃદય ચોખ્ખુંચણાક હોય છે. એમના પ્રશ્નો ભેળસેળ વિનાના હોય

છે. તેમને જે, જેવું અને જ્યારે મનમાં આવે એ પૂછવાના. અને નાના હોય ત્યારે બહુ સારા-સાચા-ચોક્કસ જવાબોની અપેક્ષા પણ નથી રાખતા! અપેક્ષાઓની દુનિયા તો પછી આવે છે. એક એવા પ્રશ્નની વાત કરું. એક વૃધ્ધ કાગડો તેના દીકરાને શિક્ષણ આપતો હતો. તેને કહેતો હતો કે જો અનુભવની વાત છે, માનવીથી સાવધાન રહેજે. માનવી ભરોસાપાત્ર નથી. અને જો કોઈ માનવીને નીચે નમતા જુએ તો તરત ઊડી જજે, તે પથ્થર ઉપાડતો હશે. છોકરાએ વિચારીને પૂછ્યું, 'અને તે પથ્થર પહેલાથી જ બગલમાં દબાવીને આવતો હોય તો?' આ સાંભળતા જ વૃધ્ધ કાગડો ઊડી ગયો અને તેણે કહ્યું કે, 'આ છોકરો પણ ખતરનાક છે! એની પાસે રોકાવું ઉચિત નથી!'

આ હળવા રમુજી પણ ઘણું શીખવાડી જતાં દૃષ્ટાંત આપનાર છે, શ્રી ચંદ્રમોહન જૈન. આવી નાની નાની દૃષ્ટાંત કથાઓથી શરૂ કરી, તેમણે ભગવદ્ ગીતાથી લઈને ઉપનિષદ સુધીના ગ્રંથો પર પ્રવચનો કર્યા. માનવ - ચેતનાના વિકાસના પ્રત્યેક પાસા પર બોલ્યા. બુધ્ધ, મહાવીર, કૃષ્ણ, શિવ, શાંડિલ્ય, નારદ, જીસસથી કરીને આદિ શંકરાચાર્ય, ગોરખ, કબીર, નાનક, મલુકદાસ, રૈદાસ, મીરાં વગેરે... વિશે બોલ્યા, પ્રવચનો આપ્યા. બધું સ્વતંત્રતાથી કોઈ પણ ક્ષોભ વગર. વ્યક્તિઓ ઉપરાંત વિવિધતમ વિષયો જેવા કે રાજકારણ, કલા, વિજ્ઞાન, મનોવિજ્ઞાનથી લઈને દર્શન, શિક્ષણ, કુટુંબ, સમાજ, ગરીબી, પર્યાવરણ વગેરે વિશે પણ ક્રાંતિકારી જીવનદૃષ્ટિ ફેંકી. **તેમના આ બધાં પ્રવચનોમાંથી ૬૫૦થી પણ વધુ પુસ્તકો લખાયા.** ૩૦થી વધુ ભાષાઓમાં અનુવાદિત થયા ને આ બધાં દરમ્યાન તેઓ એક પછી એક નામ ધારણ કરતા ગયા અને છોડતા ગયા. પહેલાં ચંદ્રમોહન જૈન, એમાંથી આચાર્ય રજનીશ, આચાર્યમાંથી ભગવાન શ્રી રજનીશ અને ત્યાર પછી ૧૯૮૯માં 'ઓશો' બન્યા. તેઓએ જીવનદર્શક અને જીવનપ્રેરક અઢળક દૃષ્ટાંતો - અવતરણો, દૃષ્ટાંતકથાઓ અત્યંત બારીકાઈ અને માર્મિકતાતી આપ્યા છે. **એક નાનકડું દૃષ્ટાંત આપણને કેટલું બધું શીખવાડી જાય છે.** ઓછામાં ઘણું બધું કહી નાખવાની તાકાત હતી એમની પાસે. આખું પુસ્તક કે લાંબુલચક પ્રવચન જે ન કહી શકે, એ ઓશો એક દૃષ્ટાંતથી કહી નાખતા. એમની દૃષ્ટાંતકથાનું એક પુસ્તક **'માટીના દીવા'** ગુજરાતીમાં પ્રગટ થયું છે. જેનું અનુવાદ શકુંતલા મહેતાએ કર્યું છે.

૧૧ ડિસેમ્બર, ૧૯૩૧નાં દિવસે મધ્ય પ્રદેશના કુચવાળા ગામમાં જન્મ અને ૨૧ માર્ચ, ૧૯૫૩નાં દિવસે ૨૧ વર્ષે જબલપુરના ભંવરતાલ બગીચાના મૌલશ્રી નામના વૃક્ષ નીચે બ્રહ્મજ્ઞાન થયું ત્યારથી તેઓ આચાર્ય રજનીશ તરીકે ઓળખાવા લાગ્યા.

'ઓશો' શબ્દ એમને વિલિયમ જેમ્સના શબ્દ 'ઓશિયાનિક' શબ્દ પરથી મળ્યો. **જેનો ભાવ સાગરમાં વિલીન થઈ જવું એવો થાય છે. ઓશોનો બીજો અર્થ એવો પણ થાય છે કે, જે વ્યક્તિ વરદાન પામેલો હોય અને જેના પર હંમેશ આકાશમાંથી ફૂલોની વર્ષા થતી રહે છે.**

તેઓએ ૧૯ જાન્યુઆરી, ૧૯૯૦માં ઓશો કમ્યુન ઇન્ટરનેશનલ - પૂણેમાં દેહ છોડ્યો. અને આજે પણ ત્યાં, ઓશોની સમાધિ ઉપર સુવર્ણ અક્ષરોમાં લખાયેલું છે :

*ઓશો*
*કદી જન્મ્યા નહોતા*
*કદી મર્યા નહોતા*
*ફક્ત આ પૃથ્વી ગ્રહની મુલાકાત લીધી*
*૧૧ ડિસેમ્બર, ૧૯૩૧ –*
*૧૯ જાન્યુઆરી, ૧૯૯૦ની વચ્ચે*

*૨૦૧, નારાયણકૃપા કોમ્પ્લેક્સ, સત્યમ ફ્લેટ્સની સામે,*
*બાલાજી ગાર્ડન રેસ્ટોરન્ટની બાજુમાં,*
*પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૧૩૦ ૫૬૧૧૧*

*સારા લોકોને સારી રીતે વર્તવા માટે કાયદાની જરૂર પડતી નથી અને ખરાબ લોકોને ખરાબ વર્તન માટે કાયદામાંથી રસ્તો કાઢતા આવડે છે.*

## HEALTH FOR LIFETIME

★ Health doesn't come from nutritious foods, Vitamins & Medicine alone.

*It comes from :*

- Peace of mind
- Peace of the Heart &
- Peace in the soul.

*It is magnified by :*

- Laughter
- Love & faith in God.

★ May you find Peace & good health not only this day, but for a lifetime.

– ***Mar Razalan***

ઓજસ

# મૈં તો કવિ બન ગયા!

• મણિલાલ ડી. રૂધાણી •

મને કવિ થવાનો અભરખો જાગ્યો. આ એ સમયની વાત છે જ્યારે સાઇકલમાં ડાઇનેમોવાળી લાઇટ રાખવી ફરજિયાત હતી અને ન હોય તો પોલીસખાતુ રોકે, દંડ કરે.

કવિતાઓ લખી લખીને અખબારોમાં મોકલ્યું ને છાપ્યા જેવી ન હોય તોય તંત્રીશ્રીઓ સ્થાન આપે કારણકે કૃતિઓ પસંદ ન આવે ને સાભાર પરત જોઈતી હોય તો પોસ્ટલ ટિકિટો બીડવી પડે, જે હું ન મોકલતો; ને તંત્રીશ્રીઓ કંઈ પોતાને ખર્ચે કૃતિ સાભાર પરત ન મોકલે એટલે કચરાપેટીને હવાલે કરવાને બદલે છાપી નાખે.

બોલો ભાઈ! પછી આમાં પુરસ્કાર મળવાની વાત ક્યાં આવી? ને આમેય આવા પુરસ્કારરૂપી રોકડ રકમથી કંઈ કવિ મહાશયના બૈરા છોકરા રોટલા ભેગા ન થાય.

રોજીરોટી માટે તો ક્યાંય હાથ પગ હલાવવા જ પડે. એક મિત્રને મારી હાલત ઉપર દયા આવી. મને કહે, મારી ઓફિસે આવી જા. ઓફિસ જ સંભાળવાની. બેય ટાઈમ જમવા, ચા-પાણીનો ખર્ચ અને પગાર આપીશ. હું મિત્રની ઓફિસમાં લાગી ગયો.

મિત્રને ખબર હતી કે મારું ઘર દૂર છે એટલે મને એક સાઇકલ આપી. મેં સાઇકલ ઉપર નજર નાખી. મનમાં અનુમાન કર્યું કે બેય ટ્યુબમાં ઓછામાં ઓછા પાંચ પંચરો તો સાંધેલ હશે જ – ટાયરો જૂના થઈ ગયેલા, પંખાઓ હતા નહીં. લાઈટની સગવડ પણ નહીં. બસ સીટ ઉપર બેસીએ એટલે સાઇકલ ચાલે ને થોડી બ્રેક લાગે એ જ સુવિધા! પણ મારી ગાડી ચાલી.

અત્યાર સુધી તો કોઈ વાંધો ન હતો પણ આજે થોડી તકલીફ થઈ. રાતના દસના સુમારે સાઇકલ લઈને જતો હતો ત્યાં એય સાઇકલિસ્ટ ઊભો રહે! કહીને પોલીસવાળા ભાઈએ બૂમ પાડી. મારું કવિ દિલ ઉકળી ઉઠ્યું. મારાથી પોલીસવાળા ભાઈ પાસે જતા-જતા ગવાઈ ગયું, **'મુજકો ઇસ રાતકી તનહાઇયોં મેં આવાઝ ન દો, આવાઝ ન દો...'**

પછી પોલીસવાળાભાઈ પાસે જઈને પૂછ્યું, 'બોલો સાહેબ, શું કામ છે?'

'સાઇકલમાં લાઇટ કેમ નથી?' સવાલ પૂછાયો. મેં વળી ગીતનો આશરો લીધો **'રોશની હો ન શકી દિલકો જલાયા મૈંને...'**

'ભલા માણસ! દિલને જલાવવાથી કંઈ લાઇટ ન થાય. લાઈટ માટે તો ડાયનેમો જોઈએ જે તમારી સાઈકલમાં નથી. દસ રૂપિયા દંડ ભરી દો.' પોલીસવાળા ભાઈનો હુકમ થયો.

દસ રૂપિયા? હું પરેશાન થઈ ગયો. ખિસ્સામાં એક કાણાવાળો પૈસો પણ ન હતો એટલે મેં કહ્યું, 'ભાઈ! **મૈં પરેશાન હું મુજે ઔર પરેશાન ન કરો... આવાઝ ન દો...'**

'અરે ભાઈ!' પેલા પોલીસવાળા ભાઈ બોલ્યા, તમે તો કવિ લાગો છો!

હા ભાઈ, કવિ છું.

તો તો ખિસ્સામાં દસ રૂપિયા ક્યાંથી હોય? હું પણ કવિતાનો શોખીન છું. જાવ તમારો દંડ માફ. તમે જે કાવ્યમય ફિલ્મી ગીત સંભળાવ્યું તેના માટે લ્યો આ પુરસ્કાર અને એણે દસ રૂપિયા મારા ખિસ્સામાં નાખી દીધા. મેં આભાર માનીને સાઇકલ દોડાવી મૂકી. વહેલું આવે ઘર!

અરે પણ આ શું? ઘરે આવીને જોયું તો નકુચામાં તૂટેલું તાળું લટકતું હતું. મને જોઈને તાળાને વાચા ફૂટી. (ગમે એમ તોય કવિનું તાળું હતું ને?)

***તૂટે હુએ તાલેને હમકો યે બતાયા હૈ...***
***તુને તુને જો કમાયા થા, ચોરોને લુટાયા હૈ!***

પણ મને કોઈ ફિકર ન હતી. ચાર દીવાલ સિવાય ઘરમાં કંઈ ન હતું પછી શું ચોરાઈ જાય?

મેં દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો ને જૂની પુરાણી 'શેટી' પર લંબાવ્યું ને સૂતા સૂતા પણ એક શાયરી ગવાઇ ગઈ...

*ગરીબાઈની પણ અહીં*
*હદ આવી જાય છે*
*લોકો અહીં*
*ખાલી પાંપણો ઓઢીને સૂઈ જાય છે.*

***પરેશનગર, રાણાવાવ.***

☺ *બસ સ્ટોપ પર એક વ્યક્તિ બીજી વ્યક્તિને પૂછે છે, "યાર, આ સુખ, શાંતિ અને ચેન કેવા હોય?"*

*બીજી વ્યક્તિ : યાર, હું પણ તારી જેમ જ પરિણીત છું. મને તો ખબર નથી. મારી બાજુમાં ઊભેલાને પૂછી જુઓ. કદાચ તેણે લગ્ન ન કર્યાં હોય*

ઓજસ

# વધામણા

• તરલાબા આર. ચૌહાણ •

નતાશા ઊંચેરા આકાશમાં ઉડવાને બદલે ધરતી ઉપર પગ રાખીને ચાલે છે. પોતાનું મન સંયમ જાળવવાનું કહે છે. પપ્પા તેને વાસ્તવિક્તા સ્વીકારવાની સમજણ આપે છે. શ્રીયુત પપ્પા હંમેશાં તેના નામે પ્રશંસાપાત્ર બનવાનો બિલકુલ ઇન્કાર કરે છે. પરિવારને પણ ક્યારેક નામ વટાવી ખાવાની ઇચ્છા જાગે છે પણ શ્રીયુતભાઈ તેવી વાતનો છેદ ઉડાડી દેતા લગીરેય ખચકાતા નથી. નતાશાને એવી સમજણ આપવાનો પ્રયાસ કરે છે કે પોતે ભલે બ્રાન્ડનેમ ધરાવતા હોય, લાખો દિલમાં સ્થાન મેળવીને વિશાળ ચાહક વર્ગ ઊભો કર્યો હોય પણ તે ચાહક વર્ગે કલ્પના કરી ન હોય તેવી શૈલી અપનાવે તો તમને નફરત કરતા ખચકાતા નથી. તમારી મનોવૃત્તિનો લગીરેય સ્વીકાર કરતા નથી. વિશાળ ફેન્સ સમુદાયે તમારી આદર્શભરી નૈતિક જીવનશૈલીનો સ્વીકાર કરેલો હોય છે જ પણ તેવી શૈલીથી વિમુખ થઇને અણગમતા રસ્તે જઈને જીવનના આદર્શોને ઉવેખી શકતા નથી. જો તમે તેવું કરવા ધારો તો તેઓ તમને હૃદયસ્થ કરશે પણ નહીં. તમારા ફેન્સ તમારાથી અંતર રાખશે. માત્ર છળભરી, ભ્રામક ઘાંટાઘાંટ કરીને અસત્યને વ્યાજબી ઠેરવી શકાતું નથી. તમારી શૈલીમાં સચ્ચાઇ ન હોય, માત્ર ખોખલો બોદો અવાજ હોય તો ચાહકવર્ગ તમને હૃદયસ્થ કરતા નથી. તેમને રચેલી કલ્પનાના સિધ્ધાંત હૃદયમાં ધબકતા હોય છે. તેમની ધડકનના સૂર મેળવતા રહો. તાલ સાથે તાલ મેળવો તો તમારા ફેન્સ તમને જરૂર સ્વીકારશે. હૃદયના ઉંડાણમાંથી નીકળેલા સૂર અને તાલને લાંબા સમય સુધી કંઠસ્થ રાખશે, વિસરાશે નહીં અને તેમાં રહેલા સચ્ચાઇના રણકા સાથે ઝુમીને નાચવા લાગે છે. તેમને પોતીકાપણાનો સૂર કર્ણપ્રિય લાગે છે. બધા સાથે મળી ઝુમશે, નાચશે, ગાશે.

માત્ર પ્રતિભાશાળીના સંતાન હોવું એનાથી કુશાગ્ર વ્યક્તિત્વ ખીલે નહીં. સફળ વ્યક્તિત્વ ખીલે નહીં. **સફળ ઝમકદાર વ્યક્તિત્વ ખીલવવા માટે જાતે જ પરિશ્રમના બીજ આરોપવા પડે છે.** તેના અંકુર ચોતરફ ફેલાય છે ત્યારે જીવન સફળ થયાની અનુભૂતિ જરૂર થવા લાગે છે. તેનો સ્પર્શ પણ રોચક લાગે છે. ભાવેશ ભટ્ટની રચના નતાશાના મનડાને પસંદ પડી ગઈ.

*રહસ્યો ખબર છે બધા ઘરની છતના,*
*નથી કોઈ આકાશની જાણકારી.*

પોતાની જિંદગીની વાર્તા ઉત્કૃષ્ટ બનાવવા માટે જ સ્તો પોતાને જ ઉત્કૃષ્ટ સંરચનાથી હૃદયના તાર રણઝણવા પડે છે. હૃદય મનના એકતારે લીન બનવું પડે છે.

નતાશાનું મન નીરવતા, ઉદાસીનતામાંથી છૂટવા માટે તેને મનપસંદ કોફી હાઉસ તરફ કદમ માંડ્યા. રીઝર્વ ટેબલ પાસે ઊભી રહીને સહેલી વૃંદની રાહ જુએ છે. સહુએ તેની નજદીક આવી હૃદયની ખુશી વ્યક્ત કરી. થોડીવારે સંવાદિતા સાધીને સહેલી વિશ્વાએ જણાવ્યું, 'તારા પપ્પા ટેલેન્ટેડ છે એટલે તને જોબ મેળવવા બિલકુલ તકલીફ નહીં પડે!' ત્યાં જ કોફી હાઉસના માલિક સુજોય પસાર થયા. તેણે મલકાઇને નજર મેળવી. સામાન્ય વાતચીતમાં જ તેમણે પોતાનો અનુભવ વ્યક્ત કર્યો, 'તું સક્સેસફુલ બિઝનેસમેનની દીકરી છે એટલે એનો અર્થ એ નથી કે તું પણ સુપિરિયર બિઝનેસ કરી શકીશ! **તેના માટે કેટલાયે પાપડ વણવા પડે છે. પાપડ વણવાનું પહેલા શીખી લે પછી ધંધો માંડવાનું વિચારજે.'** સુજોયનો ટોણો નતાશાના મનની આરપાર નીકળી ગયો. નતાશાને હાડોહાડ લાગી આવ્યું. તે લગાતાર તે ટોણા ઉપર વિચારતી રહી. તે પળની ગૂંજ મનમાં પડઘાતી રહી. **સમજદારને એક જ ઇશારો કાફી હોય છે. તેણે સુજોયની સામે જ કોફી હાઉસ ખોલવાના પ્રયત્નો શરૂ કરી દીધા.** તેને કેવી રીતે પડકારી શકાય તેની ગડમથલમાં ઊંડે ને ઊંડે ખૂંપતી ગઈ. સરોવરની ઊંડાઈ માપવા તેણે કૂદકો માર્યો. કિનારે બેસીને દૂર સુધી માત્ર જોયા કરવાનો કોઇ અર્થ નથી. સફળ થવા માટે પોતે જ પ્રયત્નશીલ બનવા લાગી. બુદ્ધી ધારને તેજ કરવા માટેનો પ્રયત્ન ધારદાર કરવા લાગી. પરિણામે કોફી હાઉસમાં પણ તેના ચાહકોની ગીર્દી ઉમટવા લાગી. **તેને જોઇને તે મનોમન સુજોયનો આભાર માનવા લાગી. તેના થકી જ પડકારોના વિચારોની છૂરી તેજ બની ગઈ.** શાન બાન સાથે માણેક થંભ આરોપવામાં સુજોયના ટોણા નિમિત્ત બન્યા. તેનો રણકો ચોતરફ ગુંજીને પડઘાવા લાગ્યો. ગઇકાલના મધુર સ્વપ્નોનો ઉજાશ બળવત્તર બનાવવા માટેની ઇચ્છા જાગે તો જ આવતીકાલ દિવ્યમાન બને તેની સમજ આવવા લાગી. હવે નાસમજથી અનાડી નહીં બનવાનો નિશ્ચય નતાશાએ કર્યો ત્યારે પરિવારે તેને વધાવ્યો.


*જેની ગઈકાલ આજના કરતાં સારી ન લાગે તે કમનસીબ રહે છે.*

*૧૪-સી, પાર્થ સોસાયટી-૧,*
*સૃષ્ટિ પાર્ક પાછળ, વી.આર. નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૦૮૨ ૪૨૯૮૪*

વાર્તા

વાતવાતમાં

# ચૂંટણીનો ચકરાવો – ૨૦૧૭



બલવીરસિંહ જાડેજા

## દૃશ્ય-૧

....અને રાજ્યમાં ચૂંટણીની તારીખ જાહેર થઈ. બસ પછી તો જેમ વાદળોની ગડગડાટી સાંભળીને મોરલાઓ ગહેકવા લાગે, કે નવરાત્રીમાં માઈક ટેસ્ટીંગ કે ઢોલની થાપ પડે ને ખેલૈયાઓના પગ થરકવા માંડે એમ રાજકારણીઓ અને તેમના ટેકેદારોના મનમાં ટિકિટ કે ઉમેદવારી માટેના વિચારોના અંકુર ફૂટવાની સાથે ટિકિટ મેળવવાના, મળે તો જીતવાના અને જીતીને કેમ અને ક્યાંથી પૈસા ભેગા કરવાના આયોજનના સ્વપ્ના આવવા માંડ્યા.

અમારા તાલુકાના શહેરના તળાવ કાંઠે, અમારા પરમમિત્ર અને રાજકારણીઓને પણ શરમાવે એવા મુત્સદ્દીભર્યા હાસ્યના માલીક, પશુ ચિકિત્સક ડૉ. મનસુખ "જરૂર" સરકારી નોકરીમાંથી રીટાયર્ડ થઈને પોતાનું પશુ ચિકિત્સાલય ચલાવતા, પોતાની ઓફિસમાં દર્દીઓની (માંદા પશુઓની) રાહ જોતાં, સામે ચાની કિટલી ચલાવતા મેરાભાઈની ચા પીધી હોવા છતાં, બગાસા ખાતા બેઠા હતા. સામાન્ય રીતે ડૉ. મનસુખને "મનુભાઈ ઘોડા ડાક્ટર" કે "જરૂર ડૉક્ટર" તરીકે સંબોધન કરતા ગમે તે પક્ષના ટેકેદારો કે ટિકિટ વાંછુઓના પ્રતિનિધિઓ ત્યાંથી પસાર થતા જ, 'ડૉક્ટર સાહેબ, નમસ્કાર... કેમ છો સાહેબ? ખબર છે ને આપણા ફલાણાભાઈ આ વખતે ફલાણા પક્ષના ઉમેદવાર છે. તેનું ધ્યાન રાખજો હોં! તમારો મત તો ફલાણાભાઈને પાકો ને?"

મનસુખ હંમેશાંનું હાસ્ય મોં પર લાવીને, ફલાણા ભાઈ હોય કે ઢીકણાભાઈ, આ પક્ષ હોય કે તે પક્ષ, દરેકને "હહહહ-અઅઅ... જરૂર" કહીને સૌને જાણે એમનો જ ટેકેદાર હોય એમ આશ્વાસન આપી દરેકને, ખાત્રીનો અહેસાસ કરાવી રવાના કરે અને પછી મનમાં મરક્યા કરે.

## દૃશ્ય-૨

તાલુકા મથકના શહેરમાં આવેલા એકમાત્ર બગીચામાં બેસીને કહેવાતા બુદ્ધિજીવીઓ, જેમણે આ શહેર અને તાલુકાના "વિકાસ" અને "ન થયેલા વિકાસ" વિશે વગર આપ્યે લઈ લીધેલો ઠેકો, ફક્ત દેખાવ ખાતર (કારણકે મોટાભાગના નિવૃત્ત અને કોઈને પણ ઉપયોગી ન થઈ શકવાની ક્ષમતા અને ફક્ત ચર્ચા જ કરી શકે તેવા) કોણ યોગ્ય ઉમેદવાર છે તેની ચર્ચા કરતા હતા. 'ફલાણાભાઈએ તો ખાયકીમાં ના લજાવ્યું ને ઢીંકણાભાઈએ તો, સગાવહાલા મિત્રોને ચાંદી જ ચાંદી કરી દીધી' એવી ચર્ચાઓ પછી એક પછી એક નામ ઉપર સહમતિ ન સધાઇ ત્યારે એક બુઝુર્ગ સદ્‌ગૃહસ્થે પ્રસ્તાવ મૂક્યો. "જેણે સેવા કરી હોય તેવા સ્વભાવગત સેવાભાવી ઉમેદવારને ઊભો રાખો અને જીતાડવાની જવાબદારી પણ લ્યો. જેથી શહેર અને તાલુકાનું કલ્યાણ થાય."

સૌએ સૂચન વધાવી તો લીધું પણ સૌ વિચારમાં પડ્યા કે આવો સેવાનો ભેખધારી નમૂનો કોણ?

એક બીજા વયસ્ક ગૃહસ્થે, બીતા બીતા રજૂઆત કરી કે સૌ સહમતિ આપે તો એક નામ કહું? જેણે જિંદગી આખી મૂંગા જીવોની સેવા (ભલે આર્થોપાર્જન માટે) કરી છે એવા પશુ ચિકિત્સક મિત્ર ડૉ. મનસુખનું નામ આપી, તક આપવા વિનંતી કરી.

'ના મામો કરતા કાણો મામો શું ખોટો? ભલેને બોલતા નહીં તો મૂંગા જીવોની સેવા તો કરી જ છે ને!' કરો કંકુના અને ડૉ. મનસુખ જરૂરના નામ ઉપર ૧૦૦% સહમતિ થઈ ગઈ.

બોલાવ્યા ડૉ. મનસુખને. "હહહહઅઅઅ.... જરૂર પણ પણ..."

ખાલી ખિસ્સા બતાવીને ચૂંટણી માટે જોઈતા 'રૂકા'નું શું? એવો મનસુખે મોઘમ સવાલ કર્યો.

'અરે અમે બેઠા છીએને? ફાળો કરીશું.' અને ત્યાં ને ત્યાં મનસુખના ઉમેદવારીની સાથે વ્યવસ્થા કમિટી રચાઇ ગઈ. ખજાનચી, પ્રચાર, આયોજન, નાસ્તા-પાણી, અન્ય વ્યવસ્થા.

ડૉ. મનસુખે દવાખાને બોર્ડ મારી દીધું. "ડૉ. મનસુખભાઈ અગત્યની કામગીરીને લઈને દર્દીઓ (પશુઓ)ને બે મહિના સુધી સેવા નહીં આપી શકે. આગળ ઉપર જાણ કરવામાં આવશે. (મનમાં એક ખૂણે અમર આશા હતી કે જો ચૂંટાઈ જઈશ તો પછી થોડી મૂંગા જીવોની સેવા કરીશ હેં!)

સૌના ફાળાની શરૂઆત થઈ અને જોતજોતામાં લાખેક રૂપિયા જમા થઈ ગયા. ત્યારે મનસુખને આશા બંધાણી અને ઘરે લાપસીના આંધણ મૂકાયા અને દવાખાનાનું કમ્પાઉન્ડ જે દર્દીઓનું 'વેઈટીંગ લોન્જ' (જ્યાં આવનારા પશુઓ અને માલીકો વારાની રાહ જોતા અને આરામ કરતા) ત્યાં સામિયાણા બંધાઈ ને કાર્યાલયની શરૂઆત થઈ. સામે ચા ની કિટલી ચલાવતા મેરાભાઈને ચાનો પુરવઠો ખૂટે નહીં તે માટે ઓર્ડર અપાઈ ગયો.

એક જયોતિષ મિત્રે ઉમેદવારી ભરવાનું મુહૂર્ત કાઢી આપ્યું. એના આગલા દિવસે શહેર અને તાલુકાના ગામડાંઓમાં રીક્ષામાં માઈક મૂકી પ્રચાર શરૂ થયો. ''આપણા સૌના લાડીલા, જિંદગી આખી સેવાના ભેખધારી એવા ડૉ. મનસુખ જરૂર, ચૂંટણીમાં, ઘોડાના નિશાન સાથે ઉમેદવારી પત્રક ભરવા પોતાના દવાખાનાથી કલેક્ટર કચેરીએ સરઘસરૂપે પ્રસ્થાન કરશે. સયમ બપોરે બે વાગે. સૌ મિત્રો, સ્નેહીઓએ ડૉ. મનસુખભાઈની સેવાનો અવસર પ્રાપ્ત થયો હોય તેમણે સૌએ મિત્રમંડળ, સહકુટુંબ (બપોરે ઘરેથી જમીને) આવીને આપણા ઉમેદવારનો ઉત્સાહ વધારવા હાજર રહેવું.''

સૌ ડૉ. મનસુખના દવાખાને હાજર થયા ત્યારે ભારતના ૭૦ વરસના ઈતિહાસમાં ન જોયું હોય તેવું અદ્‌ભુત દશ્ય જોવા મળ્યું. શહેરમાં ઘોડા અને બગી ભાડે આપતો અબ્દુલ, જેના ઘોડાઓને મનસુખે કેટલીયવાર સાજા કરેલા, એ તો વરરાજા માટે શણગારે એવા ઘોડા સાથે હાજર થયો. ગામડાના ખેડૂતો, બળદોને શણગારી, ઝુલો પહેરાવી, ગાય ભેંસોના શીંગડા રંગી, ઘેટા બકરાવાળા સીમને બદલે ધણ લઈને મનસુખના દવાખાને સમયસર હાજર થયા. શહેરનો ટ્રાફિક જામ થઈ ગયો. બેન્ડવાજા સાથે જ્યારે કલેક્ટર કચેરીએ સૌ મનસુખને ઘોડે ચડાવી પહોંચ્યા ત્યારે વિશાળ કલેક્ટર કચેરીનું કમ્પાઉન્ડ, જે હંમેશાં ખાલી રહેતું હતું તે બળદ, ગાયો-ભેંસો, ઘેટા-બકરા, થોડા ઘોડા-બગ્ગીઓ, એકાદ ઊંટ જેવા પશુઓથી ભરાઈ ગયું.

નવા નવા આઈ.એ.એસ. થઈને કલેક્ટર તરીકે નિમણૂંક પામેલા કોઇ સાઉથ ઈન્ડિયન બહેન આવા 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા ઉમેદવાર અને ટેકેદારોને જોઈને, ગુજરાતી નહીં સમજતા યુવાન બહેને 'અયઇ અયઇઓ...' બોલીને એમના ભણવામાં નહીં આવેલી આવી પરિસ્થિતિનો સામનો કઈ રીતે કરવો એ બાબતે મૂંઝાઈ ગયા.

બીજા ગુજરાતી જાણતા સ્થાનિક સહકાર્યકરોએ એમને શાંત પાડી, ડૉ. મનસુખની ઉમેદવારી પૂરી કરાવી સૌને વિદાય કર્યા ત્યારે કલેક્ટર સાહેબાને હાશકારો થયો.

સૌ વિજેતાની અદાથી વિદાય થયા ત્યારે કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં પડેલા પોદળા અને મૂત્રની દુર્ગંધને સાફ કરાવવા કલેક્ટર સાહેબે બજેટ ફાળવવું પડ્યું.

## દૃશ્ય-૩

રાજ્યમાં નવી નવી ઊભી થયેલી પાર્ટીમાં, જેને પોતાની પાર્ટીએ ટિકિટ ન આપી હોવાથી, જોડાયેલા ઘણાબધામાં સ્વતંત્ર સેનાનીઓમાંથી હવે માંડ માંડ થોડા બચી ગયેલાઓમાં એક અમરતલાલ પણ હતા. નવી પાર્ટીના ઉમેદવાર તરીકે, બસ હવે આયખાના છેલ્લા દસકામાં આ શહેર અને તાલુકાની સેવા કરવાની તક આપવાની વિનંતી કરતા, લોકસંપર્ક કરી રહ્યા હતા.

પોતાના મિત્રો અને લોકોના ફંડફાળાથી ચૂંટણી લડી રહેલા ડૉ. મનસુખને પૈસાની તંગી રહેવી સ્વાભાવિક હતી. એટલે ઘરે ઘરે ફરીને અંગત સંબંધો દ્વારા 'અત્યાર સુધી અબોલાની સેવા કરી, હવે બોલતાઓની સેવા કરવાની તક આપો' એવી વિનંતી સાથે, આયોજન મુજબ દરેક વિસ્તારની ટોળકીઓ ગામડાં ખૂંદી રહી હતી અને સારો પ્રતિભાવ મળી રહ્યો હતો.

મુખ્ય પક્ષોના ઉમેદવાર અને કાર્યકરોને આ બંને હરીફોનો છૂપો ડર હતો કે, સા... બંને એમનું ગણિત બગાડે નહીં. મિત્ર મનસુખ તો મરતાને મર ન કહે એવી સજ્જનની છાપ ધરાવનાર હતો અને અમરતલાલ પણ કિશોરવયે અભ્યાસ છોડી 'હિંદ છોડો' ચળવળ જેવા સત્યાગ્રહમાં પોતે વડીલો સાથે કરેલા પરાક્રમોના સંભારણોથી સભાઓ ગજવતા હતા. એટલે હરીફોને એમની વધુ બીક હતી.

એવામાં એક જાહેરસભાનું આયોજન અમરતલાલની પાર્ટીએ ભરચક વસ્તીવાળા સ્થળે ગોઠવ્યું. એમાં જેવા અમરતલાલ બોલવા ઊભા થયા એવા જ, એમની જૂની પાર્ટીના છદ્મવેશે ઘૂસેલા કાર્યકરોએ 'પાટલી બદલુ - પાટલી બદલુ અમરતલાલ પાછા જાઓ. પાટલી બદલુ પાછા જાવ...' એવા ખૂણે ખૂણેથી નારા સાથે, જૂના જોડા અને ઈંડાનો અમરતલાલ ઉપર મારો ચલાવ્યો.

આવા પરિણામનો સ્વપ્નેય ખ્યાલ ન હોવાથી હાઈ બ્લડ પ્રેશરના દર્દી (અને અનેકવાર ઍટેક આવેલ) એવા અમરતલાલને આ આઘાતથી ફરી એક હુમલો આવ્યો અને ઢળી પડ્યા. હો.. હા... મચી ગઈ. માંડ માંડ નજીકની હોસ્પિટલે પહોંચાડ્યા પણ અમરતલાલ, અધૂરી ખ્વાહિશ (સેવા કરવાની) સાથે ઉપર સીધાવી ગયા અને બધાનું ગણિત બગાડતા ગયા.

ઉમેદવારી પત્રકો ભરાઈ ગયેલા હોવાથી તેમજ પાછા ખેંચવાની તારીખ પણ નીકળી ગઇ હોવાથી ચૂંટણી પંચે આ બેઠકની ચૂંટણી હાલ પૂરતી રદ કરી એમાં ડૉ. મનસુખનો પણ ભોગ લેવાઇ ગયો.

માંડ માંડ ફાળો કરી ચૂંટણીમાં ઊભા રહેલા ડૉ. મનસુખે વિચાર્યું કે, અબોલ જીવોની સેવા જ મારા નસીબમાં લખાયેલી છે. બોલતા જીવોની સેવાનો યોગ આ જીવનમાં નથી એમ સમજી મન મનાવ્યું અને પોતાના પશુ દવાખાનામાં ફરી ધ્યાન આપવાનું શરૂ કરી દીધું.

- **વાતવાતમાં :**

ફરી ફાળો કરી મનસુખને ઊભો રાખવાની હેસિયત ન હોવાથી બુદ્ધિજીવીઓએ પણ ફરી ચૂંટણીની તારીખ નક્કી થાય તો પણ મનસુખને ઊભો ન રાખવા મન મનાવ્યું કે પેલી કાશીની કહેવત મુજબ, ત્યારે માર મોચીનો મોચી અને ભલેને વાગતા અને ધૂણતા જૂના ડાકલા અને જૂના ભુવા.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*ચાઇલ્ડ કેર હોસ્પિટલ પાછળ,*
*પ્રોફેસર કોલોની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## Memorandum of Understanding Executed between Adani Foundation and Arid Communication Technologies (ACT)

***નોંધ*** *: પ્રોજેક્ટ 'બ્લ્યુ રીવોલ્યુશન' જે લગભગ ૩ હજાર કરોડનો પ્રોજેક્ટ છે તે ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટના શું શું કાર્યો કરવા માંગે છે તેની વિગતવાર રસપ્રદ અને ઉપયોગી માહિતી શ્રી યોગેશભાઈ જાડેજાએ 'કચ્છશ્રુતિ'ના વાચકવર્ગને અત્રે જણાવેલ છે.*

*– તંત્રી મંડળ*

હજારો વર્ષોથી કચ્છને પાણીની અછતવાળા જિલ્લા તરીકે ઓળખવામાં આવે છે. જિલ્લાના મર્યાદિત અને અનિયમિત વરસાદથી, જિલ્લામાં દર ચાર વર્ષમાંથી બે વર્ષ દુકાળ હોય છે અને પાણીની સતત તંગી સર્જાય છે. મર્યાદિત સ્રોતોમાંથી પીવાનું પાણી લાવવા માટે આજે પણ એક મોટો પડકાર છે.

વર્ષ ૨૦૦૧ સુધી, આ પ્રદેશમાં ખૂબ ઓછી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ હતી અને તેથી ઉદ્યોગોની પાણીની જરૂરિયાત ચિંતાજનક ન હતી. ભૂકંપ પછી (વર્ષ ૨૦૦૧), નવા ઉદ્યોગોને નાણાંકીય પ્રોત્સાહનની જાહેરાતથી જિલ્લામાં વિશાળ ઔદ્યોગિકીકરણની શરૂઆત થઈ અને જિલ્લામાં ઔદ્યોગિકીકરણથી પણ પાણીની તંગીમાં વધારો થયો. જેના અંતર્ગત ફોકિયાએ કચ્છ જિલ્લાને પાણીથી સરભર બનાવવા માટેની ઝુંબેશ ચાલુ કરી અને સમાજના જવાબદાર આશ્રયદાતા તરીકે ફોકિયાએ કચ્છના વિવિધ ક્ષેત્રોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે એક વ્યાપક સર્વે અને રીસર્ચ કર્યું. જેમાં પ્રોજેક્ટ "બ્લ્યુ રીવોલ્યુશન – અ જર્ની ફ્રોમ વોટર સ્કેર્સ ટુ વોટર સરપ્લસ ડિસ્ટ્રીક્ટ" હેઠળ કચ્છ પાણીની અછતવાળા પ્રદેશમાંથી પાણીની છતવાળો પ્રદેશ બને તેવું કાર્ય છેલ્લા પાંચ-સાત વર્ષથી શરૂ થયું છે. જેમાં કચ્છના ૯૦૦ ગામડાંનો સેટેલાઇટ ઇમેજીસ અને સ્થળ પરના ફિલ્ડ વર્ક દ્વારા એમના વપરાશકર્તા કેન્દ્રો અને પાણીના સંભવિત સ્રોતનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો. આ સર્વેમાં પાણીની સંભવિત સ્રોતો, પાણીના સંગ્રહની ક્ષમતા વધારવા માટે, સીવરેજના પાણીને ટ્રીટ કરીને ફરી વાપરવા માટે, પાણી જળસંચય અને દરિયાઇ ખારા પાણીને મીઠું કરવા (Sea water Desalination) અંગેની વિગતો આવરી લેવાઈ.

ફોકિયાના બે સભ્યો એક્સેલ ક્રોપ કેર અને એગ્રોસેલ લિ. એ આ પ્રોજેક્ટના રીસર્ચ માટે લગભગ રૂપિયા ૫૫ લાખ ખર્ચ્યા છે અને એરીડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ACT)ના શ્રી યોગેશ જાડેજાએ પણ આ કામ કર્યું છે. "પ્રોજેક્ટ બ્લ્યુ રીવોલ્યુશન" જે કુલ લગભગ ત્રણ હજાર કરોડનો પ્રોજેક્ટ છે, જે ઉદ્યોગોના CSR અને સરકારના ફંડના સંયુક્ત પ્રયાસોથી જ સાકાર થઈ શકે છે.

જેને પ્રોત્સાહન આપવા માટે ફોકિયા સતત સેમિનાર, વર્કશોપ, મીટિંગોનું આયોજન કરીને ઔદ્યોગિક એકમો અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં જાગૃતિ ફેલાવી રહી છે. જેના અંતર્ગત તા. ૨-૩-૨૦૧૭ના રોજ કચ્છ સી.એસ.આર. કોન્કલેવ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રોજેક્ટ બ્લ્યુ રીવોલ્યુશનની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને ઠરાવ્યું હતું કે સહયોગી પ્રયત્નો સાથે સી.એસ.આર. પ્રોજેક્ટ્સ માટે કુલ સી.એસ.આર. ભંડોળના ૩૦% રકમ જે તે ઉદ્યોગ ગૃહોએ વાપરવી. આવા સહયોગી પ્રયત્નોથી અને કચ્છના લોકોની જરૂરિયાતના પ્રમાણે CSR પ્રોજેક્ટ્સ કરવામાં આવે તો પાણી જેવા પ્રશ્ન ટૂંક સમયમાં જ ઉકેલી શકાય છે.

હાલમાં Participatory Ground Water Management (PGWM) હેઠળ લગભગ ત્રણ તાલુકાઓના ચાલીસ ગામોમાં, અત્યાર સુધી ઇન્ડસ્ટ્રીઝ દ્વારા CSR હેઠળ દસ કરોડ ખર્ચાયા છે. પરંતુ આ તો હજી શરૂઆત છે. અને હાલમાં જ મુંદ્રા તાલુકાના દસ ગામો માટે પાર્ટીસિપેટરી ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટ (PGWM) માટે અદાણી ફાઉન્ડેશન અને એરીડ કમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજીસ (ACT) વચ્ચે પણ, તા. ૧-૧૦-૨૦૧૭ના રોજ મુંદ્રા ખાતે કરાર થયા. આ એમ.ઓ.યુ. ઓક્ટોબર-૨૦૧૭થી માર્ચ-૨૦૨૨ સુધીના પાંચ વર્ષ માટે છે.

અદાણી ફાઉન્ડેશનના સપોર્ટથી અને ACT પ્રોજેક્ટની જરૂરિયાત મુજબ મહત્તમ ૬૦ મહિના (૫ વર્ષ) સુધી નક્કી કરાયેલા સ્થળોએ આ પ્રોજેક્ટને અમલમાં લાવશે.

અદાણી ફાઉન્ડેશન તેમની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળ પાર્ટીસિપેટરી ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટ (PGWM)ના કામનું સમર્થન કરવાનો નિર્ણય કર્યો છે જે કૃષિ માટે સંતુલિત પાણીના વપરાશ દ્વારા ટકાઉ જળ સંશાધન પ્રાપ્ત કરવા તરફ દોરી જશે.

અદાણી ફાઉન્ડેશન ભારતીય ટ્રસ્ટ એક્ટ, ૧૮૨૨ હેઠળ નોંધાયેલ ટ્રસ્ટ છે અને CSR હેડ શ્રી મુકેશ સક્સેના દ્વારા સંચાલિત છે. અધ્યક્ષ ડૉ. પ્રીતિ અદાણીના માર્ગદર્શન હેઠળ કાર્યરત આ ફાઉન્ડેશન ચાર મુખ્ય કાર્યક્ષેત્ર હેઠળ – શિક્ષણ, કોમ્યુનિટી હેલ્થ, સસ્ટેઇનેબલ લાઈવલીહૂડ ડેવલપમેન્ટ અને ગ્રામ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની પ્રવૃત્તિઓને મજબૂત કરવા કાર્યરત છે.

ACT સોસાયટીઝ એક્ટ, ૧૮૬૦ અને ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલ એક વ્યવસાયિક સ્વૈચ્છિક સંસ્થા છે. ACT સમુદાયો સાથે મળીને પર્યાવરણીય અવરોધને ઉકેલવા માટે ટેકનોલોજીકલ અને સંસ્થાકીય સોલ્યુશન્સનો ઉપયોગ કરીને શુષ્ક અને અર્ધ શુષ્ક ક્ષેત્રોમાં જીવન ધોરણને મજબૂત કરવાનો પ્રયત્ન કરે છે અને આ હેતુ માટે જરૂરી અનુભવ, નિપુણતા, સંસાધનો વગેરેનું પ્રતિનિધિત્વ કરે છે.

આ પ્રોજેક્ટનું રેગ્યુલર પરીક્ષણ અદાણી ફાઉન્ડેશન અને ACT ના સંચાલન સમિતિના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવશે. પ્રવૃત્તિઓની વિગતવાર પરીક્ષણ કરવા અને સુધારાત્મક પગલાં સૂચવવા માટે સંચાલન સમિતિ ઓછામાં ઓછા દર ૬ મહિનામાં એકવાર મુલાકાત લેશે.

ફોકિયા હંમેશાં ઔદ્યોગિક એકમો દ્વારા આ સંદર્ભમાં અત્યાર સુધી કરેલા કામોની વિગતો સરકાર અને સમાજ સાથે શૅર કરે છે. જેથી આ કામો બીજા ઔદ્યોગિક એકમો અને સ્વૈચ્છિક સંસ્થાઓ અનુકરણ કરી કચ્છના જુદા જુદા વિસ્તારોમાં આગળ વધારે.

આવનારા ૧૫ વરસોમાં સરકારશ્રી, ઉદ્યોગ ગૃહો અને સ્વૈચ્છિક સંસ્થાઓ જો પૂરી નિષ્ઠાથી આ જ રીતે કામ કરે તો સમગ્ર જિલ્લો પાણીની અછતવાળા પ્રદેશમાંથી પાણીની છતવાળો પ્રદેશ બની શકે છે.

## માંડવીના પૂર્વ ધારાસભ્ય શ્રી જયકુમાર સંઘવીનું દુઃખદ નિધન

કચ્છ જિલ્લાના રાજકીય નેતા અને માંડવી વિભાગના પૂર્વ ધારાસભ્ય શ્રી જયકુમારભાઈ સંઘવીનું દુઃખદ અવસાન શુક્રવાર, તા. ૧-૧૨-૨૦૧૭ના રોજ થયું છે. હંમેશાં પ્રજાના પ્રશ્નો માટે સજાગ રહેતા શ્રી જયકુમારભાઈ સંઘવીના દુઃખદ અવસાનથી માંડવીને મોટી ખોટ પડી છે. પ્રજાના પ્રશ્નોનાં પ્રહરી શ્રી જયકુમારભાઈ સંઘવીને શહેરીજનોએ શ્રધ્ધાસુમન અર્પણ કરતાં દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

## શ્રી લોહાણા મહાપરિષદ

### દરેક રાજકીય પક્ષે પોતાના ચૂંટણી ઢંઢેરામાં પર્યાવરણ બચાવવાની વાત કરવી જોઈએ...

પ્રદૂષણ નામનો રાક્ષસ ખૂબ જ વિકટ બની રહ્યો છે. પ્રદૂષણ એ કોઈ રાજકીય મુદ્દો બનતો નથી. આમ છતાં કોઈ રાજકીય કાર્યકર એવો જોયો નથી કે જે કહે કે મારા વિસ્તારને હું પ્રદૂષણ મુક્ત બનાવીશ. પાંચ વર્ષમાં મારા વિસ્તારને લીલોછમ બનાવીશ. પર્યાવરણ બચાવીશ... બાળકો માટે ગાર્ડન બનાવીશ... મારા વિસ્તારમાં હું ફટાકડા નહીં ફોડવા દઉં... મારા વિસ્તારમાં વૃક્ષો નહીં કાપવા દઉં... મારા વિસ્તારમાં જંગલોનો નાશ નહીં થવા દઉં.

ભારત વસતિ વધારાનાં કારણે ગીચ સીટીથી પીડાય છે. તેમાં સ્વચ્છતા અભિયાનની જેમ જ પર્યાવરણ બચાવવાની ઝુંબેશ દરેક રાજકીય પક્ષના નેતાઓએ કરવી જોઈએ.

**પાણી બચાવો, જીવન બચાવો.**

**વૃક્ષો વાવો, ધરતી બચાવો.**

એમ શ્રી લોહાણા મહાપરિષદની એક યાદીમાં જણાવાયું છે.

## કચ્છ રામાણિયામાં સ્મારકની રચના

કચ્છમાં રામાણિયા ગામ ખાતે તા. ૬-૧૦-૨૦૧૭ના રોજ ગૌરક્ષા અને અબોલજીવો માટે અમરશહીદ થયેલા ગીતાબેન રાંભિયાનું સ્મારક બનાવવાનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, ગીરિશભાઈ છેડા, મુકેશભાઈ છેડા, રણજિતસિંહ જાડેજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્મારકના નિર્માણ કાર્યમાં શ્રી તારાચંદભાઈ છેડાએ રૂા. ૧,૧૧,૦૦૦/-નું અનુદાન આપેલ હતું. જ્યારે સંસદસભ્ય વિનોદભાઈ ચાવડા અને અદાણી ગ્રુપના પ્રતિનિધિએ આ કાર્યમાં સહકાર આપવા ખાત્રી આપેલ છે. ક્ષત્રિય સમાજે રૂા. ૧૧,૦૦૦/-, મુસ્લિમ સમાજે રૂા. ૫,૦૦૦/- તથા મહેશ્વરી સમાજ દ્વારા રૂા. ૧૧,૦૦૦/-ના અનુદાનની જાહેરાત થઈ હતી. કાર્યક્રમમાં સમસ્ત રામાણિયા ગ્રામજનોએ પણ સ્મારક બનાવવા માટે તન-મન-ધનથી સહકાર આપ્યો હતો. તે બદલ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા પરિવાર તરફથી સૌનો આભાર માનવામાં આવ્યો હતો, એમ શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના એક અહેવાલમાં જણાવાયું હતું.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)**

# શબ્દ શોધ : ૬૭

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | |
| | ■ | | ■ | ૬ | | ■ | | ■ |
| | ■ | ■ | ૭ | | ■ | ૮ | | ૯ |
| ૧૦ | ૧૧ | ■ | ■ | ૧૨ | ૧૩ | | ■ | |
| ■ | ૧૪ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | ■ |
| ૧૯ | ■ | ૨૦ | | ૨૧ | ■ | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | ■ | |
| ■ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | ■ | |
| ૨૯ | | | | | ■ | ૩૦ | | |

## આડી ચાવીઓ

૧. રાજા દશરથના એક પુત્ર (૩)
૩. ગુજરાતનું એક ઐતિહાસિક શહેર (૫)
૬. શરીરની ચરબી (૨)
૭. પાણી, જળ (૨)
૮. એદીપણું (૩)
૧૦. સૂર્ય, સૂરજ (૨)
૧૨. એક અભિનેત્રી (૩)
૧૪. પ્રસૂતિ, જન્મ (૩)
૧૭. પ્રેમઘેલું, ગાંડું (૩)
૨૦. દહેજ, કરિયાવર (૩)
૨૨. દરિદ્ર, ગરીબ (૨)
૨૪. નિરાશા, નાસીપાસપણું (૩)
૨૬. લોહી (૨)
૨૭. મમ્મીના સસરા (૨)
૨૯. જાણીતું લખોટા તળાવ સૌરાષ્ટ્રમાં કયા શહેરમાં આવેલું છે? (૫)
૩૦. હોડ (૩)

## ઊભી ચાવીઓ

૧. પતિ, ધણી (૪)
૨. વૃક્ષ (૨)
૩. વિશ્વનો એક ધનાઢ્ય ગણાતો દેશ (૪)
૪. ગર્વ, ભારે ખુમારી (૨)
૫. "______ તૂટી પડવું" એટલે ભારે ભય કે સંકટનું આવી પડવું (૩)
૮. રહેઠાણ, નિવાસ સ્થાન (૩)
૯. શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક (૨)
૧૧. બ્રાહ્મણ (૨)
૧૩. ઉભરો, ઉછાળો, આવેગ (૨)
૧૫. સાચી અને સારી આશાવાળો ભાવ (૩)
૧૬. ઉંમર, આયુષ્ય, આવરદા (૨)
૧૮. મમ્મીની સાસુ (૨)
૧૯. માસ, મહિનો (૨)
૨૧. જોરવાળું, તાકાતવાળું (૪)
૨૩. માખણ (૪)
૨૫. કેળવણી (૩)
૨૭. રાજેશ ખન્ના અભિનીત એક ફિલ્મ (૨)
૨૮. ભાન, શુધ્ધિ, ચેતના (૨)

## શબ્દશોધ : ૬૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | લા | શ | ■ | મ | દ | દ | ની | શ |
| વા | સ | ક | સ | જા | ■ | સ | ■ | બ્દ |
| દ | વે | ■ | ■ | તં | ગ | ■ | ન | શો |
| ■ | ગા | ય | ■ | તુ | લ | સી | ■ | ધ |
| ભેં | સ | ■ | લા | ■ | ■ | તા | પ | ■ |
| કા | ■ | ત | લ | પ | ■ | પ | ર | ખ |
| ર | ત | ન | ■ | સં | ત | તિ | ■ | રા |
| ■ | રા | ■ | ઉં | દ | ર | ■ | ભા | ઇ |
| રા | પ | ર | ■ | ગી | ત | કા | ર | ■ |

## શબ્દ શોધ : ૬૫/૬૬નો ઉકેલ મોકલાવનારના નામ

- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- વિજય ડી. શાહ - અંજાર
- કિરેન્દુ જે. વૈદ્ય - અમદાવાદ
- પુષ્પા જીગર સોની - માંડવી
- દિલીપ કે. શાહ - ભુજ
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- કવન કેતન રાણા - અમદાવાદ

વિવિધતા

# હાસ્ય - મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ
# શબ્દોની સંતાકૂકડી – (૧)



ભાવના એ. ઝવેરી

*પહેલા સંયુક્ત કુટુંબજીવન હતું ત્યારે બહોળા પરિવારમાં વહુ દીકરીઓ, બાળકો કે વડીલોને સમય ક્યાં પસાર થઈ જતો તેની ખબર પડતી ન હતી. બધાને એકબીજાની હૂંફ અને સાનિધ્ય મળતા હતા. બદલાતા જમાના સાથે કુટુંબ પ્રથા વિભક્ત થઈ અને જીવન જીવવાની રીત - મૂલ્યો બદલાતા ગયા. શાંતિ - રાહત છીનવાઈ ગયા. તેની સાથે એકલતા, સ્ટ્રેસ, વ્યસ્તતા, ટેન્શન, ભાગદોડ, કોમ્પિટિશન.... આ બધું મળ્યું.*

*આ બધાની વચ્ચે કંઈક નવું... કંઈક અલગ અને ફ્રેશ થવા માટે થોડી મોકળાશ જોઈએ.*

*હાલના સંજોગોમાં વડીલોને 'દાદા-દાદી' પાર્કમાં જવું પડે છે. બહેનોને કિટી પાર્ટી અને મંડળોમાં જોઈન્ટ થવું પડે છે. બાળકો તો જાણે મશીન જ જોઈ લ્યો... સ્કૂલથી ટ્યુશન અને ત્યાંથી અલગ અલગ એક્ટિવિટીના ક્લાસમાં જવાનું...*

*આ ગેમની કોલમ આપવા પાછળનો ઉદ્દેશ પણ કંઈક આવો જ છે. આ ગેમ નાના-મોટા, વડીલો, બાળકો, લેડીઝ ગ્રુપ બધા રમી શકે એવી ગેમનો ખજાનો, આ કોલમ હેઠળ પ્રકાશિત થતો રહેશે. આશા છે કે ગેમ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન મળશે અને પરસ્પર સ્વસ્થ વર્તનની એક ટેવ કેળવાશે. ગેમનો આ ખજાનો લઈને આવી રહ્યા છે – ભુજના ભાવના એ. ઝવેરી. 'કચ્છમિત્ર' અખબારમાં તેમની એક કોલમ નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે અને તે કોલમ હેઠળના વિષયને સારો પ્રતિસાદ મળ્યો છે. પાઠ્યપુસ્તક બહારના શિક્ષણ અને કેળવણી માટે આવી રમતો ખૂબ ઉપયોગી નીવડે છે.*

*અત્યારના યુગમાં જે ટ્રેન્ડ ચાલે છે તે પ્રમાણે કોઈપણ સ્થળે અને પ્રસંગે આવી રમતો દ્વારા જ્ઞાનવૃધ્ધિ થાય છે તેમજ એક પ્રકારની તાજગીનો અનુભવ થાય છે. આ કોલમનો પ્રથમ મણકો અત્રે પ્રસ્તુત છે.*

***– તંત્રી મંડળ***

---

*સૌની સાથે સદાય રમતો શબ્દ સંતાકૂકડી*
*અને મુઠ્ઠીમાં બાંધીને લોકો કરતાં અફરાતફરી*
*હૈયું બુધ્ધિ એકબીજામાં કરતા પકડા પકડી*
*આવો, કશુંક પામવા રમીએ શબ્દોની સંતાકૂકડી.*

## હાથભરત ના ટાંકાના નામ કહો

*આપેલ ક્લુના વાક્ય પરથી હાથ ભરતના ટાંકાના નામ લખો.*
*દા.ત. નહેરુ ચાચાનું પ્રિય ફૂલ. જવાબ : ગુલાબ બુટ્ટી ટાંકો.*

### ક્લુના વાક્યો નીચે મુજબ છે

૧. દાબેલી આ પ્રજાનું ખાણું છે.
૨. મારી સાથે મારો પડછાયો પણ ચાલે.
૩. સૂરજ અને ફૂલની પાકી ભાઈબંધી.
૪. પરદેશી કાચ નહીં, હું તો કચ્છી કાચ છું.
૫. જે પદાર્થ નક્કર ન હોય તેવો.
૬. તાકીને જોવું.
૭. આના સફરજન બહુ વખણાય છે.
૮. બટનને ______ વગર ચાલે જ નહીં... બોલો..
૯. પરદેશથી આવી ભારતમાં વસેલી પ્રજા.
૧૦. શિયાળાનું શક્તિવર્ધક ફળ - ખારું - તુરું.
૧૧. કૃષ્ણના શિર પર હંમેશાં શોભતું.
૧૨. ______ શેરીમાં મારા સસરાજી મળ્યા મને લાજુ કાઢવાની ઘણી... (ગીત)
૧૩. ગાય - ભેંસ ચરાવનાર, દૂધ વેચનાર હોય.

૧૪. મેકઅપ કરવા માટે અરીસો તો જોઈએ ને!
૧૫. એક જંતુનું નામ.
૧૬. સિમ્પલનો ગુજરાતી અર્થ.
૧૭. કચ્છની એક કોમ.
૧૮. એકબીજાને જોડી રાખવું તે...
૧૯. આના દાગીના સ્ત્રીને અતિ પ્રિય હોય છે.
૨૦. ખોટાની નિશાની.
૨૧. તિરાડ પડે તે કેમ ચાલે?
૨૨. પાન પર લગાવવાની વસ્તુ
૨૩. શહેરના નામ પરથી પડેલું નામ.
૨૪. સૂરતનો પર્યાયવાચી શબ્દ.
૨૫. પંજાબી ઢાબામાં આના પર બેસીને જમો.
૨૬. પથ્થર કે સનમ... તુજે હમને...
૨૭. રણમાં ઉગતું વૃક્ષ.
૨૮. જીવનમાં આ પડવાથી સંબંધો વણસે છે.
૨૯. પ્રેમમાં અર્ધપાગલ થઈને ફરતો.
૩૦. તીખી મીઠી, સફેદ કલરની, હૉલવાળી પીપરમેન્ટ.
૩૧. મછલી જલ કી રાની હૈ, બહાર નિકાલો મર જાયેગી.

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## ચુંટણી બોમ્બ!!

નહીં ઘરના રહો કે નહીં ઘાટના
મોઢા પર કહી દઉં છું કે આપશ્રી તો ગ્રાહક છો પબ્લિકની એક જ થપાટના!
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

ઝાંખું દેખાય છે તો ચશમાં પહેરો ને જરા સામે છે ભૂતકાળ વાંચો
તોડીફોડીને જાય પોતાનું ઘર એને દુનિયા પણ મારશે તમાચો
લોકોને જોવાની ટેવ છે તે જોવે છે હચમચતા પાયા આ ખાટના!
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

આવેલા નહીં આ તો લાવેલા લાગે છે અધકચરી સમજણના ટોળાં
જેને પોતાનો કોઈ મત નથી એવાના મત ઉપર ફેરવો છો ડોળા?
જ્ઞાતિના વાડામાં પૂરી ગુજરાતને આ માંડ્યા છે ખેલ શેના ભાટના?
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

વાસણ તો ખખડે પણ આ રીતે દાઝ કરી મૂળને ઉખેડવું ઇ ખોટું
એકબીજાની આમ લીંટી ભૂંસીને કદી કોઈ નથી થઈ જાતું મોટું
ખીંટી પર ચાવી તો લટકે છે તોય કેમ તૂટે છે તાળા કબાટના?
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

*કૃષ્ણ દવે - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૬૩૩૮૮, ૯૪૨૬૩ ૭૮૯૯૫*

## અન્ય સંસ્થાઓના સમાચાર

(અનુસંધાન : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)

## અમદાવાદમાં પહેલીવાર યોજાયેલી ડૉ. કુમારપાળ દેસાઇની શ્રીમદ્ રાજચંદ્ર વિશેની વ્યાખ્યાનશ્રેણી

અમદાવાદમાં સૌપ્રથમવાર "શ્રીમદ્ રાજચંદ્ર કથા-દર્શન"ની ડૉ. કુમારપાળ દેસાઇની ચાર દિવસની વ્યાખ્યાનશ્રેણી યોજવામાં આવી. શ્રીમદ્ રાજચંદ્રએ દાંભિક ધર્માચરણો અને ક્રિયાકાંડનો વિરોધ કરીને આત્મધર્મનો પુનઃ પ્રસાર કરવા માટે અવિરત પ્રયાસ કર્યો. એમને માત્ર સાત વર્ષની વયે જાતિસ્મૃતિજ્ઞાન પ્રાપ્ત થતાં આટલાં જન્મો લક્ષ્યસાધક નીવડ્યા નહીં, તો આ જન્મ લક્ષ્યસાધક નીવડે તે માટે એમણે મોક્ષમાર્ગ પ્રતિ તીવ્ર ગતિ કરી. એમને જ્યારે એમ લાગ્યું કે આ એમની મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં શતાવધાનના પ્રયોગો અને જ્યોતિષશાસ્ત્ર અવરોધક છે, તો એને તત્કાળ તિલાંજલિ આપી દીધી.

આ વ્યાખ્યાનશ્રેણીમાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીજીના જીવન પર કોઈનો સૌથી વધુ પ્રભાવ પડ્યો હોય તો તે શ્રીમદ્ રાજચંદ્રનો હતો. એમની પાસેથી ગાંધીજી અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અનેકાંત જેવી ભાવનાઓ પામ્યા અને ગાંધીજીએ એને પોતાની રીતે રાષ્ટ્ર કલ્યાણમાં વિનિયોગ કર્યો. શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી સોભાગભાઈ અને બીજા અનેક મુમુક્ષુઓને પત્ર દ્વારા માર્ગદર્શન આપ્યું અને એમનાં પત્રો આજે અધ્યાત્મસાધકો માટે રાજપથ બની રહ્યા છે.

મહાત્મા ગાંધીજીની આધ્યાત્મિક ભીડ સમયે હંમેશાં માર્ગદર્શક બની રહેલા અને હિંદુ ધર્મ વિશે મહાત્મા ગાંધીજીની શંકાઓને દૂર કરનારા શ્રીમદજીને કારણે મહાત્મા ગાંધીજીએ નોંધ્યું છે કે "એમણે મારા ૨૭ પ્રશ્નોના આપેલા ઉત્તરોને પરિણામે મારું મન હિંદુ ધર્મમાં ઠર્યું." આ રીતે માત્ર ૩૩ વર્ષના અલ્પ આયુષ્યમાં શ્રીમદ્ રાજચંદ્ર પરમ આત્મકલ્યાણ સાધી અનેક મુમુક્ષુઓને જીવનદૃષ્ટિ આપનારો આત્મ કલ્યાણનો માર્ગ બતાવી ગયા.

આ ચારેય દિવસ પોતાની અસ્ખલિત, પ્રવાહી અને ચિંતનશીલ વાણીથી શ્રોતાઓના હૃદયને ભીંજવનારા ડૉ. કુમારપાળ દેસાઇનું છેલ્લે જુદી જુદી સંસ્થાઓએ અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી અનામિક શાહે ડૉ. કુમારપાળ દેસાઈએ અંગ્રેજીમાં લખેલા "શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી" પુસ્તકનું વિમોચન કર્યું હતું. ત્યારે શ્રી વિક્રમભાઈ, શ્રીમતી મોનીકા શાહ અને અમીબેન ફોજદારે સંગીત-સાથ આપ્યો હતો. ■

## યાદ કરો તોય શું? ન કરો તોય શું?

જ્યાં સુધી આ જિંદગી છે, ત્યાં સુધી ખેવના રહી,
કરેલા કાર્યોને પ્રશંસે જગ, એની તો કામના રહી,
કાર્યો તો કરવા જ પડે છે, ઈચ્છાએ કે અનિચ્છાએ,
જશ જો મળતો રહે તો કામની કદરદાની કૈં રહી.
પાછળથી યાદ કરો તોય શું? ન કરો તોય શું?

જશ મળે, ન કરેલા કામનો જો, હું તેને અંકે કરું,
અહીંથી મળે, ત્યાંથી મળે, ક્યાંથી મળે તે નવ ગણું,
એ મેળવવા કાજ કંઈ કેટલાય પેંતરાઓ હું રચું,
આવા સહુ ધખારા વચાળે સત્ય એ હું વિસરી રહું,
ખોટી રીતે યાદ કરો તોય શું? ન કરો તોય શું?

મળી જે વાચાળતા, ઉપયોગ એનો કરતો હું રહ્યો,
વસે સરસ્વતી જીભ પરે, સભાઓ ગજવતો હું રહ્યો,
માઈક મળ્યું, પ્લેટફોર્મ મળ્યું, લોક સહુને ભેગા કર્યા,
ખોટી એ સહુ વાક્છટાએ, ગર્વથી હું આ ભૂલી ગયો,
અભાવાએ સહુ યાદ કરે તોય શું? ન કરે તોય શું?

ગાંધી ગયા, નહેરુ ગયા, મહાનુભાવો વળી કંઈ ગયા,
ભાગે આવેલા કાર્યોને સુપેરે કરી એ આટોપી ગયા,
નહોતી માનની ખેવના તોય માન એ પામી ગયા,
યાદ કરશો એ અપેક્ષાને ન તો એમના કાર્યો હતા,
એમને હતું યાદ કરો તોય શું? ન કરો તોય શું?

હું ગયો, બધું ગયું, મમ્-અહમ્ બધું ગયું ઓગળી,
માન કષાય પંપાળ્યું સતત, એની પછી જરૂરત નહીં,
આપ મૂએ અંધકાર છવાયો ને દુનિયા વળી ડૂબી ગઈ,
યાદ કરો કે ન કરો, એ પરની દૃષ્ટિ મુજની ગઈ,
પછી તો, યાદ કરો તોય શું? ન કરો તોય શું?

થતું જીવંત છું ત્યારે જ આ પરિસ્થિતિ કેમ નહીં?
હોઉં જયારે જીવિત ત્યારે માનથી અલગ કેમ નહીં?
માન ઘવાય તો થતા છંછેડાટથી વંચિત કેમ નહીં?
હયાતીએ આમ જો થઈ શકે, 'આરસી' આ જંગ જીતી ગયો,
તાટસ્થ્યમાં યાદ કરો તોય શું? ન કરો તોય શું?

***'આરસી' શાહ - અમદાવાદ (ફોન : (૦૭૯) ૨૭૪૩૮૯૬૩)***

## પ્રતિભાવ

### 'કચ્છશ્રુતિ' પ્રત્યે શુભેચ્છા

આપ સૌને નૂતન વર્ષની શુભ કામનાઓ. 'કચ્છશ્રુતિ' મેગેઝિન પ્રત્યે મારી હાર્દિક શુભેચ્છા. આ મેગેઝિન ઉત્તરોત્તર પ્રગતિ કરે અને લોકપ્રિય બને તેવી મારી શુભ લાગણી છે. જય જય ગરવી ગુજરાત.

***ઇશ્વરભાઈ પરમાર - નવા વાડજ, અમદાવાદ***

## કચ્છ જી કમાલ

*કડેંક 'નીરો' ડુક્કાર, કડેંક સુકો ડુકાર*
*તો ય મનમેં ઉમંગ ને તનમેં તાકાત*
*એડી, મુંજે ત કચ્છડે જી કેડી કમાલ!!*
*હકડે મુલ્લેજી બાંગ, હકડી ખેડૂ જી ડાંગ,*
*હકડે ઘૂવડજી ઘૂઘ, હકડે હોલે જી હુક,*
*કતેક 'મોર' જી ટહુંક, કતેક કોયલ જી કૂક!*
*હકડે 'સૂરખાબ'જી પખ, હકડી સમરી જી અખ!*
*કડાંક ઢોલ જી ઢબૂક, કડાંક તબલે જી તાલ*
*એડી મુંજે ત કચ્છડે જી કેડી કમાલ!!*
*પગલે પગલે જડા 'પાળીયા' પૂજાજેં*
*'મઢવાળી મા' ભક્તે કે ડેસીને હરખાજે*
*ભદ્રેસર જે 'દેરાસર'જી કારીગરી વખણાજે*
*'નારાયણ કોટેશ્વર' જેડાં જાત્રા જા ધામ*
*મેણીજા કૂલદેવી ને કૂલદેવતા કરીયેં રખવાડ - એડી મુંજે*
*ગઢ મેં દીવડે જી આરતી ઉતરાય,*
*હુ કારો ડુંગર ને હમીરસર તરા,*
*બોંતેર જખ જડાં ખૂબ જ સોહાય,*
*રામદેવપીર, હાજીપીર ને જેસલ-તોરલ કે સો સો સલામ*
*દરિયા દેવજી 'દેગ' સાધુ સંતેજી 'ભેખ'*
*સારા બંદર ને વહાણ વટેજી ભેટ*
*ગઢ કાંગરા! મહેલ હવેલી ને વાય*
*જડા પુરાતન તત્ત્વ ઐં અપરંપાર*
*હનજા 'દાઢ'મેં રૈ વને એડા 'પકવાન'... એડી મુંજે*
*હુ બન્નીજા ભૂંગા ને બાંધણી જા ધાગા*
*જવાર બાજરીજા ડુંડા ને સુપ બેયા સુંઢા*
*હુડાજા 'રાયણ' લીયાર ને કંગણી બેયા ઘોઘા*
*હુડાજા નિર્મળ નીર ને નિર્ભેળ 'હવા',*
*તોય પરયા ભજેંતા ઘણે કચ્છ સે કોલા?*
*સતત સતાય તો મુકે ઈ જ સવાલ*
*એડી મુંજે કચ્છડે જી કેડી કમાલ!!*

***કમલાબેન અશ્વિન ચંદન 'કપીલા'***

### શબ્દોની સંતાકૂકડી – (૧)ના જવાબો

(૧) કચ્છી ટાંકો, (૨) શેડેડ ટાંકો, (૩) સૂરજમુખી ટાંકો, (૪) દેશી આભલો, દેશી મિરર વર્ક, (૫) પોલો ટાંકો, (૬) ટીકી વર્ક, (૭) કાશ્મીરી ટાંકો, (૮) ગાજ ટાંકો, (૯) પારસી, (૧૦) આમળા વર્ક, (૧૧) મોરપીંછ ટાંકો, (૧૨) સાંકળી ટાંકો, (૧૩) રબારી વર્ક, (૧૪) આભલા ટાંકો, (૧૫) કરોળીયો ટાંકો, (૧૬) સાદો ટાંકો, (૧૭) મુતવા વર્ક, (૧૮) સાંકળ ટાંકો, (૧૯) મોતી વર્ક, (૨૦) ફોલ્સ સ્ટીચ, (૨૧) ફાટ ટાંકો, (૨૨) કાથા વર્ક, (૨૩) લખનવી ટાંકો, (૨૪) સીકલ વર્ક, (૨૫) માચી વર્ક, (૨૬) સ્ટોન વર્ક, (૨૭) ખજૂરિયો ટાંકો, (૨૮) ગાંઠ, (૨૯) બાવળીયો, (૩૦) પીલો ટાંકો, (૩૧) ફિશ બોન સ્ટીચ.

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**

[MINING & CRUSHING INDUSTRIES]

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**

મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...

**शाश्वत Green**
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS







Site Address : **Shashwat Green**
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

*બધા દુ:ખ દૂર થશે ત્યારે મન પ્રસન્ન થશે એ ભ્રમ છે.*
*મન પ્રસન્ન કરો, દુ:ખ બધા દૂર થશે.*

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

SRE

**Raju ENTERPRISE**

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING / S.S PATTA-PATTI

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાજંરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭। ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭। ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશ્ન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦
શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨
Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**

**Gujarat's Leading Electronic Manufacture**
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેની ંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦ ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

II SHRI HARI II

**SHREE SWAMINARAYAN TRAVELS**
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
દર રવિવાર અને પૂનમ
મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ
લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે, બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭
Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ


**SHREE SAHJANAND TRAVELS**

Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**
AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS
FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)
**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031

BLUE EYE
YOUR SPY EYE

ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE
For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
**CHINA • INDIA • KENYA**
079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

# પરિવાર સમાચાર

## શુભ લગ્ન

- **રવિવાર, તા. ૩-૧૨-૨૦૧૭**
  ઋષભ શૈલેષ ચમનલાલ દોશી (અંજાર - અમદાવાદ)
  સીમરન દીપક દોશી
- **રવિવાર, તા. ૧૦-૧૨-૨૦૧૭**
  પ્રણાલી અતુલકુમાર શંકરલાલ સોની (અંજાર - અમદાવાદ)
  ચિરણજીત તુષારભાઈ ચંદ્રકાંતભાઈ ઝવેરી
- **સોમવાર, તા. ૧૧-૧૨-૨૦૧૭**
  યશ જ્યોતિષ મધુસુદન ભટ્ટ (ભુજ - ગાંધીનગર)
  શ્રુતિ હસમુખ જગડ

***કુમકુમ પગલા પાડનાર સર્વે નવદંપતિઓને આશિર્વાદ***

## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૧૭**
  સોનલબેન દિનેશભાઈ દામજી દૌલત (સુથરી - અમદાવાદ) (ઉં.વ. ૬૫)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **મંગળવાર, તા. ૨૧-૧૧-૨૦૧૭**
  કલાવંતીબેન ડાહ્યાભાઈ સુંદરજીભાઈ ઠક્કર (સણવા - અમદાવાદ) (ઉં.વ. ૭૦)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **મંગળવાર, તા. ૨૮-૧૧-૨૦૧૭**
  બાબુભાઈ નરશી રાંભિયા (ઉં.વ. ૭૯) (રામાણિયા - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **બુધવાર, તા. ૬-૧૨-૨૦૧૭**
  અમિતાબેન ભોગીલાલ વેલજીભાઈ મહેતા (દૂધઈ - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.

***સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

> *સાચા સમાજસેવકો અને સાચા દેશસેવકો હંમેશાં સુદામા જેવી દશામાં જીવતા હોય છે.*
>
> *– સ્વામી સચ્ચિદાનંદ*

## સંગીતા વિશાલ ગડાને અભિનંદન

સંગીતા ગડા દ્વારા તૈયાર કરવામાં આવેલ વોટર કલરના પેઈન્ટિંગ્સના ચિત્રોનું એક એક્ઝિબિશન તા. ૪-૧૨-૨૦૧૭થી તા. ૬-૧૨-૨૦૧૭ દરમિયાન રવિશંકર કલા ભવનના ભોંયતળિયાની ગેલેરીમાં યોજવામાં આવેલ હતું. પેઈન્ટિંગ્સના ચિત્રોની કલાપ્રેમી જનતા અને સમાજના અનેક લોકો આ એક્ઝિબિશન નિહાળવા ઉમટી પડ્યા હતા.

એ જ રીતે તા. ૨૫-૧૨-૨૦૧૭થી તા. ૩૧-૧૨-૨૦૧૭ દરમિયાન આવું જ એક એક્ઝિબિશન ચિત્રકલા પરિષદની ગેલેરી-૧ માં બેંગ્લોર - કર્ણાટક ખાતે યોજાવાનું છે.

***સંગીતા ગડાને આ પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ખૂબ ખૂબ અભિનંદન.***

## પુસ્તક પરિચય

- ***પુસ્તક*** : હેપીનેસ
- ***લેખિકા*** : ચૌલા કુરુવા
- ***પ્રકાશક*** : પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન - અમદાવાદ
- ***સંપર્ક*** : ૯૯૧૩૦ ૧૨૧૨૦
- ***ઈ-મેઈલ*** : chaulakuruwa@gmail.com
- ***મૂલ્ય*** : રૂા. ૬૦/-


આજે બધા લોકો સુખ મેળવવા પ્રયત્ન કરે છે. બીજી તરફ જોઈએ તો વ્યક્તિ પોતાને પ્રાપ્ત થયેલ સુખને જાતે જ દૂર પણ કરે છે કારણકે વ્યક્તિની અપેક્ષાઓ અને ઈચ્છાઓ દિન પ્રતિદિન વધતા જ જાય છે.

આજે તો સુખી થવા માટે સુવિધાના ઘણાં સાધન વિકસી રહ્યા છે. આ સંદર્ભમાં 'સુખ શું છે?' અને તેને પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ વગેરે મુદ્દાઓની સમજણ અર્થેની પુસ્તિકા એટલે... "હેપીનેસ".

લેખિકાનું આ દસમું પુસ્તક છે. જે વાચકવર્ગને ભેટ આપવા લાયક છે. તેમના પુસ્તકોનું E-book આયોજન થયેલું છે. eshabda.com પર પુસ્તિકા ઉપલબ્ધ છે.

> *વિચારધારા કોઈ ચોસલાની માફક રાતોરાત કોઈના મગજમાં બેસી જતી નથી. તે ક્રમે ક્રમે ઘડાતી હોય છે અને સ્પષ્ટ થતી હોય છે. પરિસ્થિતિ વિચારધારાના ઘડતરમાં સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે.*
>
> *– સ્વામી સચ્ચિદાનંદ*

# લોહાણા પ્રકાશ 'જ્ઞાતિ ગૌરવ' વિશેષાંક : આછેરું અવલોકન




શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત સંપર્ક સામાયિક 'લોહાણા-પ્રકાશ'નો દીપોત્સવ નિમિત્તે "જ્ઞાતિ ગૌરવ વિશેષાંક" તાજેતરમાં પ્રગટ થયો છે. **આ અંકના પ્રથમ સંપુટમાં લોહાણા પ્રજાનું ભારતમાં આગમનથી લઈને સિંધ પ્રાંતમાંથી કચ્છમાં સ્થળાંતરની ઇતિહાસમૂલક વિગતોનો સમાવેશ છે.** બીજા સંપુટમાં સમાજના ગૌરવાન્વિત કર્મવીરોના પ્રેરણાદાયક જીવન ચરિત્રો છે.

આ અંકમાં લોહાણા પ્રજાની વંશાનુગત વિશેષતા, વર્ણ - વિશિષ્ટતા, કુળ ધર્મ, કુળ દેવી-દેવતા, વેદિક વિધિ-વિધાન, સાંસ્કૃતિક વિરાસત, સામાજિક પરંપરાઓ તેમજ સમાજની ઉત્તરોત્તર પ્રગતિની પ્રક્રિયાનાં પ્રેરક બળો ઉજાગર કરવાનો પ્રયાસ છે. **અતીતના અંધકારમાં અટવાયેલી તેમજ પેઢી-દર-પેઢી સચવાયેલી દંતકથાઓમાં વણાયેલી સમાજની ઇતિહાસ મૂલક વિગતો વિણી, એનું વિશ્લેષણ કરી, શક્ય તેટલી આધારભુત વિગતોનું મુદ્દાસર સંકલન થયું છે.**

અંકના પૃષ્ઠ-૬૫ પર ઐતિહાસિક વિગતોની સમીક્ષા આપેલી છે. એના તારણો સૂચવે છે કે લોહાણા પ્રાચીન સૂર્યવંશી ક્ષત્રિયો છે. સરસ્વતી નદીને કિનારે લોહાવર્ણ પ્રદેશમાં એમના વસવાટ પરથી એમનું **લોહાણા નામાભિધાન થયું.** એના સમુદાયોએ સિંધ આદિ પ્રદેશોમાં વસવાટ દરમ્યાન વ્યવસાય આધારીત 'વૈશ્ય વર્ણ' અપનાવ્યો. સિંધમાં વસતા પરિવારોએ ઇ.સ.ના તેરમા સૈકા દરમ્યાન ત્યાંના મુસ્લિમ શાસકોની વટાળ પ્રવૃત્તિથી ત્રાસીને **કચ્છ પ્રદેશમાં સ્થળાંતર કર્યું.** બોમ્બે પ્રેસિડેન્સી ગેઝેટિયર, વોલ્યુમ-V, પ્ર.-૩, કચ્છ (૧૮૮૦)માં લોહાણા વ્યાપારી વસતિ વિશે આપેલી વિગતો આ તારણની પુષ્ટી કરે છે. ગેઝેટિયર નોંધે છે કે તત્સમયે કચ્છમાં લોહાણા વસતિ ૩૦,૯૩૯ હતી.

**અંકના બીજા સંપુટમાં ૮૬ 'રઘુ રત્નો'ના જીવન ચરિત્રો આપેલાં છે.** એમાંના પ્રથમ બે ચરિત્રો ધર્મવીરો દાદા જશરાજ અને અમરલાલ ઉડેરાનાં છે, જે સમાજના દૈવી અવતારો સ્વરૂપે પૂજાય છે. અંતિમ ત્રણ ચરિત્રો ભગવદ્ ભક્તોનાં છે. તદુપરાંત છ જીવન ચરિત્રો મુત્સદ્દી નરવીરોનાં છે, **જેમણે ઇ.સ.ની અઢારમી સદીમાં કચ્છ રાજ્યનું દીવાનપદું દીપાવ્યું હતું.** એમાનાં એક, દેવકરણ શેઠ, કચ્છ રાજ્યના પ્રથમ પ્રજાહિત લક્ષી કુશળ વહીવટકર્તા હતા. એમનું યુધ્ધ કૌશલ્ય પણ અજોડ હતું. ઇ.સ. ૧૭૨૯માં એમણે અમદાવાદના સૂબાનું આક્રમણ સફળતાપૂર્વક ટાળ્યું હતું. બીજા નોંધપાત્ર રાજકર્તા મેઘજી શેઠ હતા. 'રાજસત્તા' જ્યારે 'પ્રભુસત્તા' ગણાતી હતી ત્યારે, આ ક્રાંતિવીરે, કચ્છના જુલમી રાજાને જેર કરી ઇ.સ. ૧૭૮૨માં જન પ્રતિનિધિત્વ ધરાવતી, **'બારભાયા'** પ્રશાસન રૂપે 'પ્રજાસત્તા' સ્થાપવાનો નવતર પ્રયોગ કર્યો હતો.

અન્ય જીવન ચરિત્રો ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પૂર્વાર્ધ દરમ્યાન દેશાવરમાં વ્યાપાર ઉદ્યોગ કે અન્ય ઉદ્યમ ક્ષેત્રે આપબળે આગળ વધી સમૃધ્ધ અને સન્માનિત થયેલા કર્મવીરોનાં છે. એમની દાનવૃત્તિ અને વતનપ્રેમ એકસમાન હતા. આ શ્રેષ્ઠીઓએ જ્ઞાતિ-સમાજના ઉત્કર્ષ અને ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ વતનમાં વિપત્તિ સમયે રાહત સખાવતો ઉપરાંત શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે સાર્વજનિક સંસ્થાકીય વિકાસ અને તેના નિભાવ હેતુ ઉદાર સખાવતો કરી હતી. ઘણા મહાનુભાવોની વિચારસરણી આર્યસમાજ પ્રેરીત, પ્રગતિશીલ હતી. તત્સમયે સર્વમાન્ય 'કજોડાં લગ્ન', બાળ લગ્નો, પ્રેત ભોજન આદિ દૂષણોનો તેઓ વિરોધ કરતા. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ અને સ્વદેશી ચળવળમાં પણ એમનું યોગદાન હતું. **શેઠશ્રી સુરજી વલ્લભદાસ, નરભેરામ પોપટ** અને **શિવદાસ ચાંપશી, યુસુફ મહેરઅલી**ના સાથી અને કચ્છી રાજકીય પરિષદના મોવડીઓ હતા. કલકત્તાના **કાનજી મુલજી સિક્કા** નાગપુર સત્યાગ્રહ સંગ્રામમાં સક્રિય હતા. લોકમાન્ય તિલકને કારાવાસ થયો ત્યારે **રામજીભાઈ ખાંટે** છેડાવાળી પાઘડી ન પહેરવાનું વ્રત લીધું હતું.

આ કચ્છી માડુઓનું સાહિત્ય તેમજ પત્રકારત્વ ક્ષેત્રે પણ સારું સોપાન હતું. કરાંચીના **શિવજી કોઠારી** 'સિંધ ઓબ્ઝર્વર' દૈનિકના મેનેજિંગ ડિરેક્ટર હતા. **ભવાનજી સોમૈયા** 'કરાંચી સમાચાર'ના તંત્રી હતા. દીવાન દેવચંદ શેઠના વંશજ **માવજીભાઈ** ૧૯૦૫-૧૯૦૯ દરમ્યાન 'કાઠિયાવાડ ટાઇમ્સ'ના અધિપતિ હતા. સાહિત્ય ક્ષેત્રે હિંદી ભાષા પ્રોત્સાહક **સુરજીભાઈ**એ 'આદર્શ સુધારક દયાનંદ' તેમજ અન્ય પુસ્તકો લખ્યા હતા. **શેઠ મુલજી નથુ પાંધી** 'લુહાણા મિત્ર' સામયિકમાં લેખો લખતા. મસ્કાના મુંબઈ વસતા **શેઠ હંસરાજ કરમશી**, કવિ દલપતરામના મિત્ર હતા.

**આ અંકમાં ચીવટપૂર્વક મૂકેલા Fillers રસપ્રદ Thrillers છે.** ગાંધીજી, સરદાર પટેલ આદિ મહા માનવોના કચ્છ અંગેના સંદેશ, અમેરિકાના અગ્રગણ્ય એન્જિનિયર ખીમજી ભાણજી ઠક્કર અને જાનકી દેવી બજાજ ઍવોર્ડ અને મેવાડ ફાઉન્ડેશન સન્માનિત સમાજ સેવિકા અનુબેન ઠક્કરનાં પરિચય તેમજ અન્ય રસપ્રદ સામગ્રી અંકની મૂલ્યવૃધ્ધિ કરે છે.

આ અંકનું મુખપૃષ્ઠ પણ અનોખું છે. કચ્છની પરંપરાગત ભીંત સુશોભન ચિત્ર સાથે બ્લેન્ડ કરેલા રઘુરત્નોના પોર્ટ્રેટ્સમાં આ જાતિનાં વંશાનુગત વિશેષતા, લંબગોળ વદન, ભાવપૂર્ણ નયન અને વિશિષ્ટ વેશભૂષા (શ્રેષ્ઠી પાઘડી) પ્રતિબિંબિત થાય છે. **ટૂંકમાં આ વિશેષાંકમાં માત્ર લોહાણા સમાજ નહીં પરંતુ પ્રત્યેક કચ્છવાસી માટે રસપ્રદ એવી વાંચન સામગ્રી પ્રસ્તુત થયેલ છે.**

*હંસરાજ કંસારા - અમદાવાદ (ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦)*

# કેન્સર પ્રિવેન્ટીવ કેર સેન્ટર

**શ્યામ ઓન્કોલોજી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત એડવાન્સ સ્ટેજના કેન્સરના દર્દીઓની વિનામૂલ્યે સારસંભાળ લેતું કેન્દ્ર**

કેન્સરના ત્રીજા કે ચોથા સ્ટેજના દર્દીઓને જ્યારે કિમોથેરાપી, રેડિયોથેરાપી, ઑપરેશન કે અન્ય કોઈ પ્રકારની કેન્સરની ટ્રીટમેન્ટ ફાયદાકારક નથી રહેતી ત્યારે દર્દી તથા તેના સગાસંબંધીઓની પરિસ્થિતિ ઘણી કરુણાજનક બને છે. આ પરિસ્થિતિમાં આવા દર્દીની પીડા જેવી કે અસહ્ય દુઃખાવો, શ્વાસની તકલીફ, ઉબકા-ઉલટી, ઝાડા, ગળફા વગેરે ઓછી થઈ શકે તેવી તબીબી કાળજી લેતું, **રહેવા-જમવા સાથેની સગવડવાળું વિનામૂલ્યે સેવા આપતું આ કેન્દ્ર શરૂ થયેલ છે. અહીં દર્દીના એક સગાને પણ મફત રહેવા દેવામાં આવે છે. અહીં અપાતી દવાઓ પણ ફ્રી આપવામાં આવે છે.** અનુભવી ડૉક્ટરો, નર્સ તથા કાઉન્સેલરો દર્દીને શક્ય તેટલો આનંદ આપવાનો પ્રયત્ન કરે છે. તે માટે અહીં સંગીત, ટી.વી. તથા કેરમ જેવી રમતો પણ વસાવી છે. જ્ઞાતિ, જાતિ કે ધર્મનો કોઈપણ ભેદભાવ વગર આર્થિક રીતે નબળા જરૂરિયાતમંદ દર્દીઓને પ્રાધાન્ય અપાય છે. જો આપની જાણમાં કેન્સરના આવા કોઈપણ દર્દી હોય તો તેમને આ સેન્ટરમાં જરૂરથી મોકલશો. પ્રવેશ માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

## (મફત) ઓ.પી.ડી. સારવાર

★ દાખલ ન થવા માંગતા દર્દીઓને પણ આ સેન્ટરમાં નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે.

★ ડૉક્ટરની તપાસ, દવાઓ, ડ્રેસિંગ, કાઉન્સેલિંગ વગેરે સંપૂર્ણ ફ્રી આપવામાં આવે છે.

*સ્થળ* : **કરુણાલય C/o. ઠાકરશી ચેરિટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ**
સિધ્ધિ વિનાયક કોમ્પ્લેક્સ પાછળ,
બીમાનગર સામે, શિવરંજની ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ०૧૫.

*ફોન* : (०७૯) ૨૬७૫४००૨

*મો.* : ७४०૫० ४४००૧, ૯૪૨૬૬ ४૫००૧, ७૩૮૩० ૧०૬૬૫

*વેબ-સાઈટ* : www.shyamfoundation.com

*ઈ-મેઈલ* : info@shyamfoundation.com

***Donations are accepted by Cheque in favour of "SHYAM ONCOLOGY FOUNDATION."***

***કાર્યાલય સમય:*** સવારે ૧० થી સાંજે ૫
(રવિવાર તથા જાહેર રજા સિવાય)

# ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન

**કેન્દ્ર સરકારમાં રાજ્યકક્ષાના ઉડ્ડયન મંત્રીશ્રી જયંત સિન્હા સાથે કંડલા હવાઇ મથકના વિસ્તરણ અંગેની મુલાકાતનો અહેવાલ**

તા. ૧७-૧૧-૨०૧७ના રોજ ફોકિયા પ્રતિનિધિ મંડળે માનનિય કેન્દ્ર સરકારમાં રાજ્ય કક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જયંત સિન્હા સમક્ષ હાલના કંડલા હવાઈ મથકના આંતરરાષ્ટ્રીય ઑપરેશન્સ માટે, વિસ્તરણ અને પુનર્વસનના મુદ્દે વ્યક્તિગત રજૂઆત કરી હતી. ફોકિયા પ્રતિનિધિ મંડળમાં શ્રી નિમિષ ફડકે - મેનેજિંગ ડિરેક્ટર, શ્રી ચિંતન ઠાકર - જોઈન્ટ એમ.ડી. અને શ્રી જિતેન્દ્ર લાલ હતા.

ઉડાન સ્કીમ (ઉડે દેશ કા હર નાગરિક) હેઠળ કંડલા (કચ્છ) - મુંબઇ ફ્લાઇટ ઑપરેશનની શરૂઆત માટે ફોકિયા પ્રતિનિધિ મંડળે માનનિય મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

માનનિય મંત્રી કંડલા ઍરપોર્ટના વિસ્તરણના વિચાર સાથે ખૂબ સંમત થયા હતા અને વધુમાં જણાવ્યું હતું કે આગામી ત્રણ વર્ષમાં ભારત સરકાર, ભારતમાં ૧०० વધુ ઍરપોર્ટ ઉમેરવાનું વિચારી રહી છે.

કંડલા ઍરપોર્ટના વિસ્તરણ માટેના ત્રણ વિકલ્પોની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

૧. ફોકિયાએ માનનિય મંત્રીશ્રીને સૂચવ્યું હતું કે દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ સ્માર્ટ બંદર શહેર (Smart Port City) વિકસાવી રહ્યું છે અને તેના વિકાસ માટે બિલ્ડિંગ પ્રક્રિયા શરૂ પણ થઈ ગઈ છે. તેથી નવા આંતરરાષ્ટ્રીય હવાઇ મથકને કંડલા અને તુણા સમુદ્ર બંદર વચ્ચે વિકસિત કરી શકાય. અને તે માટે જમીન દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ દ્વારા પ્રદાન કરી શકાય. માનનિય મંત્રીશ્રીએ ફોકિયાના પ્રતિનિધિ મંડળને આ બાબતે શિપિંગ મંત્રાલય સાથે વાત કરવા માટે ખાતરી આપી હતી.

૨. ઉડ્ડયન નીતિ મુજબ એન્ટ્રપ્રેન્યોર્સ ભારતભરમાં નવા હવાઈમથકો સ્થાપિત અને વિકસિત કરી શકે છે. આ નીતિ ધ્યાનમાં લેતા, આ ક્ષેત્રના ઉદ્યોગો કંડલા ખાતેના ઍરપોર્ટ વિકસાવવા માટે રોકાણ કરી શકે છે. આ કિસ્સામાં એવિએશન મંત્રાલયની ભૂમિકા એક નિયમનકાર તરીકેની રહેશે. મંત્રીશ્રીએ પણ જણાવ્યું હતું કે નીતિ હેઠળ નવા ઍરપોર્ટ સ્થાપવા અને વિકસાવવા માટે ૧००% એફ.ડી.આઈ.ની મંજૂરી છે.

૩. હાલના ઍરપોર્ટના નજીકના વિસ્તારમાં કંડલા ઍરપોર્ટના વિસ્તરણ માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. માનનિય મંત્રીશ્રીએ વિસ્તરણ માટે આસપાસના જમીનના સંપાદન માટે રાજ્ય સરકાર સાથે સંકલન કરશે એવી ખાતરી આપી હતી.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૭

**★ સોમવાર, તા. ૬-૧૧-૨૦૧૭**

- કચ્છશ્રુતિ નવેમ્બર-૨૦૧૭ના અંક માટે નર્મદાના કાર્ય વિશેનો તંત્રીલેખ તૈયાર કરવામાં આવ્યો.
- સરદાર જયંતીના તા. ૩૧-૧૦-૨૦૧૭ના કાર્યક્રમનો અહેવાલ કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવા માટે શ્રી ભીમજીભાઈ નાકરાણીએ મોકલી આપ્યો.
- કચ્છ કડવા પાટીદાર સમાજના ૨૧ સમૂહ લગ્નનો અહેવાલ મણિલાલ પટેલે કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવા મોકલી આપ્યો.

**★ મંગળવાર, તા. ૭-૧૧-૨૦૧૭**

- શ્રી નિમેષભાઈ ફડકે સમાજની ઓફિસ પર આવેલ હતા. સી.એસ.આર. વિશેનો તેમનો પોતાનો લખેલો લેખ કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવા માટે આપી ગયા.
- તંત્રીલેખ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો અહેવાલ, જેન્તીભાઈ ભાનુશાળીની વિગત, સામાજિક સુરક્ષા સમિતિનો અહેવાલ વગેરે વિગતો કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવા પ્રિન્ટિંગ માટે મોકલી આપી.

**★ ગુરુવાર, તા. ૯-૧૧-૨૦૧૭**

- બાકી રહેતી લાઈબ્રેરીની લગભગ ૪૦૦ બૂક્સનું સેક્શન વાઈઝ વિભાગીકરણ, લિસ્ટ બનાવવાનું વગેરે કામગીરી ચાલુ છે.
- બાકી રહેતી ઉઘરાણી માટે અંદાજિત ૯૦ વ્યક્તિઓને પત્રો મોકલવાનું ચાલુ છે.

**★ સોમવાર, તા. ૧૩-૧૧-૨૦૧૭**

- આજરોજ સામાજિક સુરક્ષા સમિતિની મીટિંગ મળેલ હતી. અશોક મહેતા, જેન્તીભાઈ લાકડાવાલા, હરસુખભાઈ પટેલ તથા અતુલભાઈ સોની ઉપસ્થિત રહેલ હતા. નીતિ નિયમોના દરેક મુદ્દા પર ચર્ચા કરી, જે તે મુદ્દા ફાઈનલ કરવામાં આવ્યા.

**★ મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૧૭**

- સમાજ સુરક્ષા સમિતિની ગઈકાલની મીટિંગનો અહેવાલ સમિતિના દરેક સભ્ય પર મોકલી આપવામાં આવ્યો.

**★ ગુરુવાર, તા. ૧૬-૧૧-૨૦૧૭**

- કચ્છશ્રુતિમાં જાહેરાત આપવા વિવિધ મહાનુભાવોને પત્રો લખીને મોકલી આપવાનું શરૂ કર્યું.

**★ શનિવાર, તા. ૧૮-૧૧-૨૦૧૭**

- શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તેમના હસ્તકનો નવરાત્રિ કાર્યક્રમ સંબંધી આવક-જાવકનો હિસાબ મોકલી આપ્યો.

**★ સોમવાર, તા. ૨૦-૧૧-૨૦૧૭**

- ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની તા. ૨-૧૨-૨૦૧૭ની સંયુક્ત મીટિંગનો સરક્યુલર ટ્રસ્ટ મંડળના બધા સભ્યો તથા કારોબારી સમિતિના બધા સભ્યોને વૉટ્સ ઍપ ઈ-મેઈલ દ્વારા મોકલી આપવામાં આવ્યો.

**★ મંગળવાર, તા. ૨૧-૧૧-૨૦૧૭**

- શ્રી સંજયભાઈ ડાહ્યાભાઈ ઠક્કરના માતુશ્રીની સ્મશાનયાત્રામાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અનેક સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

**★ સોમવાર, તા. ૨૭-૧૧-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણી માટે લગભગ ૬૦ જેટલા રીમાઈન્ડર પત્રો જે તે મહાનુભાવોને મોકલી આપવામાં આવ્યા.

**★ શુક્રવાર, તા. ૧-૧૨-૨૦૧૭**

- આવતીકાલની મીટિંગ માટે ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યોને ફોન કરીને રીમાઈન્ડર આપવામાં આવ્યા.
- રામદેવ નગર વિસ્તારમાં લાયજાની કચ્છી મહિલા કલ્પનાબેન દ્વારા શિલ્પની પ્રતિકૃતિઓ બનાવવામાં આવે છે. તેના કેન્દ્ર "ART O HEART"ની આજે મુલાકાત લીધી હતી. આ કેન્દ્ર શિલ્પની પ્રતિકૃતિઓ માટે બેનમૂન કહી શકાય. કોઈ કલાપ્રેમીના બંગલા માટે ગુજરાતના મોટાભાગના આર્કિટેક્ટસ તથા ઈન્ટિરિયર ડિઝાઈનર્સ આ કેન્દ્રની મુલાકાત લઈ ત્યાંથી શિલ્પની વિવિધ કલાકૃતિઓ ખરીદી જાય છે. આ કેન્દ્રની એક વખત મુલાકાત જરૂરથી લેવી જોઈએ.

**★ શનિવાર, તા. ૨-૧૨-૨૦૧૭**

- આજે સાંજના સમાજની ઓફિસ પર ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ યોજવામાં આવેલ હતી. લગભગ ૧૦ વ્યક્તિ ઉપસ્થિત રહેવા પામેલ હતી. (૧) તા. ૮-૯-૨૦૧૭ની મીટિંગની મિનિટ્સને બહાલ રાખવામાં આવી. (૨) સામાજિક સુરક્ષાની યોજના મંજૂર કરવામાં આવી. (૩) તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ નવરાત્રિ કાર્યક્રમના હિસાબોને મંજૂરી આપવામાં આવી. (૪) સરનામા - ટેલિફોન ડિરેક્ટરીને ઓનલાઈન મૂકવા ચર્ચા કરવામાં આવી. (૫) કચ્છશ્રુતિ જાહેરાત સમિતિ, કચ્છશ્રુતિ સભ્ય નોંધણી સમિતિ અને કચ્છી સમાજ સભ્ય નોંધણી સમિતિના કન્વીનરશ્રીઓની નિમણૂંક કરવામાં આવી. (૬) કચ્છી વિસામો વગેરેના બાકી રહેતા હિસાબોની રજૂઆતને મંજૂરી આપવામાં આવી. (૭) બી.એમ.સી.બી. બેંકમાં ખાતુ ચાલુ રાખવા ઠરાવ કરવામાં આવ્યો. (૮) વોકેશનલ સેન્ટર સ્થાપવાની મંજૂરી આપવામાં આવી. (૯) કૌશલ્ય વર્ધન કેન્દ્રની સ્થાપના અંગે ચર્ચા કરવામાં આવી. ■



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

**INDOTEX PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

**જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)**
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**
**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

**H. Patel & Associates**
Chartered Accountant
*Contact:*
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**
All Products ISI


**વિલમોર પ્લાય પ્રા.લિ.**
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com
સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.
THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)
Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

MAHESHBHAI M. : 92272 11715
**SWASTIK**
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits,*
*Powder & All Types of Textile Thickners,*
*Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ

**કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ**

સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ● ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"

Kailashdan Gadhavi

Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION

**The cage making business is all about precision engineering**

Precisely what our customers need to set the ball rolling !

TAPER ROLLER BEARING CAGES ● SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES ● BALL BEARING CAGES
POLYAMIDE CAGES ● STAMPED AUTO COMPONENTS

HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED

**Harsha Engineers Limited**
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655

MILAP PATEL
+91 9737524821

RII

**RUDANI**
**INNOVATION INDUSTRIES**

INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...

47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર

**કરી લો ઘર આપના પોકેટમાં**
**વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.**

श्री विष्णुधारा @ Gota. HOMES
1 & 2 BHK Apartments

સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯

ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઈમેલ : gurjarprakashan@gmail.com

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी

**सब' मस्त है!**





MICHI'S
Candies & Toffees

Manufacturer & Marketer of Confectionery Products

**JRJ FOODS PVT. LTD.**
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

The Name Says its all

**II Radha Vallabh Group**



**Bonafide Brokers**
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719

Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849

Aryan Agency
Chamanbhai : 9925070719

Jaya Marketing
Hirenkumar : 9879997777

Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/-